MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૨૭-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના મહામારીને ઉકેલવામાં વડાપ્રધાન મોદી દુનિયામાં નંબર વનઃ સર્વે

3 બેન્કોનો મોટો નિર્ણયઃ 3 સુવિધા તમામ ગ્રાહકો માટે ફ્રી કરી

8 ઈટલી અને સ્પેન કરતા ગુજરાતની સ્થિતિ સારીઃ આરોગ્ય સચિવ

12 નર્મદામાં જાહેરનામામાં સમયની કોઈજ સ્પષ્ટતા ન હોવાના કારણે શહેરની દુકાનો બંધ રહી,વેપારીઓ મુંઝવણમાં મુકાયા

કોરોના સંકટ વચ્ચે વડાપ્રધાને મન કી બાત થકી દેશવાસીઓનો જુસ્સો વધાર્યો

કોરોના પડકાર ભારત માટે નવા પરિવર્તનની શરૂઆત છેઃ મોદી

આજે માસ્ક આપણા જીવનનો ભાગ બની રહ્યો છે,સ્વાસ્થ્ય- પોલીસ કર્મચારીઓ માનવતાનું કામ કરી રહ્યા છે,કોરોના સામે દેશ એક ટીમ તરીકે કામ કરે છે,એકબીજાને મદદ કરવાની ભાવના જ દેશને મજબૂત બનાવી રહી છેઃ મોદી

ન્યુ દિલ્હી

કોરોના મહામારી એક પડકાર અને મુશ્કેલી છે. ભારતમાં કોરોના સામેની લડાઇ દેશના લોકો લડી રહ્યાં છે. સૌ કોઈ મુશ્કેલની આ ઘડીમાં પોતપોતાનું યોગદાન આપી રહ્યા છે. કોરોના પડકાર ભારત માટે નવા પરિવર્તનની શરૂઆત છે, અને ભારતમાં એક નવા પરિવર્તની શરૂઆત થઈ ગઈ છે, એમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મન કી બાત કાર્યક્રમમાં આજે જણાવ્યું હતું. તેઓ દર મહિનાના છેલ્લા રવિવારે આકાશવાણી દ્વારા મન કી બાત રજૂ કરતાં આવ્યાં છે. આજે તેમની આ ૬૪મી કડી હતી. જેમાં તેમણે અપેક્ષા મુજબ કોરોના મહામારી ઉપર જ મુખ્યત્વે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

તેમણે જણાવ્યું કે, દેશભરમાં કોરોનાવાયરસને કારણે લોકડાઉન કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં લોકોને વિશેષ અપીલ છે. આજે સમગ્ર દેશ એક લક્ષ્ય અને ઉદ્દેશ સાથે આગળ વધી રહ્યો છે. દેશવાસીઓએ કોરોના સામેની લડાઈમાં કંઈને કંઈ યોગદાન આપવાનું નક્કી કર્યું છે. શહેર હોય કે ગામ તમામ સ્તરે એક મહાન યજ્ઞ ચાલી રહ્યો છે, સૌ કોઈ તેમા કંઈને કંઈક યોગદાન આપી રહ્યા છે. આજે આપણા ખેડૂતો દેશમાં કોઈ ભૂખ્યુ ન સુવે તેની ચિંતા કરે છે. કોઈ ભાડુ માફ કરે છે, કોઈ ખેતરના પાક કે શાકભાજી દાન આપી રહ્યા છે. અન્યોની મદદ માટે જે ભાવના છે તે કોરોના સામેની લડાઈમાં ભારતને શક્તિ આપી રહ્યું છે. હું નમ્રતા સાથે દેશવાસીઓને સર ઝુકાવી નમન કરું છું.

કોરોના પડકાર ભારત માટે નવા પરિવર્તનની શરૂઆત છે, એમ કહીને તેમણે કહ્યું કે, દરેક મુશ્કેલ, પડકાર કંઈને કંઈક શીખવે છે. કેટલીક સંભાવનાના માર્ગ બનાવે છે. નવી દિશા આપે છે. આ કોરોનાની સ્થિતિમાં દેશવાસીઓએ જે સંકલ્પ શક્તિ દર્શાવી છે તે ભારતમાં એક નવા પરિવર્તનની શરૂઆત થઈ છે. આપણી સંસ્થાઓ, સેક્ટરો તથા તમામ

અનુસંધાન પાના નં. ૭

મન કી બાતમાં વડાપ્રધાનના સૂચનો...

હું તમારા પરિવારના સભ્ય તરીકે હું કેટલાક સૂચન આપવા માંગુ છું. આપણે ક્યારેય વધારે પડતા આત્મવિશ્વાસમાં ન આવી જઈએ. આપણા શહેર, ગામ કે વિસ્તારમાં કોરોના પહોંચ્યો નથી અને તે આવશે નહીં એમ માનીને આ ભૂલ ન કરતા. આપણે વિશ્વના અનુભવને ધ્યાનમાં રાખવાનો છે. તે પ્રત્યે લાપરવાહી દાખવવાની નથી. આગ, દેવુ અને રોગને ક્યારેય હળવાશથી ન લો.

રમઝાનમાં પહેલા કરતા વધારે ઈબાદત કરીએ જેથી ઈદ પહેલા કોરોના ખતમ થાયઃ મોદી

ઈટલી અને સ્પેન માટે કરવામાં આવેલું અનુમાન લગભગ સાચું પુરવાર થઈ રહ્યું છે

ભારતમાં ૨૦મે સુધીમાં ખતમ થઇ જશે કોરોનાઃ સિંગાપુર યુનિ.નું રિસર્ચ

સિંગાપુર

ભારતમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. તેનું સંક્રમણ ક્યારે ખતમ થશે તેને લઈને અલગ-અલગ દાવો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સિંગાપુરની એક યુનિવર્સિટીએ સારા સમાચાર આપ્યા છે. ડેટા સાયન્સના માધ્યમથી દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં ૨૦મેની આસપાસ કોરોના વાયરસ ખતમ થઈ શકે છે. નોંધનીય છે કે ભારતમાં હાલ કોરોના સંક્રમણના કારણે ૩ મે સુધી લૉકડાઉન લાગુ છે.

સિંગાપુર યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી એન્ડ ડિઝાઈનએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી કોરોના વાયરસને ફેલાવવાની ઝડપનું વિશ્લેષણ કર્યું છે. યુનિવર્સિટી મુજબ, આ ડેટા દર્દીના સાજા અને સંક્રમિત થવાના આધારે છે. આ વિશ્લેષણ SIRને આધારિત છે. યુનિવર્સિટીએ લગભગ તે તમામ દેશોના ડેટાના આધારે રિસર્ચ કર્યું છે જ્યાં કોરોનાનું વધુ સંક્રમણ છે. ખાસ વાત એ છે કે તેના ડેટા આધારિત ગ્રાફને જોયા બાદ જાણવા

અનુસંધાન પાના નં. ૭

સરકારે વેપારીઓ સાથેની બેઠક બાદ ૪ મહાનગરોમાં ૩મે સુધી બિન આવશ્યક દુકાનો બંધ રહેશે

અનિર્ણિત રૂપાણી સરકારનો યૂ-ટર્નઃ ખુલેલી દુકાનોને ફરીથી બંધ કરાવી

કોરોના સંકટ વચ્ચે ૨૪ કલાકમાં જ રૂપાણી સરકારે માની લીધું કે જાન છે તો જહાન છે

ગાંધીનગર

વર્તમાન કોરોના મહામારીમાં ગુજરાત સરકારના એક ઉતાવળા-અધકચરા-અણઘડ અને કેટલાક અધિકારીઓની વાત નહીં માનીને લેવાયેલા નિર્ણયમાં સરકારને ગણતરીના કલાકોમાં જ યુ-ટર્ન લઈને આજે બિનજરૂરી દુકાનો ખોલવાનો નિર્ણય પાછો ખેંચવાની ફરજ પડી છે. આવશ્યક સેવા સિવાયની તમામ દુકાનો હવે ૩ મે સુધી અગાઉની જેમ જ બંધ રહેશે. સરકારે આજથી છૂટક દુકાનો અને બિનઆવશ્યક સેવાની દુકાનો ખોલવાની જાહેરાત કરી હતી. તે મુજબ આજે આ તમામ દુકાનો ખુલતા લોકોના ટોળેટોળા અને સોશ્યલ ડિસ્ટીંગના નિયમનો સરેઆમ ભંગ તથા સરકારના નિર્ણયની લોકોમાં અને ખુદ ભાજપમાં પણ એક વર્ગમાં આલોચના થતાં છેવટે સરકારે આવશ્યક સેવા સિવાયની દુકાનો બંધ રાખવાની જાહેરાત કરવી પડી છે. આમ જે દુકાનદારો દુકાન ખોલીને લોકડાઉનમાં કંઈક કમાણી કરવાની આશા રાખી રહ્યાં હતા તેના પર ગણતરીના કલાકોમાં પાણી ફરી લ્યું હતું. અને પોલીસ દ્વારા આ દુકાનને બંધ કરાવી દેવામાં આવી હતી. સરકારે પોતાના આ ઉતાવળા નિર્ણયને સાચો ઠેરવવા એવો બચાવ કર્યો કે સ્થાનિક વેપારીઓએ જ ૩ મે સુધી દુકાનો બંધ રાખવાની માંગ કરી હતી. તેથી સરકારે આ દુકાનો બંધ કરાવી છે. નોંધનીય છે કે કેટલાક અધિકારીઓએ ૧૫ મે સુધીમાં બજારો કેસો વધશે એમ કહીને સરકારને આ દુકાનો બંધ જ રાખવાનો ઈશારો કર્યો હતો. પરંતુ સરકારે તેમની ઉપેક્ષા કરીને દુકાનો ચાલુ કરાવી અને ખુલતાની સાથે જ બંધ કરાવી હતી.

ગુજરાતમાં કોરોના વાયરસના કારણે લોકડાઉનમાં દુકાનો ખોલવા અંગે CMO

અનુસંધાન પાના નં. ૭

આ ઉલ્કાપિંડ પૃથ્વી સાથે ટકરાશે નહિઃ નાસા

૨૯ એપ્રિલે પૃથ્વીની નજીકથી પસાર થશે વિશાળકાય ઉલ્કાપિંડ



ન્યુ દિલ્હી

બ્રહ્માંડમાં અવારનવાર ખગોળીય ઘટનાઓ થતી હોય છે ત્યારે આગામી ૨૯ એપ્રિલના રોજ પણ આવી એક અનોખી ખગોળીય ઘટના બ્રહ્માંડમાં થવા જઈ રહી છે. આ દિવસે માઉન્ટ એવરેસ્ટની અડધી ઊંચાઈ બરાબર એક ઉલ્કાપિંડ પૃથ્વીની એકદમ નજીકથી પસાર થશે. જો કે ચિંતાની કોઈ વાત નથી કારણ કે નાસાએ સ્પષ્ટ કર્યું છે કે આ પહાડ જેવડો ઉલ્કાપિંડ પૃથ્વી સાથે ટકરાશે નહીં.

આ ઉલ્કાપિંડ ૪.૧

અનુસંધાન પાના નં. ૭

હોંગકોંગ ટીવી ન્યૂઝ ચેનલે દાવો કર્યો કે કિમ જોંગનું મોત થયુ

અફવાઓનું બજાર ગરમઃ તાનાશાહ કિમ જોંગના મોતની અફવા

બીજિંગ/પ્યોંગયોંગ

નોર્થ કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનની તબિયતને લઈ અટકળોનું બજાર ગરમ છે. અંદાજે ૧૫ દિવસથી 'ગાયબ' કિમ જોંગ ઉન કંઈ સ્થિતિમાં છે તે અંગે અલગ-અલગ દાવા થઈ રહ્યા છે. કેટલાંય ન્યૂઝ રિપોર્ટસ અને એક્સપર્ટસે તો સ્પષ્ટ કહી દીધું છે કે જોંગ ઉન હવે રહ્યા નથી. આ બધાની વચ્ચે એ સંભાવના પણ વ્યક્ત કરાઈ છે કે જો કિમ જોંગનું હકીકતમાં મોત થયું છે તો બની શકે કે સોમવાર સુધીમાં તેની વાસ્તવિકતામાં જાહેરાત કરી દેવામાં આવે. કોરિયામાં સુપ્રીમ લીડરનું મોત મોડા જાહેર કરવાનો ઈતિહાસ પહેલાં પણ રહી ચૂક્યો છે.



હોંગકોંગ ટીવી ન્યૂઝ ચેનલ એચકેએસટીવીના વાઈસ ડાયરેક્ટર કિંગ ફેંગ એ દાવો કર્યો છે કે કિમ જોંગ ઉનનું મોત થઈ ગયું છે. તો જાપાનના એક મેગેઝીન શુકાન ગેંદાઈનું કહેવું છે કે હાર્ટ સર્જરી બાદ કિમ જોંગ બ્રેન ડેડ જેવી અવસ્થામાં છે. જો કિમનું મોત થયું છે તો સત્તાવાર જાહેરાત સોમવારે કરી શકે છે. આની પહેલાં કિમના પિતા કિમ જોંગ ઈલનું મોત થયા બાદ ૪૮ કલાકે જાહેરાત કરાઈ હતી.

૨૦૧૧મા કિમ જોંગ ઈલનું મોત ૧૭મી ડિસેમ્બરના રોજ હાર્ટ એટેકથી થયું હતું અને એલાન ૧૯મી ડિસેમ્બરના રોજ કરાયું હતું. ત્યારે ટીવી પ્રેઝન્ટેટર રી ચુન હી એ તેમના મોતની જાહેરાત કરી હતી. આજે પણ નોર્થ કોરિયામાં

અનુસંધાન પાના નં. ૭

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

757488861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002



ઈસ્લામી પવિત્ર માસ રમજાન શનિવારથી બેસી ગયો છે, પરંતુ લોકડાઉનને કારણે મસ્જિદમાં જવાનું શક્ય ન હોવાથી રોજદારોને નમાઝનો ચોક્કસ સમય જણાવી શકાય તે માટે હૈદરાબાદની એક મસ્જિદની બહાર ઘડિયાળની પ્રતિકૃતિ બનાવી સમય જણાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ભોપાલ ગેસ દુર્ઘટનામાં બચેલા લોકો માટે કાળ બન્યો કોરોનાઃ ૧૦ના મોત

ભોપાલ

૧૯૮૪ના ભોપાલ ગેસ કાંડમાં બચેલા લોકો માટે કોરોના મહામારી કાળ બની ગયો છે. વિશ્વની સૌથી મોટી ઔદ્યોગિક દુર્ઘટનામાં બચેલા લોકો હવે કોરોનાના લીધે પોતાના જીવ ગુમાવી રહ્યા છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં અત્યાર સુધી કોરોનાથી ૧૦ લોકોના મોત થયા છે. આ તમામ લોકો ભોપાલ ગેસ કાંડના પીડિત છે.

ભોપાલમાં કોરોનાથી મોતની રફતાર ધીમી છે. પરંતુ જે લોકોના અત્યાર સુધી ડેથ થયેલા તમામના રિપોર્ટ મોત બાદ પોઝિટીવ આવ્યા છે. ૭૦ વર્ષના ર�favક કુરેશી ભોપાલના પુતલીઘરના રહેવાસી હતા. રાજયની સૌથી મોટી હોસ્પિટલ હમિદિયામાં ૨૨ એપ્રિલના રોજ મોત થયું, શુક્રવારના રોજ તેમનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. રઈક કુરૈશી બ્લડપ્રેશર અને ડાયાબીટસના દર્દી હતા.

વાત એમ છે કે ૧૯૮૪ના ગેસ પીડિતોના શરીર કોવિડ-૧૯થી લડવામાં સક્ષમ નહોતા. આ અકસ્માતમાં તેમના ફેફસાં અને અન્ય અંગ ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા. સાથો સાથ તેમની ઈમ્યુનિટી પણ નબળી હતી. એવામાં આ લોકો કોરોનાની ઝપટમાં વધુ આવી રહ્યા છે. મોટાભાગના ગેસ પીડિત કોરોનાના હોટસ્પોટવાળા વિસ્તારમાં જ રહે છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટે તાજેતરમાં જ ભોપાલ ગેસ પીડિતો માટે બનેલી હોસ્પિટલ બીએમએચઆરસીને નિર્દેશિત કર્યા છે કે અહીં સારવાર માટે આવનાર તમામ દર્દીનો વાયરસ ટેસ્ટ થાય જેથી કરીને તેમની સારવાર થઈ શકે. જ્યારે કોર્ટે એ આદેશ આપ્યો હતો ત્યાં સુધીમાં તો કોરોનાથી ૭ ગેસ પીડિતોના મોત થઈ ચૂકયા હતા. સાથો સાથ તેમની સારવાર એ જાણ્યા વગર ચાલી રહી હતી કે તેમને કોરોના વાયરસ સંક્રમણ હતું. આથી કોર્ટે હોસ્પિટલને સાવચેતીથી સારવારની સુવિધા તાત્કાલિક પ્રદાન કરવાનું કહ્યું હતું.

કોરોનાએ સેનાના ત્રણેય ભાગમાં મર્યાદિત અસર કરી

કોરોનાએ શીખવ્યું છે કે આપણે કેવી રીતે આત્મનિર્ભર થઈ શકીએઃ બિપિન રાવત

ન્યુ દિલ્હી

સમગ્ર દેશ કોરોના વાયરસ સામે સંયુક્ત રીતે લડી રહ્યો છે. વાયરસ દરેક વિસ્તારમાં પહોંચી રહ્યો છે અને હવે તો ભારતીય સેનાનાં જવાનોને પણ તે ચેપગ્રસ્ત કરી ચુક્યો છે. ત્યારે કોરોના સંકટ વચ્ચે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ બિપિન રાવતે કહ્યું કે, સૈન્ય તરીકે અમે કોરોના સામે લડવાની અમારી જવાબદારી માનીએ છીએ. અમે સુનિશ્ચિત કર્યું છે કે, અમારા બધા સૈનિકો સલામત છે, જો અમારા જવાન, સેલર, એરમેન કોરોનાથી સંક્રમિત થયા તો અમે લોકોને કેવી રીતે મદદ કરીશું. કોરોનાએ સેનાનાં ત્રણેય ભાગોને અસર કરી છે, પરંતુ તે ખૂબ મર્યાદિત સંખ્યા છે. શિસ્ત અને ધૈર્યથી અમને આ રોગને રોકવામાં મદદ મળી છે.

જનરલ રાવતે કહ્યું કે, અનેક માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે, જેને આપણે અનુસરવાની જરૂર છે. ધૈર્ય અને શિસ્ત આપણને કોરોના સામેની લડતમાં મદદ કરશે. મને એમ કહીને ખૂબ જ આનંદ થાય છે કે અમારા લોકોએ આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરી છે, તેથી જો કોઈને ચેપ લાગ્યો હોય, તો અમે ખાતરી કરી શકીશું કે તે વાયરસ અન્ય લોકોમાં ફેલાય નહીં. આ સમયે અમે શસ્ત્રો, સાધનો અને દારૂગોળા વગેરે આયાત કરીએ છીએ. પરંતુ જો આપણે આ કામ ઉદ્યોગને આપી શકીએ અને તેમને સંશોધન ક્ષેત્રે કાર્ય કરવા દઈએ, તો આપણે આપણા દેશમાં શસ્ત્રો બનાવવાનું શરૂ કરી શકીએ છીએ.

જનરલ રાવતે કહ્યું કે, કોરોના સંકટ દરમિયાન વૈજ્ઞાનિક અને તબીબી સંશોધનનાં લોકો નવા સંશોધન સાથે આવ્યા છે, જેનાથી મેડિકલની ચીજો તૈયાર થઈ રહી છે અને અમે તેને વિદેશમાં નિકાસ કરી રહ્યા છીએ. તે જબરદસ્ત છે. અમને જે પણ બજેટ આપવામાં આવ્યું છે, તે હેઠળ અમારે કોઈપણ પ્રકારનાં નકામા ખર્ચની બચત કરવી પડશે.

સાજા થયેલા તબલિગી જમાતના લોકો બીજા દર્દીઓ માટે પ્લાઝમા ડોનેટ કરશે

ન્યુ દિલ્હી

દિલ્હીમાં નિઝામુદ્દીન વિસ્તારમાં તબલિગી જમાતના મરકઝમાં સામેલ થયેલા સંખ્યાબંધ લોકો કોરોનાની ચપેટમાં આવ્યા હતા.

આ પૈકીના ઘણા લોકે દેશના બીજા હિસ્સાઓમાં ગયા હતા અને જયાં તેમના થકી કોરોના ફેલાયો હતો.જોકે હવે સારવાર બાદ ઠીક થયેલા તબલિગી જમાતના લોકોએ બીજા લોકોને સાજા કરવા માટે મદદનો હાથ લંબાવ્યો છે.

અહેવાલ પ્રમાણે દિલ્હીના એઈમ્સમાં દાખલ થયેલા તબલિગી જમાતના ૧૨૯ લોકો સાજા થઈ ગયા છે અને હવે તેમણે પ્લાઝમા ડોનેટ કરવાની તૈયારી બતાવી છે.ડોક્ટરોનુ કહેવુ છે કે, મોટાભાગના જમાતના લોકો દિલ્હી બહારના છે.કેટલાક વિદેશી પણ છે.અમે કેવી રીતે તેમના સેમ્પલ લઈશું તેના પર કામ કરી રહ્યા છે.

દિલ્હી સરકારે કોરોનાના દર્દીઓનો પ્લાઝમા થેરાપીથી ઈલાજ શરુ કર્યો છે.જેના સારા પરિણામ પણ મળ્યા છે.આ સારવારમાં સાજા થયેલા દર્દીના પ્લાઝમાને બીજા દર્દીમાં દાખલ કરવામાં આવે છે.જે દર્દીની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે તેવુ મનાય છે.

મિત્રો સાથે જુગાર રમવા ગયો ટ્રક ડ્રાઇવર, ૨૪ લોકો કોરોના પોઝિટિવ

વિજયવાડા

આંધ્રપ્રદેશના વિજયવાડા શહેરમાં લોકડાઉનને કારણે સમય પસાર કરવાના ઈરાદે મિત્રો અને પડોશીઓ સાથે પત્તા રમવાના મામલે ૨૪ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. કૃષ્ણા જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ એ મોહમ્મદ ઈમ્તિયાઝે આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વિજયવાડાના જ બીજા વિસ્તારમાં સમય પસાર કરવા માટે અન્ય એક ટ્રક ડ્રાઈવર દ્વારા ભેગા થયેલાં વધુ ૧૫ લોકો કોવિડ -૧૯નાં દર્દીઓ બન્યા છે. ઈમ્તિયાઝે જણાવ્યું હતું કે પાછલા દિવસોમાં બે ઘટનાઓમાં લગભગ ૪૦ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે ટ્રક ડ્રાઈવર શહેરના કૃષ્ણ લંકા વિસ્તારમાં મિત્રો અને પડોશીઓ સાથે પત્તા રમી રહ્યો હતો જ્યારે મહિલાઓ ગ્રુપમાં તંબોલા રમતી હતી. આ સમયગાળા દરમિયાન, સામાજિક અંતરના અભાવને કારણે, ૨૪ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો. ઈમ્તિયાઝે કહ્યું કે આવી જ ઘટના કર્મિકા નગરમાં બની હતી. ટ્રક ડ્રાઈવરે સામાજિક અંતરનું ઉલ્લંઘન કર્યું હતું, જેના કારણે ૧૫ લોકો કોરોના વાયરસની પકડમાં આવ્યા હતા. વીડિયો મેસેજમાં ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટે કહ્યું કે સામાજિક અંતરનું પાલન ન થવું એ ચેપ વધવાનું કારણ છે. તેમણે ચેપથી બચવા માટે સામાજિક અંતરને અનુસરવાની અપીલ કરી છે. નોંધનીય છે કે વિજયવાડામાં અત્યાર સુધીમાં કોવિડ -૧૯ ના ૧૦૦ જેટલા કેસ નોંધાયા છે.

કોરોના કારણે વિશ્વ હવે ચીનનો વિકલ્પ શોધી રહ્યું છે, ભારત પાસે શ્રેષ્ઠ તક : ગડકરી

ન્યુ દિલ્હી

લોકડાઉનની વચ્ચે ઉદ્યોગ ક્ષેત્રને આશા છે કે, સરકાર તરફથી તેમના માટે મોટી જાહેરાતો કરવામાં આવી શકે છે. એમએસએમઈ ક્ષેત્રની આની ખાસ જરૂર છે. કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીએ જણાવ્યું છે કે, વિશ્વ હવે ચીન સાથે વેપાર કરવા ઈચ્છતું નથી અને તે ભારત માટે એક આશીર્વાદ સમાન છે. જો આનો લાભ ઉઠાવવામાં સફળ થઈએ છીએ તો ૫ ટ્રિલયન ડોલર ઈકોનોમીના સપના પણ પૂર્ણ થઈ શકે છે.

મીડિયા ઈન્ટરવ્યુમાં ગડકરીએ મજૂરો અંગે વાત કરતા જણાવ્યું કે, લોકડાઉનમાં ફસાયેલા લોકોને તેમના વતન જવાની મંજૂરી આપવી જોઈએ. તેમણે જણાવ્યું કે, દુનિયાનો દરેક દેશ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે પરંતુ હાલ કોઈપણ દેશ ચીનની સાથે વેપાર કરવા માગતું નથી. આ ભારત માટે એક આશીર્વાદ છે. આપણા માટે એક તક છે.

નિતિન ગડકરીનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ચીને એફડીઆઈના નિયમોને લઈને ભારત સરકારની ટિકા કરી હતી. ચીને સરકારના આ નિર્ણયને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના નિયમોનું ઉલ્લંઘ ગણાવ્યું હતું.

રાજસ્થાનમાં અત્યાર સુધીમાં ૩૫ લોકોના મોત

રાજસ્થાન હાઈકોર્ટના અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

જયપુર

રાજસ્થાન હાઈકોર્ટના એક અધિકારીનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો છે. આ ઘટના બન્યા બાદ રાજસ્થાન હાઈકોર્ટને ૩ મે સુધી બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો છે. શનિવારના રોજ કોર્ટને સંપૂર્ણ બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો છે. આપને જણાવી દઈએ કે, આ અધિકારી જજ સાથે પણ કામ કરતો હતો. રાજસ્થાનમાં કોરોના વાયરસના સંક્રમણથી ગ્રસિત કુલ કેસમાં ૨ ઈટાલીના નાગરિકો પણ સામેલ છે. ઉપરાંત ૬૧ એવા લોકો પણ સામેલ છે, જેને ઈરાનથી લાવીને જોધપુર અને જેસલમેરની સેનાના આરોગ્ય કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. સમગ્ર રાજસ્થાનમાં ૨૨ માર્ચી બંધ લાગૂ છે અને મોટા ભાગના વિસ્તારોમાં કફર્યુ લાગેલો છે.રાજસ્થાનમાં કોરોના પોઝિટીવની સંખ્યા ૨૧૪૧ સુધી પહોંચી ગઈ છે. શનિવારે સવારે જ એક મહિલાનું આ વાયરસના કારણે મોત થયુ છે. પ્રદેશમાં અત્યાર સુધીમાં ૩૫ લોકોના મોત થયા છે.

કોરોનાના આતંક વચ્ચે બિહારના છપરામાં વીજળી પડતાં ૧૦ લોકોના મોત

છપરા

બિહારના છપરાના મુફસ્સિલ વિસ્તારના ખલપુરા દિયારા વિસ્તારમાં રવિવારે સવારે ઝૂંપડી પર આકાશી વીજળી પડવાના કારણે ૧૦ લોકોના મોત થયા હોવાની માહિતી મળી છે.

બિહારના છપરાના મુફસ્સિલ વિસ્તારના ખલપુરા દિયારા વિસ્તારમાં વીજળી પડતાં ૧૦ લોકોના મોતની માહિતી મળી છે. અહીં લગભગ ૬ લોકો ઘાયલ પણ થયા છે. અચાનક શરૂ થયેલા વાવાઝોડા અને વરસાદના કારણે લોકો એક ઝૂંપડીમાં ભેગા થયા હતા. આકાશીય વીજળી આ ઝૂંપડી પર પડી અને તેમનો ભોગ લીધો.

ઘાયલ લોકોને સ્થાનિક હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા છે. જાણકારી મળતાં જ સિવિલ લર્જન ડોક્ટર સ્થળ પર પહોંચ્યા. આકાશીય વીજળીની ઝપેટમાં આવેલા ઘાયલોની સારવાર તરત જ શરૂ કરવામાં આવી હતી.



અમેરિકાના ન્યૂયોર્કમાં ટાઈમ્સ ક્વેર નજીક લોકો પસાર થઈ રહ્યા છે.

દુનિયાની સૌથી પ્રખ્યાત સર્વે એજન્સી ગેલપએ ૨૮ દેશોની સરકાર પર સર્વે કર્યો

કોરોના મહામારીને ઉકેલવામાં વડાપ્રધાન મોદી દુનિયામાં નંબર વનઃ સર્વે

૯૧ ટકા લોકોનું મંતવ્ય- સારું કામ કરી રહી છે મોદી સરકાર,૪૮ ટકા લોકો ટ્રમ્પના કામથી નાખુશ

ન્યુ દિલ્હી

કોરોના મહામારીના સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કામકાજ પર દુનિયાની એજન્સીઓ સતત મ્હોર મારી રહી છે. દુનિયાની સૌથી પ્રખ્યાત સર્વે એજન્સી ગેલપ એ કોરોના સંકટ કાળમાં ૨૮ દેશોની સરકારના કામકાજ પર સર્વે કર્યો અને આ સર્વેમાં સામે આવ્યું છે કે કોરોના સંક્રમણને ઉકેલવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયાના નંબર ૧ લીડર છે.

ગેલપના મતે સર્વેમાં સામેલ ૯૧ ટકા લોકોના મંતવ્ય છે કે ભારત સરકાર કોરોનાને ઉકેલવામાં સારું કામ કરી રહી છે. ગેલપના સર્વેમાં ભારત સરકારનું રેટિંગ દુનિયાભરની સરકારોમાં નંબર ૧ છે. સર્વેમાં સામેલ ૭૯% લોકોએ એમ પણ કહ્યું છે કે લોકડાઉન વધારવાનો સરકારનો નિર્ણય યોગ્ય હતો.

આપને જણાવી દઈએ કે આની પહેલાં અમેરિકાની એક એજન્સીએ કોરોના સામેની જંગમાં મોદીને દુનિયાના નંબર વન નેતા માન્યા હતા. મોર્નિંગ કંસલ્ટ નામી ગ્લોબલ ટેકનોલોજી અને મીડિયા કંપનીએ માર્ચના મધ્યમાં એક સર્વે કરાવ્યો. આ સર્વેમાં પીએમ મોદીને કોરોનાની વિરૂદ્ધ લડાઈમાં સૌથી મોટા અને પ્રભાવશાળી નેતા ગણાવ્યા.

ત્યારબાદ બ્રિટનની ઓનલાઈન ડિજિટલ અને એનાલિટિક્સ ફર્મ ર્રૂેદ્દએ પોતાના સર્વેમાં કોરોનાને ઉકેલવામાં પીએમ મોદીને દુનિયાના બીજા સૌથી મોટા લોકપ્રિય નેતા મનાય છે.

આ બંને એજન્સીઓ બાદ ગેલપ એ પણ પીએમ મોદીના કામના વખાણ કર્યા છે. ગેલપના સર્વેમાં જયાં ભારતની સરકાર પર સર્વેમાં સામેલ ૯૧ ટકા પ્રજાને વિશ્વાસ છે તો ઓસ્ટ્રિયાની સરકાર પર ત્યાંની ૮૬ ટકા પ્રજાને વિશ્વાસ છે. પાકિસ્તાનમાં પણ ૮૨ ટકા લોકો માને છે કે ઈમરાન ખાન સરકાર કોરોનાની વિરૂદ્ધ સારું કામ કરી રહી છે. ફિલિપાઈન્સમાં ૮૦ ટકા લોકોને સરકારના કામ પર વિશ્વાસ છે.

ગેલપના સર્વેમાં એ પણ સામે આવ્યું કે અમેરિકામાં ૪૮ ટકા લોકોનું મંતવ્ય છે કે સરકારે યોગ્ય કામ કર્યું નથી. થાઈલેન્ડના ૮૧ ટકા લોકો કોરોનાને ઉકેલવામાં સરકારના કામકાજથી નાખુશ છે જ્યારે જાપાનમાં પણ ૬૯ ટકા લોકો સરકારથી નારાજ છે. ભારતમાં ૭૯ ટકા લોકોએ લોકડાઉન વધારવાના સરકારના નિર્ણયથી સહમતિ વ્યકત કરી છે. ભારત એ દેશોમાં પણ સામેલ છે જ્યાં ૯૦ ટકાથી વધુ લોકોએ એ વાતથી અસહમતિ વ્યક્ત કરી છે કે હાલના સંકટમાં લોકતંત્ર પ્રભાવિત નથી.

આગ્રાના મેયરનો યોગીને પત્ર

ભયંકર સ્થિતિ છે, મારા શહેરને વુહાન બનવાથી બચાવી લો

લખનૌ

તાજમહેલના કારણે દુનિયામાં પ્રસિધ્ધ આગ્રા શહેરના મેયરે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને એક ચોંકાવનારો પત્ર લખ્યોય છે.

મેયર નવિન જૈને પત્રમાં લખ્યુ છે કે, આગ્રા શહેર બીજુ વુહાન બની શકે છે, જો તરત જ કાર્યવાહી નહી કરાઈ તો અહીંયા કોરોનાની મહામારી વિકરાળ સ્વરુપ ધારણ કરી શકે છે.

મેયરે તંત્ર દ્વારા થઈ રહેલી સાવ ઢીળી કામગીરીને લઈને સીએમ અને ડેપ્યુટી સીએમને ચેતવણી આપી છે અને શહેમરાં કોરોના વાયરસના મામલા વધી શકે છે તેવી આગાહી કરી છે.તેમણે લખ્યુ છે કે, મારુ શહેર બહુ મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યુ છે.જો આકરા નિર્ણય નહી લેવાય તો સ્થિતિ હાથ બહાર જતી રહેશે.એટલે હું તમને હાથ જોડીને પ્રાર્થના કરુ છું કે, મારા શહેરને બચાવી લો. હવે આ પત્ર સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.મેયરે વધુમાં લખ્ય છે કે, સ્થાનિક તંત્ર નાકામ રહ્યુ છે.હોટસ્પોટ જાહેર કરાયેલા ઝોનમાં પણ દિવસો સુધી ટેસ્ટિંગ થતુ નથી અને નથી દર્દીઓ માટે પાણી અને ભોજનની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

વરુણે કરણ જોહરને કહ્યું તમે બોન્ડ વિલન જેવા લાગો છે

મુંબઈ

કોરોના વાયરસનાં વધતા સંક્રમણને કારણે દેશભરમાં લૉકડાઉન છે, બધા લોકો ઘરમાં બંધ છે. આ દરમિયાન ઘણાં કામો અટકી ગયા છે. બોલિવૂડ સેલેબ્સની વાત કરીએ તો તેઓ પણ પોતાના ગ્લેમરસ અંદાજમાંથી બહાર નીકળીને સામાન્ય માણસની જેમ જીવી રહ્યાં છે. કરણ જોહરે પણ લૉકડાઉનમાં એક નવો લૂક અજમાવ્યો છે. કરણ જોહરે લૉકડાઉનમાં પોતાના સફેદ વાળને રંગ્યા નથી. સફેદ વાળ જ રાખ્યા છે. હાલમાં જ વરૂણ ધવની સાથે લાઈવ ચેટ દરમિયાન કરણ જૌહર સાથે પોતાના સફેદ વાળ અંગે વાત કરી.

કરણ જૌહરે લૉકડાઉન દરમિયાન વરૂણને બર્થ ડે વિશ કરવા માટે લાઈવ ચેટ કરી હતી. આ દરમિયાન તે સફેદ વાળમાં દેખાયો હતો. કરણને આ લૂકમાં જોઈને વરૂણ પણ પહેલા તો હેરાન થઈ ગયો હતો. વરૂણે કહ્યું કે, તે ગ્રે હેરમાં એકદમ બોન્ડ વિલન જેવા લાગે છે. સફેદ વાળ તમને સારા લાગે છે. તો કરણે સામે જવાબ આપ્યો કે, અત્યારે ઘરે જ બેઠા છે. ક્યાંય જવાનું નથી, કોઈને મળવાનું નથી તો થોડા દિવસ વાળને કેમિકલ ફ્રી કરી દઈએ. એટલે જ અત્યારે સફેદ વાળને સફેદ જ રહેવા દીધા છે. કરણે વરૂણને વધુમાં કહ્યું કે, મારા બાળકો પણ મને કહે છે કે હું બુઢ્ઢો લાગું છું.



લોકડાઉનને કારણે પશુ-પક્ષીઓને ખુલ્લા વાતાવરણમાં હરવા-ફરવાની છૂટ મળી છે, પરંતુ ચણ-ખાવાની શોધમાં અનેક પ્રાણીઓ રસ્તાઓ પર ઊતરી આવ્યા હોવાનું જણાઇ રહ્યું છે. આવું જ એક દૃશ્ય ગિરગામ ચોપાટી પર જોવા મળ્યું હતું જ્યાં અનેક કબૂતરો ચણની શોધમાં ભેગા થઇ ગયા હતા.

દુકાનો ખુલશે, પરંતુ મોલ નહીં ખુલે

૩ મે સુધી દિલ્હીમાં લોકડાઉનમા કોઈ છૂટછાટ નહીંઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરીને રવિવારે જણાવ્યું કે, હવે દિલ્હીમાં કોરોના વાયરસના નવા કેસમાં થોડો ઘટાડો નોંધાયો છે જે સારી વાત છે. તેમણે જણાવ્યું છે કે, આ સાથે જ મૃતકોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે અને રીકવરી રેટમાં વધારો થયો છે. તેમણે લોકડાઉન અંગે જણાવ્યું છે કે, દિલ્હીની પ્રજાને ૩ મે સુધી લોકડાઉનમાં કોઈ છૂટછાટ આપવામાં આવશે નહીં.

કેજરીવાલે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે લોકડાઉન માટે કેટલીક જરૂરી વસ્તુઓની દુકાનો પર જે છૂટછાટ આપી છે તે દિલ્હી પણ લાગુ કરવામાં આવે છે પરંતુ કન્ટેનમેન્ટ વિસ્તારમાં કોઈપણ દુકાન ખોલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. અમે પણ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સનું પાલન કરીશું.

આ દરમિયાન કોઈપણ માર્કેટમાં કોઈ દુકાન ખુલ્લી રહેશે નહીં પરંતુ પોળમાં એક-બે દુકાનો ખોલી શકાય છે. આ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન અનિવાર્ય હશે. કેજરીવાલે પ્લાઝમ થેરેપીની સફળતા અંગે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, આના પરિણામો ખૂબ જ ઉત્સાહજનક જોવા મળી રહ્યા છે. દર્દીઓને આનાથી ઘણી રાહત મળી રહી છે. કેજરીવાલે સાજા થઈ ગયેલા દર્દીઓને પ્લાઝમા ડોનેટ કરવાની પણ અપીલ કરી છે.

સંક્રમિતોનો આંકડો ૨૯ લાખને પાર, આર્જેન્ટિનાએ પ્રતિબંધો ૧૦મે સુધી લંબાવ્યા

દુનિયાભરમાં કોરોનાએ બે લાખ લોકોનો ભોગ લીધોઃ બ્રિટનમાં ૨૪ કલાકમાં ૮૦૦ના મોત

કોરોનાને હરાવનાર બ્રિટન વડાપ્રધાન આજથી ઓફિસ જોઈન કરશે

વિશ્વભરમાં કોરોનાના ૨૯.૨૧ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં બે લાખ ત્રણ હજાર ૨૮૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૮.૩૭ લાખ લોકોને સારવાર પછી હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૪૯૪ લોકોએ જીવ ગુમાવ્યા છે, અહીં મૃત્યુઆંક ૫૪ હજાર ૨૬૫ થયો છે. અમેરિકામાં ૯ લાખ ૬૦ હજાર ૮૯૬ લોકો સંક્રમણનો ભોગ બન્યા છે. અહીં ૫૨.૭૯ લાખ લોકોનો ટેસ્ટ કરાયો છે. ટ્રમ્પે ડેઈલી બ્રીફિંગ બંધ કર દીધું છે. કોરોનામાંથી સાજા થયેલા બ્રિટનના પીએમ જોનસન આવતીકાલે ઓફિસ જોઈન કરશે.

મહામારીની શરૂઆતથી જ ક્યુબાએ ઘણા દેશોમાં મેડીકલ ટીમ મોકલી તેની મદદ કરી છે. ક્યુબાએ શનિવારે દક્ષિણ આફ્રિકામાં ૨૧૬ સ્વાસ્થ્ય કર્મચારીની ટીમ મોકલી છે. ક્યુબાએ અત્યાર સુધીમાં ઈટાલી, મેક્સિકો, અંગોલા, જમૈકા, વેનેજુએલા સહિત ૧૯ દેશમાં મેડીકલ ટીમ મોકલી છે. જેમાં કુલ ૯૦૦ ડોક્ટર અને નર્સ છે. હજુ આર્જેન્ટિના અને સ્પેનમાં ટીમ મોકલવાની બાકી છે. ક્યુબાએ ૨૦૦૪માં શ્રીલંકાને સુનામી દરમિયાન અને ૨૦૦૫માં પાકિસ્તાનને ભૂકંપ દરમિયાન મદદ કરી હતી.

જર્મનીમાં લોકડાઉનનો વિરોધ કરનાર ૧૦થી વધારે લોકોની પોલીસે ધરપકડ કરી છે. આ પ્રદર્શનમાં એક હજાર લોકો સામેલ હતા. જર્મનીમાં એક લાખ ૫૬ હજાર પોઝિટિવ કેસ છે અને ૫૮૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કોરોના વાઈરસના કારણે ૨૦ હજારના મૃત્યુઆંકને પાર કરનાર બ્રિટન પાંચમો દેશ બની ગયો છે. અમેરિકામાં ૫૪ હજારથી વધારે લોકોએ, ઈટાલીમાં ૨૬ હજારથી વધારે લોકોએ, સ્પેનમાં ૨૩ હજાર લોકોએ, ફ્રાન્સમાં ૨૨ હજાર ૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે.

બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસન કોરોના સંક્રમણથી સાજા થઈ ગયા પછી સોમવારથી પોતાનું કામકાજ સંભાળી લેશે. તેઓ લંડનની સેન્ટ થોમસ હોસ્પિટલમાં બે સપ્તાહ સુધી દાખલ હતા. કેનેડામા ૨૪ કલાકમાં ૧૦૦ લોકોના મોત થયા છે. અહીં સંક્રમિતોની સંખ્યા વધીને ૪૫ હજાર ૩૫૪ થઈ છે અને ૨,૪૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે.



કોરોના વાયરસનો ફફડાટ અને લોકડાઉન વચ્ચે દિલ્હીવાસીઓના દિવસની શરૂઆત વરસાદ સાથે થઈ હતી. રાજધાની દિલ્હી સહિત કેટલાક વિસ્તારોમાં સવારે વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. વરસાદના કારણે દિલ્હીમાં વાતાવરણ ખુશનુમા જવુ મળ્યુ છે. પરંતુ કોરોનાના વધતા કેસ વચ્ચે આ પ્રકારના વાતાવરણથી કેસ વધે તેવી પણ ચિંતા જોવા મળી હતી.દિલ્હીમાં વાતાવરણ ૪૦ ડિગ્રીની નીચે નોંધાયુ છે, ત્યારે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી હતી.

ચીફ જસ્ટિસ તરીકેનો ચાર્જ લેવા બે જજો કરી રહ્યા છે હજારો કિમીની મુસાફરી..!!

ન્યુ દિલ્હી

લોકડાઉનના કારણે આખો દેશ ઘરોમાં કેદ છે ત્યારે દેશના બે ન્યાયધીશોને ચીફ જસ્ટિસ તરીકે ચાર્જ લેવા માટે હજારો કિલોમીટરની મુસાફરી રોડ માર્ગે કરવાનો વારો આવ્યો છે.

કોલકાતા હાઈકોર્ટના ન્યાયાધીશ દીપાંકર દત્તાને બોમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ચાર્જ લેવાનો છે જ્યારે અલ્હાબાદના જજ વિશ્વનાથ સમદરને મેઘાલયના ચીફ જસ્ટિસ બનાવાયા છે.

આમ દીપાંકર દત્તા પોતાના પુત્ર સાથે કાર લઈને કોલકાતાથી મુંબઈ જવા માટે નિકળ્યા છે. તેઓ અને તેમનો પુત્ર વારા ફરથી કાર ચલાવી રહ્યા છે. જ્યારે જસ્ટિસ વિશ્વનાથ સમદર ડ્રાઈવર સાથે રવાના થયા છે.

જસ્ટિસ સમદર શનિવારે અલ્હાબાદથી કોલકાતા પહોંચ્યા હતા. જ્યાં તેઓ પોતાના સોલ્ટ લેક ખાતેના ઘરે થોડા કલાક આરામ કરવા માટે રોકાયા હતા અને એ પછી મેઘાલય જવા રવાના થયા છે. તેઓ રવિવારે શિલોંગ પહોચશે. જ્યારે જસ્ટિસ દત્તા શનિવારે કોલકાતાથી નિકળ્યા છે અને સોમવારે મુંબઈ પહોંચશે.

એમએસએમઈ માટે આર્થિક પૅકેજ જાહેર કરવાની સોનિયાની માગણી

ન્યુ દિલ્હી

માઈક્રો, સ્મૉલ ઍન્ડ મીડિયમ ઍન્ટરપ્રાઈસ (એમએસએમઈ) માટે આર્થિક પૅકેજ જાહેર કરવાની કૉંગ્રેસનાં પ્રમુખ સોનિયા ગાંધીએ શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એમ કહીને વિનંતી કરી હતી કે આ ક્ષેત્રની સમસ્યાઓની અવગણનાની દેશના અર્થતંત્ર પર વ્યાપક અને વિનાશક અસર પડશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં તેમણે કોરોના વાઈરસને કારણે ફેલાયેલી મહામારીને પગલે દેશભરમાં જાહેર કરવામાં આવેલા લૉકડાઉનને કારણે સમયાઓમાં સપડાયેલા એમએસએમઈમાં સુધારા અંગે સૂચનો પણ કર્યા હતા.

'એમએસએમઈ વૅજ પ્રોટેક્શન' માટે એક લાખ કરોડ રૂપિયાનું પૅકેજ જાહેર કરવાની તેમ જ કટોકટીનાં આ સમયમાં તેમને મદદરૂપ થઈ શકાય તે માટે ૨૪ કલાક સેવા આપતી હૅલ્પલાઈન શરૂ કરવાની તેમણે માગણી કરી હતી.

લૉકડાઉનને કારણે એમએસએમઈ ક્ષેત્રને દૈનિક રૂ. ૩૦,૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે.

ચેતેશ્વર પુજારા સામે બોલિંગ કરવી માથાનો દુખાવોઃ પેટ કમિન્સ

મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના વિશ્વના નંબર વન ઝડપી બોલર પેટ કમિન્સે જણાવ્યું હતું કે ચેતેશ્વર પૂજારા સામે ટેસ્ટ ક્રિકેટમાં બોલિંગ કરવી સૌથી મુશ્કેલ છે. તેણે ભારતના મધ્યમ ક્રમના બેટ્સમેનોને તેની ટીમ માટે સૌથી મોટી માથાનો દુખાવો ગણાવ્યો. પૂજારા ત્રીજા નંબરે સ્થિર બેટિંગ માટે જાણીતો છે. તેણે ૨૦૧૮-૧૯ની ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં ભારતની ઐતિહાસિક જીતમાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી.

ઓસ્ટ્રેલિયન ક્રિકેટર્સ એસોસિએશન(એસીએ) દ્વારા આયોજિત સવાલ જવાબ કાર્યક્રમમાં કયા બેટ્સમેનને બોલિંગ કરવાનું સૌથી મુશ્કેલ લાગે છે તેવો સવાલ પૂછતાં પેટ કમિન્સે પુજારાનું નામ લીધું હતું. તેણે કહ્યું, 'દુર્ભાગ્યે આવા ઘણા બેટ્સમેન છે. પરંતુ હું એવા બેટ્સમેનનું નામ આપીશ જે સૌથી અલગ છે અને તે ભારતનો પુજારા છે. તે અમારા માટે ખરેખર માથાનો દુખાવો હતો.

પાકિસ્તાનમાં કોરોના સંકટ વચ્ચે સેનાએ વડાપ્રધાન ઈમરાન ખાનને સાઈડલાઈન કર્યા

ઈસ્લામાબાદ

કોરોના વાયરસે પાકિસ્તાનમાં પગપેસારો કર્યો છે. દેશમાં અત્યાર સુધી ૧૨ હજારથી વધારે કેસ સામે આવ્યા છે અને ૨૬૫ લોકોના મોત થયા છે. આ મહાસંકટની વચ્ચે પાકિસ્તાનની શક્તિશાળી સેનાએ વડાપ્રધાન ઈમરાન ખાનને સાઈડલાઈન કરી દીધા છે અને સેના પ્રમુખ કમર જાવેદ બાજવાએ આ લડતની કમાન સંભાળી લીધી છે.

પાકિસ્તાનમાં કોરોના વાયરસની સામે લડી રહેલા ડોક્ટરોને કીટ નહીં મળવાને કારણે તેઓ સરકારની વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. ઈમરાન ખાનના કડક નિર્ણય લેવા અને વાયરસને પ્રસારને રોકવા માટે લોકડાઉન કરવામાં નિષ્ફળ રહ્યા બાદ સેના પ્રમુખે ઈમરાન ખાનને સાઈડલાઈન કરી દીધા છે.

જણાવવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાનની સેના એ વાતથી પણ નાખુશ છે કે તેઓ કાશ્મીર મુદ્દે આંતરરાષ્ટ્રીય ધ્યાન ખેંચવામાં નિષ્ફળ રહ્યા છે. એટલું જ નહીં ઈમરાન ખાન એફટીએફની ગ્રે લિસ્ટામાંથી પણ પાકિસ્તાનને બહાર કાઢી શક્યા નથી.

પાકિસ્તાનની પીપલ્સ પાર્ટીના એક સાંસદે નફીસા શાહે જણાવ્યું છે કે, ઈરજન્સીના સમયમાં એક નેતાએ સ્પષ્ટ નિર્ણય લેવાના હોય છે અને તેમને લાગુ કરવાના હોય છે. તમે ડરી શકતા નથી. દક્ષિણ એશિયાના બાબતોના નિષ્ણાંત સઙ્કન ગોહિલે જણાવ્યું છે કે સમગ્ર દુનિયા કડક લોકડાઉનની સલાહ આપી રહી છે. જો વડાપ્રધાન નિર્ણાયક નિર્ણય લે તો કોણ લેશે.

બેંકોનો મોટો નિર્ણયઃ ૩ સુવિધા તમામ ગ્રાહકો માટે ફ્રી કરી

મુંબઇ

એક વાત સ્પષ્ટ છે કે સરકાર હવે કોરોના સંકટનો સામનો કરવા માટે અનેક કામ એકસાથે કરી રહી છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ગરીબો તેમજ સામાન્ય લોકોને રાહત આપવા માટે ઘણા પગલા લીધા છે. લોકો તેમના પોતાના ઘરે છે. સરકાર તેમની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે તમામ પ્રયત્નો કરી રહી છે. તેમાં બેંક દ્વારા મળતા આ લાભ વિશે તમારે ખરેખર જાણવું જોઈએ.

ત્રણ મહિના સુધી કોઈપણ બેંકના એટીએમમાંથી પૈસા ઉપાડવા માટે કોઈ ચાર્જ નહીં

૩૦ જૂન ૨૦૨૦ સુધીમાં કોઈપણ બેંકના એટીએમમાંથી કોઈપણ બેંકના ડેબિટ કાર્ડમાંથી પૈસા ઉપાડવા માટે કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને સરકારે આ પગલું ભર્યું છે. સરકારનો હેતુ છે કે લોકો રોકડ ઉપાડવા માટે તેમના ઘરેથી વધુ દૂર ન જવું પડે અને નજીકના એટીએમમાંથી પૈસા ઉપાડી શકે. આ સિવાયના સામાન્ય દિવસો માટે આરબીઆઈ દ્વારા બહાર પાડેલા નિયમો અનુસાર, બેંકોએ એક મહિનામાં ઓછામાં ઓછા પાંચ ટ્રાજેક્શન ફીમાં કરવા દેવાની છૂટ આપી છે.

ઓછામાં ઓછું બેલેન્સ રાખવાની જરૂર નથી

સેવિંગ બેંક એકાઉન્ટ માટે ન્યૂનતમ બેલેન્સ રદ કરવામાં આવ્યું છે. એટલે કે ૩૦ જૂન ૨૦૨૦ સુધી બેંક ખાતામાં ઓછામાં ઓછું બેલેન્સ જાળવવાની પણ જરૂર નથી. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) એ તેના કરોડો ગ્રાહકોને એક મોટી ભેટ આપી છે. એસબીઆઈએ તમામ પ્રકારના બચત ખાતા પર સરેરાશ માસિક સંતુલન (એએમબી) ની જરૂરિયાત પૂરી કરી દીધી છે.

આનો અર્થ એ થયો કે ગ્રાહકોના ખાતામાં લઘુત્તમ બેલેન્સ રાખવાની તકલીફ સમાપ્ત થઈ ગઈ છે. એસબીઆઈના આ નિર્ણયનો લાભ ૪૪.૫૧ કરોડ ગ્રાહકોને મળશે. આ સિવાય અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણયમાં એસબીઆઈએ બચત બેંક ખાતા પરના તેના વ્યાજ દરને વાર્ષિક ધોરણે ૩૨ ટકા કરી નાંખ્યો છે.

ઓનલાઈન ટ્રાજેક્શન થયું ફ્રી

સરકારી બેંક પીએનબીએ ઈન્ટરનેટ બેંકિંગ અને મોબાઇલ બેંકિંગ દ્વારા કરવામાં આવતા ટ્રાજેક્શન પરના આઇએમપીએસ ચાર્જને સંપૂર્ણપણે નાબૂદ કર્યો છે. પંજાબ નેશનલ બેંકે આ માહિતી આપી છે. પીએનબીએ જણાવ્યું હતું કે, આઇએમપીએસ ચાર્જને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો આ નિર્ણય તાત્કાલિક અસરને જોતા લીધો છે. પંજાબ નેશનલ બેંકના ગ્રાહકો હવે આ નિર્ણય પછી દિવસ દીઠ રૂ .૫૦,૦૦૦ ટ્રાન્સફર કરશે ત્યાં સુધી કોઈ જ ચાર્જ નીં ચૂકવવો પડે. આ પહેલાં આઈએમપીએસ ચાર્જ રૂપે ૫ રૂપિયા + જીએસટી ચૂકવવા પડતા હતા.

સંક્રમિતોનો આંકડો ૯.૫૦ લાખને પાર, સૌથી વધુ અસર ન્યૂયોર્કમાં

અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૫૦૦ના મોતઃ કુલ મૃત્યુઆંક ૫૪ હજારને પાર

વોશિંગ્ટન

વિશ્વભરમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. ત્યારે અમેરિકા સૌથી વધુ પ્રભાવિત બન્યું છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૯૪ લોકોના મૃત્યુ કોરોનાના કારણે થયાં છે. અને ૫૪, ૨૬૫ લોકોના કુલ મૃત્યુ અત્યાર સુધી કોરોનાના કારણે થયાં છે. અમેરિકામાં અત્યાર સુધી ૯,૬૦, ૦૦૦ થી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. વિશ્વની આ મહામારી વચ્ચે અમેરિકામાં વધતા જતાં કેસ એ ચિંતાનું કારણ બની રહ્યું છે.અને સૌથી વધારે મૃત્યુ અને કોરોના પોઝિટિવ કેસ ન્યૂયોર્કમાં નોંધાયા છે.

ઉત્તર અમેરિકા ખંડમાં પણ કેસની સંખ્યા ૧૦ લાખને પાર થઈ છે. એમાં એકલા અમેરિકામાં જ સવા નવ લાખથી વધારે કેસ છે. બીજા ક્રમે કેનેડા છે જ્યાં ૪૪ હજાર જેટલા કેસ નોંધાયા છે. એ પછી મેક્સિકોમાં ૧૩ હજાર અને ડોમિનિક રિપબ્લિકમાં પોણા છ હજાર કેસ નોંધાયા છે.ઉત્તર અમેરિકા ખંડનો કુલ મૃત્યુઆંક ૫૬ હજારથી થોડો વધારે છે. ઈટાલીમાં મે મહિનાના પહેલા અઠવાડિયાથી લૉકડાઉનમાં રાહત આપવાની શરૂઆત થશે. એ વખતે સરકાર લોકોને વિનામૂલ્યે માસ્ક આપશે. જેથી સલામતી જાળવી શકાય.

જોકે અમેરિકા ચેપના ફેલાવાથી મુક્ત થઈ રહ્યું હોય એવુ સંશોધકો માને છે. એટલે કે જેટલો ચેપ ફેલાવો હતો એટલો ફેલાઈ ગયો, હવે ધીમો પડવાનો સયમ શરૂ થઈ ગયો છે. પરિણામે અમેરિકામાં લૉકડાઉન હળવું કરવાની તથા ઉદ્યોગ-ધંધા ફરીથી ધમધમતા કરવાની હિલચાલ તેજ બની છે.અમેરિકાના જ્યોર્જિયા, ઓકલાહામા અને અલાસ્કા રાજ્યોએ તો લૉકડાઉનમાં છૂટછાટ આપી પણ દીધી છે. અમેરિકામાં સૌથી વધુ કેસ જ્યાં છે એ ન્યુયોર્ક રાજ્યમાં આ અઠવાડિયના સૌથી ઓછા ૪૨૨ મોત ગુરુવારે નોંધાયા હતા.

બ્રાઝિલના રાષ્ટ્રપતિ કોરોનાને સામાન્ય ફ્લૂ માનતા પરંતુ પોતાના દેશમાં જ સ્થિતિ ગંભીર

બ્રાઝિલ

બ્રાઝીલમાં હવે કોરોના વાઈરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. ત્યાં જ સંક્રમિત લોકોની સંખ્યા ૫૪,૦૪૩ થઈ ચુકી છે અને ૩૭૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. તમને જણાવી દઈએ કે બ્રાઝીલની આબાદી ફક્ત ૨૧ કરોડ છે. એક ન્યૂઝ એજન્સીના રિપોર્ટ અનુસાર લેટિન અમેરિકાનો સૌથી મોટો દેશ કોરોના વાઈરસનું નવું હોટસ્પોટ બની શકે છે. સંક્રમિત લોકોના કેસ વધવાના કારણે અહીં હેલ્થ સિસ્ટમના ૭૫ પડવાનો ખતરો પણ ઉભો થઈ ગયો છે.

બ્રાઝીલના રાષ્ટ્રપતિ પર એવો આરોપ લાગ્યો છે કે તેમણે કોરોનાને ગંભીરતાથી નથી લીધો. રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારોએ કોરોનાને મામુલી ફ્લૂ જેવી બિમારી ગણાવી હતી. ત્યાં જ બ્રાઝીલના મનોસ નામનું શહેર કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત થયું છે. પહેલા જ્યાં રોજ ૨૦થી ૩૦ મોત થઈ રહી હતી ત્યાં હવે કોરોનાના કારણે રોજ ૧૦૦થી વધુ મોત થઈ રહી છે. રોજ હજારોની સંખ્યામાં મોત થવા પર મનોસના મેયર વર્જિલિઓ નેતાએ તેને હોરર ફિલ્મનું દ્રશ્ય ગણાવ્યું છે. શહેરમાં સામુહિક કબ્રસ્તાન તૈયાર કરવામાં આવ્યા છે જેથી મોટી સંખ્યામાં મૃત લોકોને દફનાવી શકાય. બ્રાઝીલના મનોસ શહેરમાં ડેથ રેટ દેશમાં સૌથી વધુ છે. મેયરે એવો પણ ડર જતાવ્યો છે કે ક્યાંક લોકોના ઘરોમાં જ મોત ન થઈ જાય અને અન્ય મેડિકલ કેયર નથી મળી શકી. એવામાં મોતના અસલ આંકડા વધુ હોઈ શકે છે. મનોસ શહેર બ્રાઝીલના એમેઝોન રાજ્યમાં છે. કોરોના વાઈરસના કારણે અહીં રહેનાર જનજાતિઓ પર પણ ખતરો છે. તમને જણાવી દઈએ કે શનિવાર સાંજ સુધીમાં કોરોના વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૨૮ લાખ ૨૨ હજારથી વધુ થઈ ચુકી છે. ત્યાં જ એક લાખ ૯૭ હજારથી વધુ લોકોની મોત પણ થઈ ગઈ છે.

તંત્રી લેખ

મંદિર નિર્માણ તરફ

અયોધ્યામાં રામમંદિર બનાવવાને લઇને કેન્દ્ર સરકારે એક મોટી જવાબદારી પૂર્ણ કરી લીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે થોડાક સમય પહેલા લોકસભામાં આ અંગે માહિતી આપતા કહ્યુ હતુ કે કે ટ્રસ્ટનુ નામ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર રાખવામાં આવ્યુ છે. વિવાદમુક્ત થયેલી જગ્યા સહિત અયોધ્યામાં સરકાર દ્વારા અધિગૃહિત ૬૭ એકર જમીન આ ટ્રસ્ટને આપી દેવામાં આવનાર છે. ૧૯૯૨માં બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવ્યા બાદ જ્યારે વિવાદ વધી ગયો ત્યારે ૧૯૯૩માં અયોધ્યામાં વિવાદાસ્પદ સ્થળ સહિત આસપાસની આશરે ૬૭ એકર જમીનનુ કેન્દ્ર સરકારે અધિગ્રહણ કરી લીધુ હતુ. ત્યારબાદથી આ જમીન કેન્દ્ર સરકારની પાસે હતી. કેન્દ્ર દ્વારા રામ મંદિર ટ્રસ્ટને મંજુરી આપી દેવામાં આવ્યા બાદ ઉત્તરપ્રદેશની યોગી સરકારે અયોધ્યાથી આશરે ૨૨ કિલોમીટરના અંતરે રૌનાહીમાં સુન્ની વક્ફ બોર્ડને પાંચ એકર જમીન આપવાની જાહેરાત કરી દેવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે નવેમ્બરમાં ચીફ જસ્ટીસ રંજન ગોગાઇના નેતૃત્વમા પાંચ જજની બેંચે સર્વસંમતિથી પોતાના ઐતિહાસિક નિર્ણયમાં વિવાદાસ્પદ જમીન પર રામલલાનો અધિકાર ગણાવ્યો હતો. સાથે સાથે આ જમીન રામમંદિર માટે આપી દીધી હતી. જ્યારે મુસ્લિમ પક્ષને અયોધ્યામાં જ મસ્જિદ બનાવવા માટે અન્યત્ર જમીન આપવાનો આદેશ કર્યો હતો. સાથે સાથે કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યુ હતુ કે રામ મંદિર માટે ત્રણ મહિનામાં એક ટ્રસ્ટની રચના કરવામાં આવે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ હવે કેન્દ્ર સરકારે ટ્રસ્ટ રચવાને લીલીઝંડી આપી દીધી છે. સરકારે સુપ્રીમ કોર્ટના આદેશને અમલી કરીને મંદિર નિર્માણ માટેનો માર્ગ મોકળો કરી દીધો છે. જો કે કેટલીક દુવિધા હજુ પણ અકબંધ રહેલી છે. સરકારે ટ્રસ્ટમાં રહેલા સભ્યોના નામ હજુ સુધી જાહેર કર્યા નથી. પરંતુ આશા રાખી શકાય છે કે વિચારીને જ સભ્યોની પસંદગી કરી હશે. હકીકતમાં સુપ્રીમ કોર્ટનો આદેશ આવ્યા બાદ જે રીતે પ્રમુખ સંતો અને સંબંધિતોમાં સંઘર્ષની સ્થિતી રહી હતી અને જે રીતે કેટલાક ગ્રુપ દ્વારા પોતાની દાવેદારી રજૂ કરી હતી. સાથે સાથે આરોપ પ્રતિ આરોપોનો દોર ચાલ્યો હતો. એમ લાગે છે કે મંદિરની સાથે અનેક પક્ષોની આશા જોડાયેલી છે. સાથે સાથે ટ્રસ્ટમાં પોતાની વધુને વધુ હિસ્સેદારી ઇચ્છે છે. જોવાલાયક બાબત એ છે કે રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્રમાં આ દાવેદારી વચ્ચે કેટલુ સંતુલન રહી શક્યુ છે. મુશ્કેલ પક્ષની સાથે પણ રહેલી છે. ચુકાદો આવ્યા બાદ તરત જ સુન્ની વક્ફ બોર્ડના બે સભ્યોએ કહ્યુ હતુ કે મસ્જિદ માટે અલગ અલગ જગ્યા આપવામાં ન આવે. આજની તારીખમાં બોર્ડની સ્થિતી શુ છે તે અંગે માહિતી નથી. આ અંગે પણ માહિતી નથી કે યુપી સરકારે મસ્જિદ માટે જમીન નક્કી કરતી વેળા મુસ્લિમ પક્ષની માહિતી મેળવીછે કે કેમ. સારી બાબત એ રહેશે કે મસ્જિદ બનાવવા માટે ઇચ્છુક લોકોને પણ તેમની જમીન પસંદ પડે. આવુ થશે તો જ લાંબા સમયથી ચાલી રહેલા એક મોટા વિવાદનો સુખદ અંત થઇ શકે છે. રામમંદિર માટે એક સ્વાયત્ત ટ્રસ્ટ બનાવવાને લીલીઝંડી આપી દેવામાં આવી છે. સંસદમાં આ અંગેની નરેન્દ્ર મોદીએ જાહેરાત કરીને તમામને ઉત્સાહથી ભરી દીધા હતા.

કિમ જોંગ હવે જીવિત નથી : નિષ્ણાંતો દ્વારા દાવો કરાયો છે

લીડર કિમ જોંગ જીવિત છે કે કેમ ?

ઉત્તર કોરિયાના લીડર કિમ જોંગ ઉન હવે જીવિત છે કે કેમ તેને લઇને કેટલાક પ્રકારના હેવાલ આવી રહ્યા છે. કેટલાક નિષ્ણાંતો તો અહીં સુધી કહી રહ્યા છે કે કિમ જોંગ હવે જીવિત નથી. કિંમ જોંગ રહ્યા નથી. તેમની તબિયતને લઇને કેટલાક પ્રકારની માહિતી સપાટી પર આવી રહી છે. નિષ્ણાંતોએ તો અહીં સુધી કહ્યુ છે કે કિમ જોંગ ગુજરી ચુક્યા છે. કિમ જોંગને લઇને અટકળો વધારે ગંભીર બની ચુકી છે. એકબાજુ ચીને પોતાની તબીબોની ટીમને કોરિયા મોકલી છે. ઉત્તર કોરિયા પોતાની માહિતી દુનિયાથી છુપાવવા માટે ખુબ લોકપ્રિય છે. તેના વિવાદ દુનિયામાં જાણીતા રહ્યા છે. હાલમાં જ ઉત્તર કોરિયાએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેના ત્યાં કોરોના વાયરસના કોઇ કેસ થયા નથી. કિમ જોંગ હાલમાં ક્યાં છે અને કેવી સ્થિતીમાં છે તે અંગે માહિતી જાહેર કરવામાં આવી રહી નથી. પૂર્ણ વાસ્તવિકતા શુ છે તે અંગે કોઇની પાસે માહિતી નથી. કોરિયન પેનિનસુલર નિષ્ણાંતોએ કહ્યુ છે કે કિમ જોંગ હવે જીવિત નથી. હકીકતમાં કિમ જોંગે ઉત્તર કોરિયાના વહીવટીતંત્રના એક સુત્રને ટાંકીને આ મુજબની માહિતી આપી છે. સુત્રોએ કહ્યુ છે કે કિમની તબિયત હવે એવી છે કે તેઓ ક્યારેય સ્વસ્થ થશે નહીં. જોંગે આનો અર્થ એજ કહ્યુ છે કે જોંગ હવે રહ્યા નથી. તેમના કહેવા મુજબ કિમ જોંગ હવે જીવિત છે કે કેમ તેનો જવાબ આપ્યો નથી. કિમ જોંગની તબિયત ખરાબ થવાની સાથે જ તેમના ઉત્તરાધિકારની ચર્ચા શરૂ થઇ ગઇ હતી. નિષ્ણાંતોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો કિમની નાની બહેન કિમ યો જોંગ કિમના પુત્રને શાસક તરીકે જાહેર કરીને પર્દા પાછળ સત્તા સંભાળી શકે છે. હકીકતમાં કિમના પુત્રની વય ૧૦ વર્ષની છે.અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને અન્યોને પણ પાકી માહિતી મળી રહી નથી. ટ્રમ્પનુ કહેવુ છે કે રિપોર્ટ જુદા જુદા આવી રહ્યા છે પરંતુ વાસ્તવિકતા શુ છે તે સંબંધમાં માહિતી મળી શકી નથી. દુનિયાના શંકા તો થોડાક દિવસ પહેલા જ થઇ ગઇ હતી. કિમ અંગે હાલમાં એવા હેવાલ આવ્યા હતા કે કાર્ડિયોવેસ્કુલરના કારણે હાલમાં તેમના પર એક ઓપરેશન કરવામાં આવ્યુ હતુ. કિમ જોંગની સર્જરી



ઉત્તર કોરિયામાં હાલમાં શુ ચાલી રહ્યુ છે તેની કોઇની પાસે માહિતી નથી જેથી માત્ર અટકળો : દુનિયાની નજર ઉત્તર કોરિયા પર કેન્દ્રીત થઇ

કરવામાં આવ્યા બાદ તેમની તબિયત વધારે બગડી ગઇ હતી.કિમ જોંગ ખુબ વધારે પડતા પ્રમાણમાં સ્મોકિંગ કરતા હતા. તેમને સ્થુળતાની પણ બિમારી રહેલી હતી.કિમ જોંગઉનને છેલ્લે ૧૧મી એપ્રિલના દિવસે જોવામાં આવ્યા હતા. એટલુ જ નહીં બલ્કે કિમ જોંગ પોતાના દાદાના જન્મદિવસ પર યોજાયેલા કાર્યક્રમમાં પણ ૧૫મી એપ્રિલના દિવસે નજરે પડ્યા ન હતા.કિમ જોંગ ઉનની હાલમાં હયાંગસાન વિસ્તારમાં આવેલા એક વિલામાં સારવાર ચાલી રહી છે. કિમ બ્રેન ડેડ થયા છે કે કેમ તેને લઇને અમેરિકી અધિકારીઓ તરફથી કોઇ માહિતી આપી નથી. ગુમચર રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર કોરિયાથી યોગ્ય અને પાકી માહિતી મળે તેવી શક્યતા ઓછી છે. કિમ જોંગ ઉનની ઉત્તર કોરિયામાં તો કોઇ ભગવાનની જેમ પુજા થાય છે. જેથી માહિતી ખુબ મુશ્કેલીથી આવી રહી છે. જાણકાર લોકો તો એમ પણ કહે છે કે પહેલા પણ કિમ જોંગ ઉન અથવા તો તેમના પિતાના સંબંધમાં કેટલીક ખોટી માહિતી આવતી રહી છે. અમને હાલમાં રાહ જોવાની જરૂર છે. આ પહેલા વર્ષ ૨૦૦૮માં કિમ જોંગ ઉનના પિતા કિમ જોંગ-૨ના ઉત્તર કોરિયાના ૬૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં નજરે પડ્યા ન હતા. જેના કારણે અટકળો તીવ્ર બની ગઇ હતી. મોડેથી ખુલાસો કરવામાં આવ્યો હતો કે કિમ જોંગ ઇલને હાર્ટ અટેક થયો હતો. ત્યારબાદ તેમની તબિયત ખરાબ થઇ ગઇ હતી. વર્ષ ૨૦૧૧માં તેમનુ અવસાન થયુ હતુ. કિમ જોંગ એક શક્તિશાળી નેતા તરીકે છાપ ધરાવતા હતા. અમેરિકા સહિતના દેશોની વારંવાર ચેતવણી છતાં ઉત્તર કોરિયાએ તેના તમામ પરમાણુ કાર્યક્રમ જારી રાખ્યા હતા. સંબંધો લખુબ ખરાબ થયા બાદ કેટલાક દેશોની મધ્યસ્થીના કારણે કિમ જોંગ અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે બેઠક યોજાઇ હતી. પ્રથમ બેઠક તેમની વચ્ચે સફળ રહી હતી. ત્યારબાદ તેમની વચ્ચે બીજી બેઠક પણ યોજવામાં આવી હતી. જે સફળ સાબિત થઇ ન હતી. જો કે બંને દેશો ત્યારબાદ મિત્રતા વધારી દેવાની દિશામાં વધ્યા હતા. ઉત્તર કોરિયાએ કેટલાક મુદ્દા પર અમેરિકાની સાથે સહમતી પણ દર્શાવી હતી.

કિમ યો જોંગ હવે સત્તા સંભાળે તેવા સાફ સંકેતો

કિમ જોંગનો પુત્ર ૧૦ વર્ષનો

કિમ જોંગની તબિયત થોડાક દિવસ પહેલા જ ખરાબ થવાની ચર્ચા શરૂ થયા બાદ તેમના ઉત્તરાધિકારી કોણ રહેશે તેની ચર્ચા છેડાઇ ગઇ હતી. ઉત્તર કોરિયાના મોટા ભાગના જાણકાર લોકો માની રહ્યા છે કે કિમની નાની બહેન કિમ યો જોંગ હાલમાં કિમના પુત્રને શાસક તરીકે જાહેર કરીને પરદા પાછળથી સત્તા સંભાળી શકે છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે કિમનો પુત્ર હાલમાં ૧૦ વર્ષનો છે. થોડાક દિવસ પહેલા જ યો જોંગને કેન્દ્રિય સમિતીમાં મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારબાદથી જ અટકળો વધી ગઇ હતી.ઉત્તર કોરિયાનુ નેતૃત્વ હવે કોણ કરશે. આ પ્રકારના આવી રહેલા એક અહેવાલ વચ્ચે જે નામ સૌથી ઉપર આવી રહ્યુ છે તે તેમની નાની બહેન કિમ યો જોંગનુ છે. ઉત્તર કોરિયાના લીડરની ખરાબ સ્થિતી અંગેના સંકેત એ વખતે મળી ગયા હતા જ્યારે થોડાક દિવસ પહેલા કિમ જોંગ ઉનની શક્તિશાળી નાની બહેન કિમ યો જોંગની નિર્ણય લેનાર પ્રમુખ એકમમાં ફરીથી પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ દુનિયાથી અલગ પડી ગયેલા આ રાષ્ટ્રમાં કિમ યો જોંગનુ કદ વધી ગયુ હતુ. મુશ્કેલ સમયમાં ભાઇની લાંબા સમયથી નજીકની સલાહકાર તરીકે રહેલી કિમ યો યોંગને ટોપના અધિકારીઓના હોદ્દામાં થયેલા ફેરફાર વચ્ચે કેન્દ્રિય સમિતિમાં રાજકીય બ્યુરોમાં ફરીથી વૈકલ્પિક સભ્ય તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. એમ કહેવામાં આવે છે કે બહેનની બીજી વખત નિમણૂંક અંગે નિર્ણય લેવામાં આવ્યા બાદ બેઠકનુ નેતૃત્વ પોતે કિમ જોંગ ઉન દ્વારા કરવામાં આવ્યુ હતુ. કિમ યો જોંગને ગયા વર્ષે તેમના બાઇ અને ઉત્તર કોરિયાના સૌથી શક્તિશાળી નેતા તેમજ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે હનોઇમાં બીજી શિખર બેઠક ફ્લોપ રહ્યા બાદ તેમના



હોદ્દા પરથી દુર કરવામાં આવ્યા હતા.કિમ યો જોંગની બહાલી ઉત્તર કોરિયાના પદક્રમમાં તેમના સ્થાનને ટોપ પર લઇ જવાની બાબત દર્શાવે છે. કિમની જેમ તેમની બહેન પણ અનેક રીતે કુશળતા ધરાવે છે.કિમ યો જોંગ હાલના સુપ્રીમ લીડરની બહેન તરીકે છે. ૨૬મી સપ્ટેમ્બર ૧૯૮૮માં તેનો જન્મ થયો હતો. એમ કહેવામાં આવે છે કે તે અને તેના ભાઇ વચ્ચે ખુબ નજીકના સંબંધ છે. સાથે અભ્યાસના ગાળા દરમિયાન તેમના સંબંધ ક્લોઝના રહ્યા હતા. તેમના પિતા કિમ જોંગ-૨ તેમના પિતા કિમ-૨ સંગના પ્રભુત્વથી દુર કરવા માટે તેમના બાળકોને સ્વીસમાં મોકલી દીધા હતા. કિમ યો જંગ કિમ-૨ સંગ મિલેટરીમાં પણ અભ્યાસ કરી ચુકી છે. તે કોમ્પ્યુટર સાયન્સમાં અભ્યાસ કરી ચુકી છે. કિમ યો સૌથી પહેલા ડિસેમ્બર ૨૦૧૧માં જાહેરમાં ચર્ચામાં આવી હતી. એમ કહેવામાં આવે છે કે ભાઇની કલ્ટ પર્સનાલિટીમાં તેની બહેનની ભૂમિકા સૌથી મોટી રહેલી છે.

દાંતને પણ નુકસાન કરે છે રિસર્ચમાં દાવો કરાયો

ટુથપેસ્ટ પણ ઝેર પહોંચાડે છે

સવારે ઉઠીને અમે જે ટુથપેસ્ટથી બ્રસ કરી રહ્યા છીએ તે અમારી અંદર ઝેર પહોંચાડે છે. એક ટૂથપેસ્ટમાં નવ સિગારેટ જેટલું નિકોટીનનું પ્રમાણ હોઈ શકે છે. દિલ્હી સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ એન્ડ રિસર્ચે પોતાની તપાસમાં આ મુજબનો ઘટસ્ફોટ કર્યો છે. આ સંસ્થાએ કહ્યું છે કે તમામ ટુથપેસ્ટ બનાવટી કંપનીઓ લોકોના દાંતને ખરાબ કરવાની પ્રક્રિયામાં જોડાયેલી છે. આ સંસ્થાના પૂર્વ અધિકારી અને પ્રોફેસર એસ એસ અગ્રવાલે જણાવ્યું છે કે બજારમાં ઉપલબ્ધ તમામ ટોચની કંપનીઓના પેસ્ટને લઈને તપાસ કરવામાં આવી ચૂકી છે. આમાંથી ૧૧ પેસ્ટ અને દાતમંજનમાં નિકોટીનનું પ્રમાણ અપેક્ષા કરતાં વધારે જોવા મળ્યું છે. પેસ્ટમાં યુઝીનોલ અને ટારનું પ્રમાણ પણ ખૂબ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ફ્લોરાઈડનું પ્રમાણ પણ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ઘણા પેસ્ટ અને દાંતમંજનમાં ૧૮ મિલીગ્રામ સુધી નિકોટીનનું પ્રમાણ જોવા મળ્યું છે. એક સિગારેટમાં ૨થી ૩ મિલીગ્રામ નિકોટીનનું પ્રમાણ રહે છે. આ રીતે જોવા જઈએ તો પેસ્ટમાં ૮થી ૯ સિગારેટ સમાન નિકોટીનનું પ્રમાણ રહે છે. નિકોટીન ડિમાગને તાજગી ઉપલબ્ધ કરાવે છે પરંતુ તેની આડ અસરો પણ રહેલી છે. યુઝીનોલ પીડાને ઘટાડે છે. મોટાભાગની કંપનીઓ દાંતમાં રહેતી પીડાને દૂર કરવા માટે આનો ઉપયોગ કરે છે પરંતુ હાર્ટની ધમની પર તેની માઠી અસર થાય છે. ટૂથપેસ્ટમાં સામેલ ટાર કેન્સર માટે મોટું કારણ હોઈ શકે છે. પેટ ઉપર પણ તેની પ્રતિકૂળ અસર થાય છે. આનાથી ભૂખનું પ્રમાણ ઘટી જાય છે. ટૂથપેસ્ટને લઈને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં ઘણી અન્ય બાબતો પણ જાણવા મળી છે જેમાં વધુ અભ્યાસ કરવામાં આવશે.

સમગ્ર દુનિયાને હચમચાવી મુકનાર કોરોનાથી દરેક ક્ષેત્રને અસર

લોકડાઉન મહિલાઓ માટે પિડાજનક

છેલ્લા કેટલાક સમયથી કોરોના વાયરસના કારણે સમગ્ર દુનિયામાં હાહકાર મચેલો છે. તેના પરિણામ સામાન્ય રીતે દરેક ક્ષેત્રમાં જોવા મળી રહ્યા છે. જો કે લોકડાઉનના કારણે પુરૂષો વિશેષરીતે પ્રભાવિત થઇ રહ્યા છે. જેના કારણે બહારની દુનિયામાં વિચરણ કરનાર પુરૂષ ઘરની દિવાળની અંદર પોતાને મુશ્કેલીમાં હોવાનો અનુભવ કરે છે. તે ટેન્શન અને ડિપ્રેશનની તરફ આગળ વધી રહ્યો છે. જેના કારણે હાલમાં સ્થાનિક હિસાના બનાવોમાં વધારો થયો છે. અમેરિકાની ડીસી સેફ નામની સંસ્થાએ કહ્યુ છે કે છેલ્લા બે સપ્તાહમાં તેની પાસે આવનાર સ્થાનિક હિંસા સાથે જોડાયેલા ફોન કોલ્સની સંખ્યામાં બે ગણો વધારો થયો છે. વોશિંગ્ટન પોસ્ટમાં પ્રકાશિત કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ઓસ્ટ્રેલિયમાં આવા મામલાની સંખ્યા ૪૦ ટકા સુધી વધી ગઇ છે. અમેરિકામાં સ્થાનિક હિંસાના મામલાને જોનાર વકીલોએ સ્થાનિક તંત્રને હવે ચેતવણી પણ જારી કરી દીધી છે. બીજી બાજુ ૨૦ રાજ્યોના સિનેટરોને ટ્રમ્પ વહીટવટીતંત્રને સ્થાનિક હિંસાના મામલાને હાથ ધરનાર સંસ્થાઓને રાહત આપવાની માંગ કરી છે. પિડિતો સુધી સરળતાથી પહોંચી શકે તે માટે આ પ્રકારની માંગ કરવામાં આવી છે. અમેરિકાના રોગ નિયંત્રણ અને રોકથામ કેન્દ્ર દ્વારા કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ચાર પૈકી એક મહિલાને પોતાના સાથી દ્વારા હાલમાં ગંભીર શારરિક હિંસાનો સામનો કરવો પડી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના રાજય ન્યુ સાઉથવેલ્સમાં લોકડાઉનના દોરમાં સ્થાનિક હિંસાના મામલામાં ૪૦ ટકા સુધીનો વધારો થયો છે. આમાંથી એક તૃતિયાંશ મામલા એવા છે જેમાં કોરોનાના સીધા સંક્રમણને લઇને હિંસા થઇ છે. કેટલાક પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ કરવામાં આવેલા કેસોની સંખ્યામાં બે ગણો વધારો થયો છે. આવી સ્થિતીને ધ્યાનમાં લઇને ઓસ્ટ્રેલિયાની સરકારે ૧૫ કરોડ ડોલરની રકમ માત્ર સ્થાનિક હિંસાના મામલાને ઉકેલવા માટે રાખી છે. ભારતની વાત કરવામાં આવે તો ૨૧ દિવસના દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરવામાં આવ્યા બાદ માર્ચથી સ્થાનિક હિંસામાં વધારો જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રીય મહિલા આયોગના કહેવા મુજબ લોકડાઉન બાદ પ્રથમ સપ્તાહમાં સ્થાનિક હિંસાના ૬૯ મામલા આવ્યા છે. આ એ સંખ્યા છે જે મહિલા પંચ સુધી પહોંચી છે. આવી હજારો મહિલાઓ પણ છે જે ઘરમાં મુશ્કેલી અનુભવી રહી છે. પરિવારની પ્રતિષ્ઠા, બાળકોના ભાવિને લઇને આ મહિલાઓ વધારે સાવધાન હોવાથી મુશ્કેલીનો સામનો કરી રહી છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૨૦૧૪-૧૫ના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ૧૫થી ૪૯ વર્ષની વયની ૫૧ ટકા મહિલાઓ માને છે કે પતિ જો હાથ ઉપાડે છે તો તે એટલી કોઇ મોટી વાત નથી તેને લઇને હોબાળો મચાવવામાં આવે તે યોગ્ય નથી. સ્થાનિક હિંસાને સમાજમાં કેટલી હદ સુધી સ્વીકાર કરવામાં આવે છે તે આ બાબતને દર્શાવે છે. કેટલીક મહિલાઓ દ્વારા એવી કબુલાત કરવામાં આવી છે કે પુરૂષ ઘર ચલાવે છે. જો ગુસ્સો કોઇ કારણસર કરે છે તો તેમાં કશુ જ ખોટુ નથી. સમાજના મોટા ભાગના લોકો આ વિચારધારા સાથે જીવે છે. આ તમામ માટે એવા અભ્યાસને જાણવા માટેની જરૂર છે કે સ્થાનિક હિંસાના મામલા ખતરનાક બની રહ્યા છે. અભ્યાસના તારણ એ પણ કહે છે કે ઓછી વયના યુવાનોને આક્રમક અને પ્રભાવશાળી વ્યવહાર કરવા માટે સમાજ કેટલીક રીતે પ્રોત્સાહન આપે છે. સંયુક્ત રાષ્ટ્રના નવા અભ્યાસમાં એ બાબતને લઇને પણ ચર્ચા છે કે કઇ રીતે ભાવનાઓને યુવાનોના દિલાદિમાગમાં ઘુસાડી દેવામાં આવે છે. તેમનો એવી સામાજિક વ્યવસ્થાના હિંસા તરીકે બનાવી દેવામાં આવે છે. જ્યાં પુરૂષો તાકતવર અને નિયંત્રણ રાખનાર તરીકે હોય છે. તેમને વિશ્વાસ અપાવી દેવામાં આવે છે કે યુવતિઓ અને મહિલાઓ પ્રત્યે પ્રભુત્વનુ વર્તન તેમની મર્દાનગીને દર્શાવે છે. આ બાબતને સમજી શકાય છે કે સ્થાનિક હિંસા એક પ્રકારની સામાજિક સમસ્યા તરીકે છે. સામાજિક સમસ્યાનો ઉકેલ સમાજ જ લાવી શકે છે. જો કે સરકાર આના માટે માળખા બનાવી શકે છે.

ભારત જ નહીં બલ્કે સમગ્ર વિશ્વમાં આ પ્રકારના માળખાની જરૂર દેખાઇ રહી છે. જ્યાં તબીબો, શિક્ષકો અને પોલીસ કર્મચારીઓને તેમજ મનોવૈજ્ઞનિકોને તૈયાર કરવામાં આવી શકે છે. હાલમાં તો લોકડાઉન વચ્ચે આ પ્રકારના મામલામાં જોરદાર રીતે વધારો થઇ રહ્યો છે.


લોકડાઉનના કારણે પુરૂષો વિશેષરીતે પ્રભાવિત થયા છે : પુરૂષ ઘરની દિવાળોની અંદર મુશ્કેલી અનુભવે છે : સ્થાનિક હિંસાના કેસો વધી ગયા

એવી ચા જે લપ જેવી શરદી મટાડે



શ્વસનતંત્રને લગતા રોગોમાં સૌથી વધારે પ્રમાણમાં જોવામાં આવતી વિકૃતિનું નામ છે શરદી અથવા પ્રતિશ્યાય માનવજાતને ત્રાણ આપતાં રોગોમાં તેનું સ્થાન આગળ પડતું છે. રોગ છે તો સાવ સામાન્ય પણ દર્દીને હેરાનપરેશાન અને આકુળ-વ્યાકુળ બનાવી દે છે.

આ વિકૃતિ ઉત્પન્ન થવાનાં વિભિન્ન કારણોમાં હવાનો ભેજ, પ્રદૂષણ, આહારની વિષમતા, અધિક પરિશ્રમ, આહારની વિષમતા, અધિક પરિશ્રમ, ઉજાગરો, ટેન્શન, પ્રાણીથી-વરસાદથી પલળવું, ઠંડી હવામાં સૂવું, મદ્ય, તમાકુની ટેવ તથા મળ, મૂળ, ભૂખ, તૃષા, નિંદ્રા, માંસી, છીંક, બગાસાં જેવા શરીરના સ્વાભાવિક વેગોને રોકવાથી પણ આ વિકૃતિ ઉત્પન્ન થાય છે. ઠંડી ચીજોનો વધારો પડતો ઉપયોગ પણ આ વિકૃતિ વધારે છે. આ વિકૃતિનો પૂર્વ લક્ષણોમાં મળાવરોધ, બેચેની, શિરશૂળ, અંગપીડા, આળસ અને થોડો તાવ પણ આવે છે. ત્યારપછી નાકમાં સળવળાટ સાથે પાણી દદડવા લાગે છે અને છીંકોનું પ્રમાણ વધી જાય છે. આ સાથે ઘણા દર્દીઓને ઉધરસ, કાનમાં ધાક પડવી અને થોડો શ્વાસાવરોધ પણ થાય છે. આમ તો આ રોગને સામાન્ય ગણવામા આવે છે, પરંતુ ઉગ્રાવસ્થામાં અને વારંવાર થતો હોય તો તે અનેક ઉપદ્રવો પણ ઉત્પન્ન કરે છે. એટલા માટે આ રોગમાં તરત જ ઉપચારક્રમ હિતાવહ છે. આ રોગના ઉપચારમાં વિશ્રામ અને પેટશુદ્ધિની ખૂબ જ અગત્યતા છે. જો શરદીની શરૂઆતમાં જ હળદર અને સૂંઠ નાંખેલું દૂધ સવારે અને રાત્રે લેવામાં આવે તથા ત્રિફળા ચૂર્ણથી પેટ સાફ રાખવામાં આવે તો શરદી ચાર પાંચ દિવસમાં જ મટી જાય છે. શરદી વખતે જો નાકમાં ખૂબ જ સળવળાટ રહેતો હોય તો નાકમાં ચાર-પાંચ ટીપાં ષડબિંદુ તેલનાં નાખવાં જોઈએ. જો તે ન મળે તો લવંગાદિ તેલ સૂંઘવું જોઈએ. જો વરસાદના ભેજથી કે પલળવાથી શરદી થઈ હોય તો સૂંઠ, લવિંગ, કાળાં મરી અને દાળચીની નાંખીને બનાવેલી ચા દિવસમાં ત્રણ વાર પીવાથી મટી જાય છે. સૂંઠ, મરી અને પીપર આ ત્રણે ઔષધો સરખા ભાગે લઈ ચૂર્ણ બનાવી બાટલી ભરી રાખવી, પાથી અડધી ચમચી જેટલું આ ચૂર્ણ બેથી ત્રણ ચમચી મધ સાથે સવારે અને રાત્રે લેવાથી શરદી મટી જાય છે. શરદી વખતે જો માથું ખૂબ દુખતું હોય તો જાયફળને થોડું પાણીમાં ઘસી મધ સાથે લેવામાં આવે તો તરત આરામ થાય છે. જો નવી શરદીની ઉપેક્ષા કરવામાં આવે તો તે જીર્ણ એટલે કે જૂની બનીને અત્યંત ત્રાસજનક બને છે. આવી જીર્ણ શરદીમાં લવિંગ, તજ, સૂંઠ, મરી, પીપર, તુલસી, એલાયચી, કાકડાશિંગી, હંસરાજ, બનફશા, તમાલપત્ર આટલાં ઔષધોનો ઉકાળો બનાવી સવારે અને રાત્રે પીવો જોઈએ. કપૂરની પોટલી અથવા નીલગીરી તેલનું પોતું અથવા કલોંજી ચૂર્ણની પોટલી સૂંઘવાથી નાકમાંથી દદડતું પાણી બંધ થાય છે. ઔષધોમાં લવંગાદિવટી બે-બે ટેબ્લેટ દિવસમાં સવારે, બપોરે અને રાત્રે એમ ત્રણ વાર લેવી. સીતોપલાદિ ચૂર્ણ અડધી ચમચી અને તાલીસાદિ ચૂર્ણ અડધી ચમચી, બે ચમચી મધ સાથે મઈશ્ર કરી સવારે અને રાત્રે લેવું. ભારંગ્યાદિ કવાથ અથવા વાસકાસવા અડધા કંપની માત્રામાં સવારે, બપોરે અને રાત્રે એમ ત્રણ વાર પીવો. ઘરગથ્થુ ઉપચાર : રક્તાતિસાર એટલે કે ઝાડામાં લોહી પડતું હોય અને માટે પંડિત ભાવમિશ્રે એક સરસ સફળ ઘરગથ્થુ પ્રયોગ બતાવ્યો છે. ચાર કપ જેટલાં પાણીમાં દાડમના ફળની છાલનું એક ચમચી ચૂર્ણ, કડાછાલનું અડધી ચમચી ચૂર્ણ નાંખી તેને ઉકાળવું. એક કપ જેટલું પાણી બાકી રહે ત્યારે તેને ઉતારી ઠંડુ પાડી કપડાથી ગાળી પી જવું. આ પ્રમાણે સવારે-બપોરે અને રાત્રે તાજો ઉકાળો બનાવીને પી જવો. આ ઉપચારથી ત્રણચાર દિવસમાં જ રક્તાતિસાર મટે છે.



કૅન્સરગ્રસ્ત મહિલા આર્ટિફિશિયલ ઓવરીથી માતા બની શકશે...

કૅન્સરગ્રસ્ત મહિલા ફરી માતા બનશે

કૅન્સરની સારવાર દરમિયાન કિમોથેરાપી પ્રજનન ક્ષમતાને ખતમ કરી નાંખે છે પરંતુ નવા અભ્યાસથી આશાનુ નવુ કિરણ સપાટી પર

કેન્સરની સારવાર દરમિયાન થનાર કિમોથેરાપીના કારણે મહિલાઓની પ્રજનન ક્ષમતાને ખતમ કરી નાંખે છે અને તે ફરીવાર માતા બની શકતી નથી. જો કે હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં કેટલીક નવી બાબત સપાટી પર આવી છે. જેના કારણે આશાનુ નવુ કિરણ પણ દેખાઇ રહ્યુ છે. ડેનમાર્કમાં કોપેનહેગન સ્થિ એક હોસ્પિટલના સંશોધકોએ બાયો એન્જિનિયર્ડ ઓવરી બનાવી લેવામાં સફળતા હાંસલ કરી લીધી છે. આ આર્ટિફિશિયલ અથવા તો કૃત્રિમ અંડાશય મહિલાઓના ઇન્ડાને ફર્ટિલાઇઝ કરવામાં સક્ષમ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઓવરીને મહિલાઓમાં ટ્રાન્સપ્લાન્ટ પણ કરી શકાશે. હાલમાં કેન્સરગ્રસ્ત મહિલાઓની કિમોથેરાપી અથવા તો રેડિયોથેરાપી શરૂ કરતા પહેલા તેમના ઇન્ડાને ફ્રીજ કરી દેવામાં આવે છે. કિમોથેરાપી મહિલાઓના ઓવરી સેલ્સની જીવન ક્ષમતાને ખતમ કરી નાંખે છે. જ્યારે ઓછી વયની યુવતિ પર કિમોથેરાપી અથવા તો રેડિયોરાપી કરતા પહેલા તેમના ઓવરીયન ટિશુને કાઢીને સુરક્ષિત રાખી લેવામાં આવે છે. આ ટિસ્યુમાં હજારોના પ્રમાણમાં અવિકસિત ઇન્ડા હોય છે. ટ્રીટમેન્ટ બાદ ટિસ્યુને ફરી એકવાર શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે. જો કે આ મામલામાં સૌથી વધારે ખતરો ટિસ્યુમાં કેન્સર પ્રભાવિત સેલ્સની હાજરીનો રહે છે. જો આ પ્રભાવિત અથવા તો અસરગ્રસ્ત સેલ્સન સાથે ટિસ્યુને ફરી શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવાની સ્થિતીમાં યુવતિ ફરી એકવાર કેન્સરના સકંજામાં આવી જાય છે. બાયો એન્જિનિયર્ડ ઓવરી આ ખતરાથી બચવા માટેના એક વિકલ્પ તરીકે છે. આ ટેકનિકમાં ઓવરી ટિસ્યુના સેલ્સને કેમિકલથી ટ્રીટ કરીને તેના ડીએનએ અથવા તો એવા કોઇ પણ હિસ્સાને અલગ કરી દેવામાં આવે છે. જેમાં કેન્સરથી સેલ પ્રભાવિત રહેવાની શક્યતા હોય છે. ત્યારબાદ અવિકસિત ઇન્ડાને ખાલી આર્ટિફિશિયલ ઓવરીમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે. રિસર્ચ ટીમે કહ્યુ છે કે આ ઓવરીમાં ઇન્ડા સુરક્ષિ રહી શકે છે. ત્યારબાદ તેને શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરી દેવામાં આવે છે. શરીરમાં ઇન્ડા વિકસિત થવાની શરૂઆત થઇ જાય છે. સાથે સાથે દર મહિનામાં માસિક ધર્મની સાથે સાયકલ પૂર્ણ કરે છે. રિસર્ચ ટીમના એક સભ્યે માહિતી આપતા કહ્યુ છે કે એવી શોધ પહેલી વખ કરવામાં આવી છે. જેમાં માનવી ફોલિકલ શરીરની બહાર કોઇ ડિસેલુલરાઇઝ્ડ હ્યુમન સ્કૈફોલ્ડમાં સુરક્ષિત રહે છે. આ પદ્ધિતી બીજી પદ્ધિતી કરતા વધારે સુરક્ષિત છે. કારણ કે તેમાં કેન્સરથી પ્રભાવિત સેલ્સના રિ ઇમ્પ્લાનટેશન દરમિયાન શરીરમાં જવાની શક્યતા ખુબ ઓછી રહે છે. જો કે આ પ્રોસેસને ૧૦૦ ટકા સુરક્ષિત બનાવવા માટે સંશોધકોની ટીમ હજુ પણ કામ કરી રહી છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોકાવનારા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જે મહિલાઓ વિટ્રો ફર્ટીલાઇઝેશન કરાવી ચુકી છે. તે મહિલાઓમાં મોડેથી અંડાશયના કેંસરનો ખતરો બે ગુણો થઇ જાય છે. ૧૫ વર્ષ સુધી કરવામાં આવેલા અભ્યાસ બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા છે. અભ્યાસના પરિણામ જરનલ હ્યુમન રિપ્રોડક્શનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ અભ્યાસના તારણો ૧૯૧૪૬ બાળકો નહીં ધરાવતી મહિલાઓને આવરી લઇને જારી કરવામાં આવ્યા છે. આ મહિલાઓ આઇવીએફ પહેલા ઓવરી અથવા તો અંડાશયની સારવાર કરાવી ચુકી છે. જ્યારે આઇવીએફ નહીં ધરાવતી મહિલાઓને પણ આમા આવરી લેવામાં આવી હતી. અભ્યાસમાં જાણવા મળ્યુ કે વિટ્રો ફર્ટીલાઇઝેશન મારફતે પસાર થઇ ચુકેલી મહિલાઓમાં અંડાશયના ટ્યુમરનો ખતરો રહે છે. આ ઘણી વખત જીવલેણ બની શકે છે. આના કારણે સર્જરીની જરૂર પડે છે. આઇવીએફ ગ્રુપમાં ૬૧ મહિલાઓને ઓવરીના ટ્યુમરની અસર દેખાઇ રહી હતી. બ્રિટીશ જરનલ ઓફ કેંસરમાં અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૦ વર્ષ સુધી દવા લેનાર મહિલા ઓવરીના કેંસરના જોખમને ૫૦ ટકા સુધી ઘટાડી શકે છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કેન્સરની સારવાર લાંબાગાળે યાદશક્તિ ઉપર માઠી અસર કરે છે. નિષ્ણાંતોએ ધડાકો કર્યો છે કે કેન્સરની સારવાર કરાવી ચૂકેલી મહિલાઓ લાંબાગાળે ચોક્કસ પ્રકારની માનસિક તકલીફનો સામનો કરે છે. સારવાર દરમિયાન રેડિએશન અથવા કેમોથેરાપી પ્લસ રેડિએશનની સારવાર લેનાર મહિલાઓમાં પણ આ તકલીફ રહે છે. અગાઉના સંશોધનમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે કેમોથેરાપીના કારણે યાદશક્તિ અને ધ્યાનશક્તિ ઉપર અસર થાય છે. જુદા જુદા કેન્સરની સારવાર પણ જુદી જુદી રહે છે. ટામ્પામાં મોફિટ કેન્સર સેન્ટ્રર એન્ડ રિચર્સ ઇન્સ્ટીટ્યુટના તબીબે કહ્યું છે કે અભ્યાસના તારણો આપતી વેળા ૬૨ જેટલા કેન્સર જેટલા દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. કેમોથેરાપી પ્લસ રેડિએશન અને માત્ર રેડિએશનની સારવાર લેનાર દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. ૧૮૪ મહિલાઓની બાબતમાં પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. કેન્સરનો કોઈ ઇતિહાસ નહીં ધરાવનાર મહિલાઓની પણ ચકાસણી કરવામાં આવી હતી.

સ્પેશિયલ સુચન : શરીર માટે વિટામિન ખુબ જરૂરી હોય છે

વિટામિન ડીની તમામ લોકોને જરૂર



જોઈન્ટમાં દુખાવાને લઈને સામાન્ય લોકો પરેશાન રહે છે, સામાન્ય રીતે આ પિડાનુ કારણ વિટામિન ડીની કમી હોય છે : શહેરી લોકોમાં સમસ્યા

શરીર માટે વિટામિન ડી અતિ જરૂરી હોય છે. વિટામિન ડી સાથે જોડાયેલી સમસ્યા કેટલીક બિમારીને આમંત્રણ આપે છે. જોઈન્ટની પિડા હાલના દિવસોમાં સામાન્ય સમસ્યા છે. દરેક વયના લોકો આ પિડા પિડાનો શિકાર થઇ રહ્યા છે. સામાન્ય રીતે વિટામિન ડીની કમીના કારણે આ સમસ્યા ઉભી થાય છે. હેરાની કરનાર બાબત એ છે કે શહેરોમાં રહેનાર આશરે ૮૦-૯૦ ટકા લોકો વિટામિન ડીની કમીની સમસ્યાથી ગ્રસ્ત રહે છે. અમે આજે ભાગદોડની લાઇફમાં અમે તાપમાં વધારે નિકળતા નથી. સાથે સાથે પૌષ્ટિક ભોજન પણ કરતા નથી. સમસ્યા એ પણ છે કે મોટા ભાગના લોકો આન માહિતી હોતી નથી. અથવા તો કેટલાક કેસમાં તો લોકો આને માનવા માટે તૈયાર થતા નથી. તાપમાં ન રહેવાના કારણે પણ આ સમસ્યા વધે છે. શરીરને મજબુતી આપનાર હાડકાને મજબુતી આપવા માટે વિટામિન ડીની ભૂમિકા ચાવીરૂપ હોય છે. કેટલીક મોટી બિમારીને પણ બચાવે છે. હાડકા એક ખાસ વય સુધી મજબુત હોય છે. વિટામિન ડી શરીરની રોગપ્રતિકારક ક્ષમતાને વધારે છે. નર્વ્સ અને મસલ્સને કોઓર્ડિનેશનને કન્ટ્રોલ કરે છે. કેન્સરને રોકવામાં પણ મદદરૂપ બને છે. નિષ્ણાંત તબીબો કહે છે કે કમજોર હાડકાને મજબુત થવામાં આશરે ૧૫૦ દિવસનો સમય લાગે છે. જ્યારે ખરાબ થવામાં માત્ર ૨૦ દિવસ લાગે છે. બાળકોમાં વિકાસને ગતિ આપવા માટે પણ વિટામિન ડીની ખુબ જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં વિટામિન ડી લીધા બાદ તેની અસર સ્પષ્ટ પણે દેખાય છે. બાળકો હાલમાં આઉટડોર ગેમ વધારે રમતા નથી. સ્કુલથી આવતાની સાથે જ તેઓ મોબાઇલ અને ટીવી પર લાગી જાય છે. જેથી બાળકોમાં વિટામિન ડીની કમીની સમસ્યા રહે છે. પરસેવો નિકળે તેવા ગેમ બાળકો રમતા નથી જેથી સ્થુળતા પણ આવી જાય છે. એક વખતે સ્થુળતા આવી ગયા બાદ શરીરની શિથિલતા વધી જાય છે. ત્યારબાદ વિટામિન ડીની કમીનીશરૂઆત થઇ જાય છે. આ બાબત પણ જાણવી જરૂરી છે કે મહિલાઓની તુલનામાં વિટામિન ડીની કમી પુરૂષોમાં વધારે રહે છે.એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામિન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે. આ અછતને દૂર કરવાની બાબત જરૂરી પોષકતત્વોને લઇને જોડાયેલી છે. પોષકતત્વો સાથે અછતને દૂર કરવાથી મોતનો ખતરો ૬૦ ટકા ઘટી જાય છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, હાર્ટ સાથે સંબંધિત રોગ અને વિટામિન ડીની અછત વચ્ચે સીધો સંબંધ છે. આ સંબંધ પણ ખૂબ જ મજબૂત છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના કાર્ડિયોલોજીના પ્રોફેસર ડૉ. જેમ્સે કહ્યું છે કે, અપેક્ષા કરતા પણ વધુ નક્કર પુરાવા મળ્યાં છે. વિટામિન ડીની અછત ઘણાં રોગો સાથે સંબંધ ધરાવે છે. દર્દીઓને ધ્યાનમાં લઇને જરૂરી દવાના સૂચન પણ કરવામાં આળ્યાં છે. કાર્ડિયોલોજીસ્ટોનું કહેવું છે કે, વિટામિન ડીની અછત ધરાવતા લોકોમાં ડાયાબિટીસ થવાનો ખતરો બે ગણો રહે છ. આ ઉપરાંત હાઈ બ્લડ પ્રેશર થવાનો ખતરો ૪૦ ટકા વધુ રહે છે અને કાર્ડિયો થવાનો ખતરો ૩૦ ટકા વધારે હોય છે. એકંદરે વિટામિન ડીની અછત ધરાવતાં લોકોમાં કોઈપણ કારણસર મૃત્યુનો ખતરો ત્રણ ગણો વધારે છે. અભ્યાસમાં આ બાબત સાબિત થઈ શકી નથી. વિટામિન ડીની અસર શુ થાય છે. અગાઉના સંસોધનોમાં સૂચન કરવામાં આવ્યું હતું કે, મોટાભાગના અમેરિકનોના શરીરમાં પુરતા પ્રમાણમાં વિટામિન ડીની સપાટી નથી. નવેસરના નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫થી ૫૭ ટકા પુખ્ત વયના લોડોમાં ડીનું અપુરતુ પ્રમાણ છે. અન્ય અભ્યાસ સુચવે છે કે, વિટામિન ડીની અછત ઘાતક છે. ...



ફરી આવી મીની ડ્રેસની ફેશન

છેલ્લા ઘણા સમયથી લાંબા સ્કર્ટસ, મેક્સી ડ્રેસ, એંકલ લેન્ગ્થ ઘાઘરા, પ્લોઝોની ફેશન પૂરબહારમાં ખીલી છે. પરંતુ ફેશન જગતમાં એક ટ્રેન્ડ લાંબો સમય ન ચાલે. તેથી હવે લાંબા ખુલતા પોશાક ધીમે ધીમે વિદાય લઈ રહ્યાં છે. અને તેનુ સ્થાન મીનીડ્રેસ આંચકી રહ્યા છે. વાસ્તવમાં ફેશનની દૂનિયામાં મીનીડ્રેસ હેમેશાંથી મીનીતા રહ્યાં છે. તેથી તે ફેશન ટ્રર્ન્ડમાં અવારનવાર સ્થાન જમાવચા રહે છે. તેમાય લિટલ બ્લેક ડ્રેસ તો ઓલ ટાઈમ ફેવરીટ ગણાય છે. જો માનુનીને પાર્ટીવિઅર માટે કાંઈ ન સૂઝે તો છેવટે લિટલ બ્લેક ડ્રેસ હાથવગું જ હોય. ફેશન ડિઝાઈનરો કહે છે કે આ વર્ષના ડ્રેસમાં ઘણી વિવિધતા જોવા મળશે. ચીયરલીડર્સ પહેરે છે એવા સ્કર્ટથી લઈને શાળાના યુનિફોર્મ જેવા બોક્સ પ્લીટ્સના મીની સ્કર્ટસ, માઈક્રોમીની ડ્રેસ, મીની વન પીસ, ફુલોરલ ડિઝાઈનમાં ફેન્સી બેલ્ટ સાથેનું મીની વન પીસ, મીની કોટ ડ્રેસ, સ્ટ્રાઈપ્સ મીની ડ્રેસ અને હાઈ-એન્ડ પાર્ટી માટે મીની હાઈ-લો ગાઉન જેવી સંખ્યાબંધ પેટર્ન મીની ડ્રેસમાં જોવા મળશે. જો કે અહીં પ્રશ્ન એ છે કે શું બધી માનુનીઓને સાવ ટૂંકા કપડાં શોભે ખરાં ? મીની ડ્રેસ માટે આ શાશ્વત પ્રશ્ન છે. પરંતુ ફેશન ડિઝાઈનરો આનો તોડ કાઢતાં કહે છે કે જો તેને ચાલાકીપૂર્વક પહેરવામાં આવે તો તે મોટાભાગે બધી માનુનીઓને સારો લાગે. જો તમારા પગ બહુ સુંદર ન હોય અને ફિગર પણ આકર્ષક ન હોય તો લેગિંગ અથવા સ્ટોકિંગ્સ સાથે મીની ડ્રેસ પહેરો. જો તમને સાવ ટૂંકુ સ્કર્ટ પહેરતા સંકોચ થતો હોય છતાં તે પહેરવાની લાલચ ન રોકી શકતા હો તો તેના ઉપર મીની સ્કર્ટ એકદોઢ ઈંચ જેટલી ઓછી લંબાઈનું ખુલતું ટોપ પહેરો. તેવી જ રીતે બોક્સ પ્લીટ્સ ધરાવતો મીની ડ્રેસ સહેજ ખુલતો હોવાથી તેમાં પુષ્ટ કમર તથા નિતંબ ઘણા અંશે ઢંકાઈ જાય છે.

પ્રેમગાંઠને સુદ્રઢ બનાવતી વાસ્તુલક્ષી બેડરૂમ- સજ્જા

ભારતમાં સૌથી શ્રીમંત ઉદ્યોગપતિ મુકેશ અંબાણી તેમણે બંધાવેલા દેશના સૌથી વૈભવશાળી 'ઘર'માં રહેવા નથી ગયા .એમ કહેવાય છે કે તેમના બંગલમાં રહેલા વાસ્તુદોષને પગલે તેઓ દિવસ દરમિયાન ત્યાં હોય તોય રાત્રે સુવા માટે પોતાના જુના નિવાસસ્થાને ચાલયા જાય છે. અલબત્ત, આપણે અહીં મુકેશ અંબાણી વિશે નહીપરંતુ વાસ્તુ વિશે વાત કરવાની છે. એમ માનવામાં આવે છે કે વાસ્તુ શાસ્ત્રની દ્રષ્ટિએ યોગ્ય રીતે બનાવવામાં આવેલું ઘર તેમાં રહેતા લોકો વચ્ચે સ્નેહગાંઠ મજબુત કરે છે પરંતુ જો તેમાં વાસ્તુદોષ હોય તો પરિવારજનોમાં મતભેદ- મનભેદ રહ્યા કરે છે. કોઈપણ નવવિવાહિત દંપતી હંમેશા એમ જ ઈચ્છતુ હોય છે તેમનો પ્રેમ આજીવન ટકી રહે. વાસ્તુશાસ્ત્ર નિષ્ણાતો કહે છે કે જો તેમનો શયનકક્ષ યોગ્ય રીતે બનાવવામાં આવ્યો હોયતો પતિ-પત્ની વચ્ચેનો સંબંધ હંમેશા મજબૂત રહે છે.



તેઓ બેડરૂમની વાસ્તુશાસ્ત્ર મુજબ સજાવટ કરવા વિશે માર્ગદર્શન આપતાં કહે છે કે સૌથી પહેલાં તો શયનકક્ષમાં ભગવાન,જાનવર અથવા સુકા વૃક્ષનો ફોટો ન લગાવો. પતિ-પત્ની વચ્ચે મીઠો સંબંધ જાળવી રાખવા તેમણે પોતાના હસચા ચહેરાવાળા ફોટા લગાવવા જોઈએ. આ સિવાય ખળખળ વહેતા ઝરણા જેવો ફોટો અથવા શો પીસ મુકી શકાય. બેડરૂમમાં ટી.વી અથવા કમ્પ્યૂટર મુકવાથી દંપતી વચ્ચે તણાવ પેદા થાય છે. પલંગ કયારેય ગોળ કે અંડાકાર ન હોવું જોઈએ. તેની ઉંચાઈ ૧૧/૨ ઈંચ હોવી જોઈએ. બેડ પાસ પગલૂછણીયુ અથવા ગાલીચો હોવો જોઈએ. તમારા પલંગના ગાદલા બે નહીં પણ એક જ હોવું જોઈએ. બે ગાદલા હોવાથી દંપતી વચ્ચે તણાવ પેદા થાય છે. પરંતે એક જ બેડ બંને વચ્ચેના પ્રેમમાં વૃધ્ધિ કરે છે. શયનકક્ષની બારી પલંગ કરતાં થોડી દૂર હોવી જોઈએ અને તેના ઉપર પડદા લગાવેલા હોવા જોઈએ. તેવી જ રીતે બેડરૂમમાં ક્રિસ્ટલની બે માછલી અથવા લવ બર્ડસ મુકવા જોઈએ. બેડરૂમમાં નિયમિત રીતે તાજાં ફૂલો મુકવાથી દંપતીના સંબંધમાં તાજગી જળવાઈ રહે છે અને પ્રેમ મહેકતો રહે છે. શયનકક્ષમાં લાઈટ હળવી હોવી જોઈએ નાના નાના લીલાં છોડ મુકવાથી તણાવ દૂર થાય છે અને મીઠી નીંદર આવે છે. કેકટસના છોડ ભૂલેચુકેય ન મુકવા. મહિનામાં એક વખત પાણીમાં નમક નાખીને બેડરૂમમાં પોતાં મારવાથી દૂષિત હવા અંદર નથી પ્રવેશી શકતી. બેડરૂમ માટે ઘરની દક્ષિણ- દક્ષિણપશ્ચિમ, પશ્ચિમ દિશા ઉત્તમ ગણાય છે. ઘરના જયેષ્ઠ પરિણીત પુત્રના શકયનકક્ષ માટે દક્ષિણ દિશા શ્રેષ્ઠ છે તેનાથી નાના યુગલ માટે પશ્ચિમ દિશા, તેનાથી નાના યુગલ માટે પૂર્વ અને તેનાથી નાના યુગલ માટે ઉત્તર-પૂર્વ ઉત્તમ મનાય છે. જો દક્ષિણ દિશામાં પલંગ હોય તો પત્નીએ પતિની ડાબી અને દક્ષિણ- પૂર્વમાં બેડ હોય તો પત્નીએ પતિની જમણી બાજુ સુવુ જોઈએ. નવયુગલને ક્યારેય વાયવ્ય ખૂણા ઉત્તરપશ્ચિમમાં ન સુવા દેવા જોઈએ. આમ કરવાથી તઓ મનથી પરિવારથી દુર ચાલ્યા જાય છે. સુતી વખતે માથુ પૂર્વ અથવા દક્ષિણ તરફ હોવું જોઈએ. બેડરૂમના દક્ષિણ- પશ્ચિમ તેમ જ નૈઋત્ય ખૂણામાં કબાટ, બેડ, ટેબલ જેવું વજનદાર રાચરચીલુ રાખવું જોઈએ. ડ્રેસિંગ ટેબલ પશ્ચિમ દિશામાં અને ઉત્તરમાં નાણાં તેમ જ દાગીના રાખવા. શયનકક્ષ માટે ગુલાબી રંગ શ્રેષ્ઠ ગણાય છે. આ રંગ પ્રેમ, વિશ્વાસ અને નીકટતાવ ધારે છે. સુહાગની રોજ ગુલાબી રંગથી સજાવવાથી સંબંધ મજબુત બને છે. જયારે નારંગી રંગ દંપતીના સંબંધમાં ખુશની બહાર લાવે છે તેમના વિચારોમાં સમાનતા આવે છે. પરંતુ લાલ રંગ નવયુગલ માટે સૌથી ઉત્તમ માનવામાં આવ્યો છે. આ રંગ દંપતી વચ્ચેની ઉત્તેજનામાં વૃધ્ધિ કરે છે અને સંબંધો મજબૂત બનાવે છે. આ રંગ પતિ-પત્નીમાં એકમેક પ્રત્યે સન્માનની ભાવના કેળવે છે. પરંતુ જાંબુડી રંગ બંને વચ્ચે કડવાશ પેદા કરે છે. ભૂરો રંગ પણ નવયુગલ માટે યોગ્ય નથી તેનાથી બંને વચ્ચે શંકા, ઈર્ષ્યા પેદા થાય છે તેઓ ત્રીજી વ્યક્તિ તરફ ઢળવા લાગે છે. વાસ્તવમાં આ રંગ વયસ્ક લોકો માટે યોગ્ય છે કારણ કે એકાગ્રતા, ભક્તિ અને આસ્થાનું પ્રતિક છે.

સરકાર મર્યાદિત છૂટછાટ આપે તો વતન ભાગનારા દેશ માટે મુસીબતોનો પહાડ તો નહીં બનેને....?!

સમગ્ર વિશ્વને કોરોના વાયરસના રાક્ષસે પોતાના બાહુપાશમાં જકડી લેવા સાથે દુનિયાભરના અર્થતંત્રને પણ ખાઈ તરફ ધકેલવાનો ઝટકો આપ્યો છે. વિશ્વભરમાં ૧ લાખ ૧૦ હજાર જેટલા લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે, તો ૧૭ લાખ ઉપરાંત લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે. ત્યારે આ બધા વચ્ચે સારા સમાચાર એ છે કે ડોક્ટરો- નર્સો- મેડિકલ કર્મચારીઓની સેવા- સુશ્રુષાને કારણે ૪ લાખ ૧૧હજારથી વધુ લોકોને કોરોનાની ચપેટમાંથી બચાવી લીધા છે. ત્યારે વિશ્વની મહાસત્તા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જીદ્દી-તુંડમીજાજી વલણને કારણ કે અમેરિકામાં ૫ લાખ ૩૦ હજારથી વધુ લોકો કોરોના પોઝિટીવ ધરાવતા થઈ ગયા છે. જ્યારે ભારત સરકારે રાહુલ ગાંધીની ચેતવણી છતાં તેની નોંધ લેવામાં ન આવી....! જો કે વિશ્વના અનેક દેશોને કોરોના વાયરસ બાબતે ડબલ્યુએચઓ દ્વારા ચેતવણી મળી ચૂકી હતી પરંતુ સત્તા નસીનોએ તે ચેતવણી ગંભીરતાથી ન લીધી.... જેના પરિણામો જે તે દેશના લોકો ભોગવી રહ્યા છે... આમ છતાં ભારત સરકાર ભલે થોડી મોડે જાગી પરંતુ વડાપ્રધાન મોદીજીએ જે ત્વરાથી દેશભરની રાજ્ય સરકારો સાથે લોકોને કોરોના વાયરસ અંગે જાગૃત કરવા એક દિવસના ર્કફ્યાર્ફ્યુ બાદ ૧૪ એપ્રિલ સુધી દેશભરમાં લોકડાઉન જાહેર કર્યું તે એક ઉમદા પગલુ સાબિત થયું છે... તે સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આમ લોકોની સહાય-મદદ માટે વિવિધ જરૂરી પગલાં લેવાનું શરૂ કરી દીધું. પરંતુ ભારતે વિદેશમાંથી પરત આવનાર તમામને જાન્યુઆરી માસથીજ રોકી દેવા સાથે ભારત પરત ફરનારા તમામ લોકોના મેડીકલ ટેસ્ટ કરવા જરુરી હતા, તો તબલીગી સંમેલન થવા દેવાની જરૂર ન હતી, વિદેશમાથી આવેલાઓમાં ચીનના વુહાનમાથી પણ ભારતીય પરત ફર્યા હતા. તેમાં સરકારની મેડિકલ ટેસ્ટ કરવામાં ચૂક થઇ છે.....! છતાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ જે પગલાં લીધા તેને કારણે કોરોના દર્દીઓની સંખ્યા ૧૦ હજાર થવા તરફ છે ત્યારે મૃતાક ૩૦૮ થયો છે. ટૂંકમાં ભારત સરકારે લીધેલા પગલાઓને કારણે ભારતમાં માનવ ખુવારી ઓછી થવા પામી છે.....!જે હકીકત સ્વિકારવી રહી....!

વિશ્વ ભરને કોરોના વાયરસની મહામારીમાં સપડાવનાર ચીન કોરોના મુક્ત બની ગયું છે... તો તેના તમામ પ્રકારના ઉત્પાદન ક્ષેત્રો અને બજારો ધમધમાટ કરતા દોડતા થઈ ગયા છે. તે સાથે તેના અર્થતંત્રને નેગેટિવ અસર થઈ નથી તે એક હકીકત છે....! પરંતુ ચીન માટે કદાચ એવો સમય આવી શકે છે કે એક તરફ એટલું ચીન અને સામેની તરફ વિશ્વભરના દેશો આવી શકે તેવી પરિસ્થિતિ ઉદભવવા તરફ જઈ રહી છે...! તો મહાસત્તા અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની સમજ્યા વગરની નીતિને કારણે અમેરિકા પાયમાલી તરફ ધકેલાઈ ગયું છે....!! જે ટ્રમ્પ માટે આવનાર સમય મોંઘો સાબિત થઈ શકે છે.....! ભારતમાં ઓડિશા, મહારાષ્ટ્ર, પંજાબ, દિલ્હી, બંગાળ સહિતના રાજ્યોએ ર્કફ્યાર્ફ્યુ નો સમય લંબાવી દીધો છે કારણકે ત્યાં દર્દીઓ વધવા લાગ્યા હતા. ગુજરાતમાં રાજ્ય સરકારે જરૂરી તમામ પગલાં લીધા છે તો રાજ્યભરના જરૂરતવાળા લોકોને અનાજ સહીત જરૂરી ચીજો મળી રહે તે માટે આયોજન કરી દીધું છે. પરિણામે કોરોના દર્દીઓનો આંકડો ૫૩૦ થઈ રહ્યો છે, જ્યારે મૃતાક ૨૪ નોંધાયો છે. આ બધા વચ્ચે આંગળીને વેઢે ગણાય તેટલી જ ધાર્મિક સંસ્થાઓ લોકોને મદદરૂપ બની છે. તો કેટલીક નામી-અનામી નાની મોટી સંસ્થાઓ, વ્યક્તિઓ સહાય કરી રહી છે... વિધાનસભા વિપક્ષ કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ અમરેલી સહિત આજુબાજુના ગામોના સામાન્ય, ગરીબ, મજૂર, મધ્યમ વર્ગ માટે ખાવા-પીવાની વ્યવસ્થા કરી છે... જેનો આજનો એક દિવસ નો આંકડો ૩૫૦૦૦ ને જમાડવાનો પહોંચી ગયો છે, તો પૂંજા વંશ, હર્ષદ રીબડીયા સહિતના અનેકો લોક મદદમાં ઉતરી પડ્યા છે. ત્યારે હવે સુખી-સંપન્ન પરિવારોએ પણ મેદાનમાં ઉતારવાની જરૂર છે....રાધેલુ નહીં પરંતુ અનાજ સહિતનો જરૂરી ખાવા માટે નો માલ- સામાન જરૂરિયાત વાળાઓને પહોંચાડો તે જરૂરી છે... કારણ ગરીબો, મજૂરો માટે વ્યવસ્થા થઈ છે. પરંતુ જરૂર લોઅર મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગ માટે વ્યવસ્થા કરવી અતિ જરૂરી છે... જ્યારે મંદિરો ધર્મસ્થાનો બંધ છે ત્યારે આવા લોકો માટે થોડું વાપરવુ એ મોટુ પુન્ય છે.....!

અત્યારે દેશભરમાં લોકો માટે જો ખરેખર કોઈ ભગવાન સ્વરૂપ બની ગયા હોય તો તે માત્ર ડોક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ જ છે. જ્યારે ધર્મસ્થાનો તો પોતે જ બંધનમાં છે... તેમાંના અનેક સમૃદ્ધિ ધરાવતા મોટા ભાગના..... જ્યારે જરૂરી છે ત્યારે લોકોને સીધી સહાય આપવા માટે આ ધર્મ સંચાલકો બહાર નથી આવ્યા ત્યારે હવે દાતાઓ-દાનવીરો બોધપાઠ લે તે જરૂરી છે....! જોકે આમાં અપવાદ જૈન સમાજ છે.. તો કેટલાક છુપા દાતાઓ પણ છે. આ તમામને કોટી કોટી વંદન..... ગુજરાતમાં તકલીફ એ છે કે આજે પણ કેટલાક અબુધો-અડબંગોને કારણે કોરોના કેસો વધવા લાગ્યા છે.... તો કેટલાકો ટેસ્ટ કરવાનો વિરોધ કરે છે... તો ક્યાંક તો ડોક્ટરોની ટીમ પર હુમલા કરે છે, હોસ્પિટલાઈજ આ રોગના દર્દી બેહદ શર્મનાક વ્યવહાર-વર્તન ડૉક્ટરો તેમની સારવાર કરતી ટીમો સાથે કરી રહ્યાની ઘટનાઓ ઘટી રહી છે.... ત્યારે આવા અબુધો ભારે ડફણા સિવાય સુધરે તેમ નથી....! તો ડૉક્ટરો, નર્સો, મેડિકલ સ્ટાફ પોલીસ વગેરેનો વિરોધ કરનારા કે હુમલા કરનારાઓને તુરંત આકરી સજા ફટકારવી જરૂરી છે..... જોકે પોલીસ પણ માનવતા દાખવી રસ્તે નીકળતા મેડિકલ સ્ટાફ- કર્મચારી, પત્રકારો, જીવન જરૂરી માલસામાન લઈ જનાર સાથે યોગ્ય વ્યવહાર કરે તે પણ જરૂરી છે. ઘરબહાર ખોટા બહાને ટહેલવા નીકળી પડનારાઓને હવે ફટકારવા જરૂરી બનતું જઈ રહ્યું છે..... ત્યારે સરકાર જ્યાં જ્યા કે જે તે વિસ્તારોમાં આ રોગની અસર થઈ નથી ત્યાં કદાચ કેટલીક શરતી છૂટ આપી શકે છે.....! ત્યારે ધ્યાન એ રાખવું પડશે કે પરપ્રાતિઓ શેહેર કે ગામ છોડી વતન તરફ ભાગશે....અને જો આમાં કોઈપણ સંક્રમિત હશે તો શું.....? સમગ્ર દેશ કોરોનાના સકંજામાં આવી શકે..... ત્યારે આ બાબતે જરૂરી મજબૂત વ્યવસ્થા ગોઠવવી રહી.....! વંદે માતરમ્

રશિયાએ એક રાજ્ય અમેરિકાને વેચ્યુ હતુ આજે ભયંકર રીતે પસ્તાય છે..!!!

તમે દુનિયાના નકશા પર ઉત્તરી અમેરિકી મહાદ્વીપના ઉત્તર પશ્ચિમમાં સ્થિત અલાસ્કાને જરુર જોયું હશે. જે અમેરિકા દક્ષિણ અમેરિકાથી વધારે રશિયા પાસે દેખાય છે. આજે અમે આપને આ જ અલાસ્કા મામલે કંઈક અનોખી વાતો જણાવવા જઈ રહ્યા છે કે જે મામલે તમે કદાચ જ જાણતા હશો.


અલાસ્કા અમેરિકાનું ૪૯ મુ રાજ્ય છે. આપને જાણીને નવાઈ લાગશે કે અલાસ્કા પહેલા અમેરિકાનો ભાગ નહોતું પરંતુ તે રશિયાનો ભાગ હતું,આ બર્ફીલુ અને રશિયાથી દૂર હોવાના કારણે રશિયાએ આને અમેરિકાને વેચી દીધું.

આ વાત ૩૦ માર્ચ ૧૮૬૭ ની છે. ત્યારે રશિયન સામ્રાજ્યથી અલાસ્કા અમેરિકાને વેચી દેવામાં આવ્યું હતું. આના બદલે અમેરિકા પાસેથી ૪૫ કરોડ ૪૧ લાખ રુપિયા લેવામાં આવ્યા હતા. ત્યારબાદ વર્ષ ૧૯૫૯ માં અમેરિકાએ અલાસ્કાને પોતાનું ૪૯ મુ રાજ્ય જાહેર કરી દીધું હતું. અમેરિકાનો કબ્જો હોવાના કારણે દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન જાપાની સેનાએ અલાસ્કા પર પણ હુમલો કર્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર પર્લ હાર્બરથી વધારે અલાસ્કામાં અમેરિકી લોકોના મોત થયા હતા.

અલાસ્કા અમેરિકાના ૫૦ રાજ્યોમાં સૌથી મોટું રાજ્ય છે. અલાસ્કાના પૂર્વમાં કેનેડા, ઉત્તરમાં આર્કટિક મહાસાગર, દક્ષિણ-પશ્ચિમમાં પ્રશાંત મહાસાગર અને પશ્ચિમમાં રશિયા આવેલું છે. આ રાજ્યનું નામ અલાસ્કા રશિયન સામ્રાજ્યના સમયથી જ ઉપયોગ થતું આવી રહ્યું છે. અમેરિકાએ આને ખરીદ્યા બાદ પણ આનું નામ બદલ્યું નથી. અલાસ્કાનો અર્થ મુખ્ય ભૂમિ અથવા મહાન ભૂમિ એવો થાય છે. અલાસ્કામાં સ્થિત છે જોનઉ આઈસ ફીલ્ડને દુનિયાનો સાતમો સૌથી મોટો હિમ વિસ્તાર માનવામાં આવે છે.

આશરે ૧૫૦૦ વર્ગ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા આ વિસ્તારમાં વાર્ષિક ૧૦૦ ફૂટ જેટલી બરફવર્ષા થાય છે. વધારે ઉંચાઈ પર હોવાના કારણે ગરમીમાં પણ અહીંયા ઓછો બરફ પીગળએ છે. અલાસ્કાને વેચ્યાનો અફસોસ રશિયાને આજે પણ છે કારણ કે અલાસ્કા જો આજના સમયમાં રશિયા પાસે હોત તો તે આ જગ્યાને પોતાના પોર્ટ રુપે ઉપયોગમાં લઈ શકત. કારણ કે રશિયા પાસે કેનેડા, અમેરિકા અથવા પશ્ચિમી દેશોમાં જવા માટે કોઈ અન્ય સરળ રસ્તો નથી. જો અલાસ્કા આજે રશિયાનો ભાગ હોત તો તેને ખૂબ સરળતા રહેત.

સાવધાન....ઘરમાં અમુક જગ્યાએ છુપાઈને બેસી શકે છે વાયરસ



કોરોના વાયરસ આ સમયે વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. આ વાયરસનો ફેલાવો સામાન્ય ફ્લૂ કરતા ત્રણ ગણો વધારે છે. હાલમાં વાયરસ માટે કોઈ ચોક્કસ ઉપાય અથવા રસી ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં લોકોને તેનાથી બચાવવા માટે ઘરમાં કેદ રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. પરંતુ શું તમે જાણો છો કે આ ખતરનાક વાયરસ તમારા ઘરની અંદરની ચીજો પર પણ છુપાઈને બેસી શકે છે. હકીકતમાં, ઘણી વખત ઘરનો એક સભ્ય થોડોક માલ લેવા માટે બહાર જાય છે અને પછી તેના માધ્યમથી આ વાયરસ દ્વારા તમારા ઘરમાં પ્રવેશ કરી જાય છે. કેટલાક કિસ્સાઓમાં એવું પણ થાય છે કે વ્યક્તિ પહેલેથી જ કોરોનાથી પીડિત છે, પરંતુ તેની જાણકારી મળે તે પહેલા જ તે ઘરની ઘણી બધી વસ્તુઓને સંક્રમિત કરી ચૂક્યો હોય છે.

લોન્ડ્રીહિપના સીઈઓ, દયાન દિમિત્રોવના જણાવ્યા અનુસાર, આ વાયરસ આપણા ઘરની ઘણી ગુપ્ત જગ્યાઓ પર છુપાઈ શકે છે. આ વાયરસનું કદ માનવ વાળ કરતા ૯૦૦ ગણું નાનું છે. આવી સ્થિતિમાં, તે સરળતાથી અમુક લોકોને વળગી રહીને અન્ય લોકોને ચેપ લગાડે છે.

ટુવાલ

આપણે બધા ઘરે ટુવાલ વાપરીએ છીએ. તેની મદદથી આપણે આપણા આખા શરીર અને હાથને વારંવાર સાફ કરતાં હોઈએ છીએ. આ કિસ્સામાં, આ ટુવાલમાં સૌથી વધુ બેક્ટેરિયા અને વાયરસ હોય છે. તેથી, તમારે તેને ગરમ પાણીમાં પલાળીને સાબુ અથવા પાઉડરથી સારી રીતે ધોવા જોઈએ.

કિચન

ઘરે રસોડામાં કામ કરતી વખતે ગ્લોવ્ઝ પહેરો. જો કે, આ ગ્લોવ્સમાં બેક્ટેરિયા અને વાયરસ પણ હોઈ શકે છે. તેથી જ્યારે તેનો ઉપયોગ કરી લો ત્યારે તેને ગરમ પાણી અથવા વિનેગરથી ધોઈ લો. રસોડામાં બધા લોકોનો ખોરાક પણ બનાવવામાં આવે છે, આને કારણે તેઓ બાકીના ભાગમાં સરળતાથી ફેલાય છે.

તકીયા

જે તકીયા પર માથું રાખીને તમે રાત્રિના આરામથી ઊંઘ કરો છો તેની અંદર પર વાયરસ છુપાઈ શકે છે. બહારથી આવ્યા પછી, આ આપણા માથામાંથી ઓશિકામાં જમા થઈ શકે છે. આથી તેના કવર પણ ધોતા રહેવા જોઈએ.

પગ લુછણિયું

કાર્પેટ, મેટ અને પગ લુંછણિયા એવી વસ્તુઓ છે જે આપણા પગના સંપર્કમાં આવે છે. તેથી, આ સંક્રમણને ફેલાવવા માટેની હોટસ્પોટ જગ્યા છે. તેથી તેને પણ નિતમિત રૂપથી ધોતા રહેવું.

કપડાં

તમે જે કપડા પહેરીને બહાર ગયા હતા તેના ઉપર પણ વાયરસ હોવાનો ખતરો રહે છે. તેથી, બહારથી આવ્યા પછી, તે કપડાંને ગરમ પાણીથી ધોઈ લો. વોશિંગ મશીનને પણ સાફ કરો.

રિમોટ

ટેલિવિઝન અથવા એર કન્ડીશનર રિમોટને ઘરમાં ઘણી વખત સ્પર્શ કરવામાં આવે છે. વાયરસ તેની અંદર છુપાયેલ રહી શકે છે. તો તેમની સ્વચ્છતાની પણ કાળજી લો.

મોબાઈલ

ઘરની બહાર નીકળતી વખતે તમે મોબાઈલને પણ સ્પર્શ કર્યો હશે. ઘરમાં પ્રવેશ્યા પછી, જો તમે મોબાઈલ સ્ક્રીનને સાફ ન કરો, તો ચેપ ફેલાય છે.

નોંધ

સૌથી સારી વાત એ છે કે તમે ઘરની બહાર માસ્ક, ટોપીઓ, ચશ્મા વગેરે વસ્તુઓ લગાવીને નીકળો. પછી ઘરે આવીને આ બધી વસ્તુઓ અને હાથને સારી રીતે ધોઈ લો. જો શક્ય હોય તો બહારથી આવ્યા પછી સ્નાન કરો. ઘરે આવતા સમયે જાતે જ દરવાજાને અડશો નહીં, પરંતુ બીજી વ્યક્તિને કહો. આ રીતે તમે ચેપ થવાની સંભાવના ઘટાડી શકો છો.

૩ મે બાદ પણ રાહતની શક્યતા નહીં, લૉકડાઉન યથાવત રાખવા તૈયાર મોટાભાગના રાજ્યો

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના વધતા કેસને જોતા વધારવામાં આવેલું લૉકડાઉન ૩ મેએ પૂર્ણ થઈ રહ્યું છે. કોવિડ-૧૯ સંક્રમણની ગતિ હજુ ધીમી પડી નથી, તેવામાં ઘણા રાજ્ય ૩ મે બાદ પણ લૉકડાઉન જારી રાખવા ઈચ્છે છે. કોરોના પર બનેલી દિલ્હી સરકારની કમિટીએ એક દિવસ પહેલાં કહ્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૬ મે સુધી લૉકડાઉન વધારવું પડશે. ત્યારબાદ શનિવારે વધુ પાંચ રાજ્યોએ કહ્યું કે, અમારે ત્યાં હોટસ્પોટમાં ૩ મે બાદ પણ લૉકડાઉન યથાવત રાખવા ઈચ્છીએ છીએ.

મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં લૉકડાઉન આગળ વધારવાની વાત કહેવામાં આવી છે. તો છ રાજ્ય- આંધ્ર પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, ગુજરાત અને તમિલનાડુએ કહ્યું કે, તે કેન્દ્રના આદેશોનું પાલન કરશે. પરંતુ આસામ, કેરલ અને બિહાર આ વિશે વડાપ્રધાન મોદી સાથે વીડિયો કોન્ફરન્સ બાદ કોઈ નિર્ણય લેવા ઈચ્છે છે.

તેલંગણાએ પહેલા જ લૉકડાઉનને આગળ વધારી દીધું છે. ત્યાં ૭ મે સુધી લૉકડાઉન રહેશે. રાજ્ય સરકારે કહ્યું કે, તે બે દિવસ પહેલાં એટલે કે ૫ મેએ લૉકડાઉન વધુ વધારવાનો નિર્ણય લેશે. કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપે લૉકડાઉન વધારવા ઈચ્છે છે. રાજ્યના ૯૨ ટકા કેસ માત્ર મુંબઈ અને પુણેમાં છે. તેઓ ઈચ્છે છે કે અહીંના કન્ટેનમેન્ટ ઝોન છે ત્યાં ૧૮ મે સુધી લૉકડાઉન જારી રહે. પરંતુ તેમણે કહ્યું કે, તેના પર પીએમ મોદી સાથે ચર્ચા બાદ નિર્ણય લેવામાં આવશે. બંગાળ, પંજાબ અને ઓડિશા પણ ૩ મે બાદ લૉકડાઉન વધારવા ઈચ્છે છે. સૂત્રો અનુસાર, બંગાળ સરકાર કોલકત્તા, ઉત્તરી ૨૪ પરગના, હુગલી, ઈસ્ટ મિદનાપુર, ઈસ્ટ બર્દવાન અને નાદિયાના રેડ ઝોનમાં પ્રતિબંધ યથાવત રાખી શકે છે. પરંતુ સરકાર સંપૂર્ણ રાજ્યમાં લૉકડાઉનના પક્ષમાં નથી.

પંજાબના મુખ્યમંત્રીનું માનવું છે કે થોડા સમય માટે લૉકડાઉન સંપૂર્ણ રીતે હટાવવુ સંભવ બનશે નહીં કારણ કે રાજ્યએ છેલ્લા ૪૦ દિવસમાં કોવિડ-૧૯ના કર્વમાં ત્રણ વખત ઉછાળો જોયો છે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સ્પષ્ટ કર્યું કે, ઈન્દોર, ભોપાલ, ઉજ્જૈન અને ખરગોનમાં ૩ મે બાદ લૉકડાઉન હટાવવું સંભવ નથી. સરકાર જબલપુરમાં પણ લૉકડાઉન વધારી શકે છે, કારણ કે ત્યાં છેલ્લા બે-ત્રણ દિવસમાં કેસો વધ્યા છે. રાજસ્થાનના સીએમ ઈચ્છે છે કે ગ્રાઉન્ડની પરિસ્થિતિના આધાર પર રાજ્યોને લૉકડાઉન પર નિર્ણય કરવાની છૂટ આપવામાં આવે. છત્તીસગઢ, જ્યાં ૫ પોઝિટિવ કેસ છે, ત્યાં સરકારે કેન્દ્ર પાસે આર્થિક ગતિવિધિ શરૂ કરવાની મંજૂરી માગી છે.

કુલ મૃત્યુઆંક ૮૨૪એ પહોંચ્યો કોરોના બેકાબૂ: દેશમાં સંક્રમિતોની સંખ્યા ૨૬ હજારને પાર, ૨૪ કલાકમાં ૪૯ના મોત

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાઈરસ સંક્રમણના નવા કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. દેશભરમાં કોરોના વાઈરસના દર્દીઓનો આંકડો ૨૬ હજારને પાર પહોંચી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના કેસોમાં રેકોર્ડ વધારો જોવા મળ્યો છે અને ૧૯૯૦ નવા કેસો સામે આવ્યા છે, જ્યારે ૪૯ લોકોના મોત થયા છે.

રવિવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે, દેશમાં કોરોના વાઈરસશી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૨૬૪૯૬ થઈ ગઈ છે, જ્યારે આ જીવલેણ મહામારીથી ૮૨૪ લોકો મોતને ભેટ્યા છે.

કોરોના વાઈરસના કુલ ૨૬૪૯૬ કેસોમાંથી ૧૯૮૬૮ એક્ટિવ કેસો છે. આ ઉપરાંત ૫૮૦૩ લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

કોરોના વાઈરસની સૌથી વ્યાપક અસર મહારાષ્ટ્રમાં જોવા મળી છે. જ્યાં જીવલેણ વાઈરસે ૩૨૩ લોકોનો ભોગ લીધો છે. આ સિવાય રાજ્યમાં આ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૯૦૨૭ પર પહોંચી ગઈ છે.

ઉર્વશી રૌતેલાનું ફેસબુક એકાઉન્ટ થયું હેક, સાયબર કાઈમમાં ફરિયાદ દાખલ કરી

મુંબઈ

બૉલીવુડ અભિનેત્રી ઉર્વશી રૌતેલાનું ફેસબુક એકાઉન્ટ હેક થઈ ગયું છે, અભિનેત્રીએ ટ્વિટર ઉપર જાણકારી આપી હતી અને તેમના પ્રશંસકોને કહ્યું હતું કે પોતાના ફેસબુક એકાઉન્ટથી કરવામાં આવતી કોઈપણ પોસ્ટનો જવાબ આપવામાં ન આવે. અભિનેત્રી ટ્વિટ કરીને જણાવ્યું હતું કે મારું ફેસબુક એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યું છે જેથી હું તમને વિનંતી કરું છું કે તેમાંથી આવતા મેસેજ અથવા તો કોઈ પણ પ્રશ્નનો જવાબ ન આપવામાં આવે કારણ કે આ પોસ્ટ મારા અથવા મારી ટીમ દ્વારા કરવામાં આવી રહી નથી. ઉર્વશીને ફેસબુક એકાઉન્ટ હેક થયું તેની જાણકારી ત્યારે મળી હતી કે જ્યારે તેમના એકાઉન્ટમાંથી અશ્લીલ સામગ્રી પોસ્ટ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસે તેમને જાણકારી આપતા જણાવ્યું હતું કે તેમને આ વિશે કાર્યવાહી શરૂ કરી છે. અને આ મામલે સાયબર કાઈમમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મુંબઈ પોલીસે ઉર્વશીને જવાબ આપતા ટવીટર પર જણાવ્યું હતું કે તમારી ફરિયાદ સાયબર કાઈમ પોલીસ સ્ટેશન મોકલી આપવામાં આવી છે. બોલિવૂડ અભિનેત્રી અને પૂર્વ બ્યુટી કવીન ઉર્વશી રૌતેલા સોશિયલ મીડિયા પર ખાસ પ્રખ્યાત છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર જેવા પ્લેટફોર્મ પર તેનો બહુ મોટો ચાહકવર્ગ રહેલો છે.

પરિવાર સાથે ન રહે ત્યાં સુધી મકાન ઘર બનતું નથી: તાપસી પન્નુ

મુંબઈ

કોરોના વાઈરસને કારણે ચાલી રહેલ લોકડાઉનમાં શૂટિંગ બંધ છે. લોકોને ઘરે જ રહેવા અપીલ કરવામાં આવી છે. આ સમયમાં તાપસી પન્નુ ઘરે રહીને થ્રોબેક ફોટો શેર કરીને તેની સ્ટોરી પોસ્ટ કરતી રહે છે. હવે તેણે તેના મુંબઈના ઘરની વાત કરી છે. તેણે તેના અપાર્ટમેન્ટનો ફોટો શેર કરીને તેની સ્ટોરી શેર કરી છે કે જ્યાં સુધી પરિવાર સાથે ન રહે ત્યાં સુધી મકાન ઘર બનતું નથી.

ફોટો પોસ્ટ કરી તાપસીએ લખ્યું હતું કે, આ એ દિવસ છે જ્યારે મુંબઈમાં મારો અપાર્ટમેન્ટ તમામ ઈન્ટિરિયર સાથે તૈયાર થઈ ગયો હતો. આ સ્ટ્રેન્જ હતું કે જ્યારે હું મનમરઝિયાં ફિલ્મના શૂટિંગ માટે ગઈ ત્યારે જૂના અપાર્ટમેન્ટમાંથી ગઈ હતી, જ્યાં હું મુંબઈ રહેવા આવી ત્યારે ભાડે રહેતી હતી. જ્યારે મેં ફિલ્મનું શૂટિંગ પૂરું કર્યું અને હું પરત આવી ત્યારે હું મારા નવા અપાર્ટમેન્ટમાં એન્ટર થઈ. હું ઘરમાં આવી એ પહેલાં જ મમ્મી અને બહેને બધું સેટ કરી દીધું હતું અને ત્યારે મને અહેસાસ થયો કે ભલે તમે ગમે એટલી મહેનત કરો પણ મકાન ત્યાં સુધી મકાન જ રહે છે જ્યાં સુધી પરિવાર સાથે મળીને તેને ઘર નથી બનાવતું. આગળ તેણે ઘર વિશે લખ્યું કે, તે બ્લુ દરવાજો છે જે હું હંમેશાંથી મારા ઘર માટે ઈચ્છતી હતી. મને ઘરની બહાર નેમ પ્લેટને બદલે લોગો જોઈતો હતો. આ બધું એકસાથે પહેલીવાર જોઈને ખરેખર આનંદ થયો હતો અને આ પળ એક છોકરીના જીવનમાં ઘણી મહત્ત્વની હોય છે જે તેની ખુદની જગ્યા બનાવવા ઈચ્છતી હોય, જેને તે જ્યારે જુએ ત્યારે ઊંચા ગોલ સેટ કરીને વિચારી શકે કે આ પોસિબલ છે.

ઈન્ટાગ્રામ પર અભિનેત્રી ઈલાયાના ડી ક્રૂઝે બિન્દાસ્ત પિરિયડ્સ મુદ્દે વાત કરી

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ ઈલિયાના ડી ક્રુઝ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. એટલું જ નહીં, તે તેના પ્રશંસકો સાથે પણ વાતચીત કરે છે. તાજેતરમાં, તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પ્રશ્ન જવાબ સેશન કર્યું હતું. ત્યારબાદ એક પ્રશંસકે તેને તેની ફિઓન્સીને લઈને સવાલ પૂછ્યો ઈલિયાનાએ સવાલને નજર અંદાજ કરવાની જગ્યાએ બિન્દાસ્ત જવાબ આપ્યો..

હકીકતમાં, થોડા દિવસો પહેલા, ઈલિયાના ડી'ક્રુઝ પીરિયડ્સ દરમિયાન છોકરીઓના મૂડ વિશે એક મીમ શેર કર્યો હતો. કવેશન આન્સર સેશનમાં, એક યૂઝરેતેને તે મીમ્સની યાદ અપાવી અને તેને તેની ફિઓન્સી વિશે પ્રશ્નો પૂછ્યા. યૂઝરે કહ્યું- ફિઓન્સીના પીરિયડ સિચુએશન ડીલ કરવાની રીત જણાવો. હું નથી ઈચ્છતો કે હું તેને હર્ટ કરું.

તેના જવાબમાં, ઈલિયાનાએ કહ્યું, "તમે આરામથી વાત કરો. આટલું જ નહીં, તમારે તૈયાર રહેવું પડશે કે જ્યારે પણ તે ગુસ્સે દેખાય ત્યારે તેને ગળે મળો. આ વાતનો વિચાર તેની આસપાસન આવે તેનુ ધ્યાન રાખો. જો તેનો મૂડ ખરાબ હોય તો ચોકલેટ આપીને નીકળી જાઓ.


ઈલિયાના વર્ક ફ્રન્ટ વિશે વાત કરવામાં આવે તો તે આગામી ફિલ્મ ધ રેડ બુલમાં અભિષેક બચ્ચન સાથે જોવા મળશે. ઉપરાંત, તે પરિણીતી ચોપડા અને અજય દેવગણની ફિલ્મ 'ભૂજ'માં પણ તે એક ખાસ પાત્ર નિભાવતી નજરે પડશે.

લૉકડાઉન દરમિયાન અર્ચના પુરન સિંહે ગરીબોને ભોજન આપ્યું

મુંબઈ

લૉકડાઉન હોવાને કારણે બોલિવૂડ સ્ટાર્સ જરૂરિયામંદ લોકોની શક્ય તેટલી મદદ કરી રહ્યું છે. હાલમાં જ અર્ચના પુરન સિંહ પતિ પરમીતસ સેઠી સાથે પોતાના વિસ્તારના ગરીબ લોકોને ખાવાનું આપતાં જોવા મળ્યાં હતાં. આ વીડિયો એક્ટ્રેસ નંદિની સેને સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. વીડિયોમાં અર્ચના પુરન સિંહ ગ્લવ્ઝ તથા માસ્ક પહેરીને જરૂરિયાતમંદ લોકોને ભોજન આપતી જોવા મળે છે. આટલું જ નહીં તે સોશિયલ ડિસ્ટેન્સિંગ રાખવાની પણ સલાહ આપે છે. આ વીડિયો પર ચાહકોએ કમેન્ટ્સ પણ કરી હતી.છે. બોલિવૂડ એક્ટ્રેસ નીના ગુપ્તાએ આ પોસ્ટ પર કમેન્ટ કરતાં કહ્યું હતું કે વાઉ, યે હુઈ ના બાત. ઉલ્લેખનીય છે કે અર્ચના પુરણ સિંહ પતિ તથા બાળકો સાથે મડ આઈલેન્ડમાં આવેલા પોતાના ઘરમાં ક્વોરન્ટીન સમય પસાર કરી રહી છે.

સચિન, દ્રવિડ, સેહવાગ, ગાંગુલી, લક્ષ્મણ મહાન ભારતીય બેટ્સમેનો: રોહિત શર્મા



મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન બેટ્સમેનોની વાત કરવામાં આવે તો કેપ્ટન વિરાટ કોહલી અને ટી-૨૦-વન-ડે ટીમના વાઈસ કેપ્ટન રોહિત શર્મા અલગ જ સ્તર પર છે. જો ભારતીય ક્રિકેટ ઈતિહાસના સર્વશ્રેષ્ઠ પાંચ બેટ્સમેનોની વાત કરવામાં આવે તો મુકાબલો થોડો રસપ્રદ બને તે નિશ્ચિત છે. દરેકની પોતાની પસંદગી હોય છે પણ આ સવાલ રોહિત શર્માને પૂછવામાં આવ્યો તો તેણે તરત જ આ સવાલનો જવાબ આપ્યો હતો.

રોહિત શર્માને આ સવાલ ઈંસ્ટાગ્રામ લાઈવ ચેટ દરમિયાન ઓફ સ્પિનર હરભજન સિંહે પૂછ્યો હતો. જેના જવાબમાં રોહિતે જે પાંચ ખેલાડીઓના નામ આપ્યા છે તે તેમામ સાથે તે રમી ચૂક્યો છે. રોહિતે જે પાંચ સર્વશ્રેષ્ઠ ભારતીય બેટ્સમેનોના નામ લીધા હતા. તેમાં સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, વીરેન્દ્ર સેહવાગ, સૌરવ ગાંગુલી અને વીવીએસ લક્ષ્મણ સામેલ છે. રોહિતની યાદીમાં દિગ્ગજ બેટ્સમેન સુનીલ ગાવસ્કર, ગુંડપ્પા વિશ્વનાથ, મહેન્દ્રસિંહ ધોની અને વિરાટ કોહલીના નામ ન હતા.

રોહિત શર્માએ કહ્યું હતું કે જ્યારે હું યુવા હતો ત્યારે મેં સચિન પાજી સિવાય કોઈને જોયા નથી. આ પછી મેં બીજા ક્રિકેટરને ફોલો કરવાનું શરુ કર્યું હતું. જેમાં રાહુલ દ્રવિડનો સમાવેશ થાય છે. તેમણે ૨૦૦૨માં ઈંગ્લેન્ડની શ્રેણીમાં ઘણી સદી ફટકારી હતી. આ શ્રેણીમાં ઘણી શાનદાર ઈનિંગ્સ રમી હતી. આ પછી વીરેન્દ્ર સેહવાગ છે, જે રીતે તે બેટિંગ કરતો હતો તેનાથી ઈનિંગ્સની શરુઆતમાં બોલરોનો અડધો આત્મવિશ્વાસ ખતમ થઈ જતો હતો. આ પછી આ યાદીમાં વીવીએસ લક્ષ્મણ અને સૌરવ ગાંગુલીનું નામ લઈશ.

કોરોના પડકાર
પહેલા પાનાથી ચાલુ

ક્ષેત્રો નવી ટેકનોલોજી પરિવર્તન તરફ આગળ વધી રહ્યા છે. ટેકનોલોજીના મોરચે દરેક ઈનોવેટર કંઈને કંઈક નવું કરી રહ્યા છે. દેશ એક ટીમ તરીકે કામ કરે છે તેનો આજે આપણે અનુભવ કરી રહ્યા છીએ. સરકારના તમામ વિભાગો સાથે મળીને કામ કરી રહ્યા છે. એવિએશન, રેલવે સહિત તમામ સેક્ટર પ્રેરણાદાયી કામ કરી રહ્યા છે, જેથી લોકોને ઓછી તકલીફ પડે. આજે આપણા તમામ સાથી કોરોના વોરિયર છે. આજે ગરીબોને સીધા પૈસા ટ્રાન્સફર કરવામાં આવે છે. ગરીબોને ત્રણ મહિના ગેસ સિલિન્ડર મફત આપવામાં આવી રહ્યા છે. રાશન પૂરું પાડવામાં આવી રહ્યું છે. કોરોનાને લીધે કેટલાક હકારાત્મક પરિવર્તન જોવા મળ્યા છે. તે આપણા જીવનમાં કેટલીક જગ્યા બનાવી રહ્યા છે. તેણે આપણી સમજ અને વિચારોને જાગૃત કર્યા છે. આજે માસ્ક આપણા જીવનનો ભાગ બની રહ્યો છે.

સ્વાસ્થ્ય- પોલીસ કર્મચારીઓ માનવતાનું કામ કરી રહ્યા છે, એમ કહીને તેમણે જણાવ્યું કે, આજે દેશના દરેક ખુણેથી એવી તસ્વીરો આવી રહી છે જેમા લોકો સુરક્ષા કર્મી, સ્વાસ્થ્ય કર્મીઓ પર પુષ્પ વર્ષા કરી રહ્યા છે. આજે પોલીસ કર્મચારીઓ ગરીબોને ભોજન આપે છે, દવા પહોંચાડી રહી છે. પોલીસની માનવીય અને સંવેદનશીલતા આપણી સામે ઉભરીને આવ્યા, તેમણે આપણા હૃદયને સ્પર્શી લીધો છે. પોલીસ કર્મચારીઓ ખરા સેવાર્થીઓ તરીકે ઉભરી આવ્યા છે.

પ્રકૃતિ, વિકૃતિ અને સંસ્કૃતિને એક ભાવથી જોવામાં આવે તો આપણને જીવનનો એક નવો દ્વાર ખુલતો દેખાશે.પોતાના હિસ્સાની વસ્તુઓ અન્ય વચ્ચે વહેચીએ તેને જ તો સંસ્કૃતિ કહેવાય છે. ભારતે તેના સંશાધનો અને વિચારોને અનુરૂપ કેટલાક નિર્ણયો કર્યા છે. ભારતની આવશ્યકતા અને સુરક્ષા માટે યોગ્ય નિર્ણયો લીધા છે. આપણે વિશ્વમાં દરેક ખૂણે આવશ્યક દવાઓ પૂરી પાડી છે. તેઓ કહે છે થેંક્યુ ઈન્ડિયા, થેંક્યુ પિપલ્સ ઓફ ઈન્ડિયા. રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા આયુર્વેદનો કેવી રીતે ઉપયોગ થઈ રહ્યો છે તે આપણે જોઈ શકીએ છીએ. આયુષ મંત્રાલયે પણ આ માટે કેટલાક દિશા સૂચનો જારી કર્યા હતા.

દેશના રાજ્યોનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, આપણા દેશની રાજ્ય સરકારોની પણ પ્રશંસા કરું છું કે તેમણે ખૂબ જ સક્રિય ભૂમિકા ભજવી રહી છે. દેશમાં સ્વાસ્થ્ય કર્મચારીઓએ તાજેતરમાં જે અધ્યાદેશ લાવવામાં આવ્યો છે તેને આવકાર્યો છે. આપણા સ્વાસ્થ્ય કર્મચારીઓ દિવસ રાત કામ કરી રહ્યા છે તેમનું રક્ષણ કરવા માટે તે ખૂબ જ જરૂરી હતો.

સમાજના દ્રષ્ટીકોણમાં પણ પરિવર્તન આવ્યું છે. આપણી સાથે જોડાયેલા લોકોને લઈ આપણો દ્રષ્ટિકોણ બદલાયો છે. આવશ્યક સેવાઓ પૂરી પાડનાર વ્યક્તિઓ વગર આપણુ જીવન કેટલું મુશ્કેલ હોઈ શકે છે તેનો આપણે અહેસાસ કરી રહ્યાં છીએ.

ખેડૂતોએ તેમની મહેનતથી દેશના અનાજ ભંડારોને અક્ષયપાત્ર બનાવ્યા છે એમ કહીને મોદીએ કહ્યું કે, આ એક સુખદ સહયોગ છે કે આજે અક્ષય તૃતિયાં પર્વ છે. જે ખેડૂતો માટે પણ મહત્વનો તહેવાર છે.. ક્ષયનો અર્થ થાય છે વિનાશ, પણ અક્ષયનો અર્થ થાય છે કે જેનો નાશ ન થાય. આ દિવસ આપણે એ યાદ અપાવે છે કે ગમે તેવી મુશ્કેલી પડે તેનો સામનો કરવાનો અને જુઝવાની ભાવના અક્ષય છે. આ એજ દિવસ છે કે શ્રી કૃષ્ણ અને સુર્ય ભગવાનના આર્શીવાદથી અક્ષય પાત્ર મળ્યું હતું. આજે ખેડૂતોની મહેનતથી આજે દેશ પાસે અનાજના અક્ષય ભંડાર છે. આપણે જંગલ, નદી વગેરેની ભૂમિકા અંગે વિચાર કરવો પડશે. આપણે આપણી ધરતી અક્ષય રહે તે સુનિશ્ચિત કરવી પડશે. સંકટના સમયમાં આપણી નાની એવી મદદ અન્ય માટે મોટી રાહત મળે છે.

ભારતમાં ૨૦ મે
પહેલા પાનાથી ચાલુ

મળ્યું કે ઈટલી અને સ્પેનમાં એ લગભગ સાચું પુરવાર થઈ રહ્યું છે. આ બંને દેશોમાં તે મેના પહેલા સપ્તાહમાં ખતમ થઈ શકે છે.

દેશમાં કોવિડ-૧૯ના કેસ બેગણા થવાની સરેરાશ દર હાલ ૯.૧ દિવસ છે. હાલ દેશમાં સંક્રમણથી મૃત્યુ દર ૩.૧ ટકા છે જ્યારે (સંક્રમિત) દર્દીના સંક્રમણ મુક્ત થવાની ટકાવારી ૨૦ ટકાથી વધુ છે. જે મોટાભાગના દેશોની તુલનામાં સારી છે. દેશમાં લૉકડાઉનની સારી અસર જોવા મળી રહી છે. દેશના ૧૧ રાજ્ય એવા છે જ્યાં દર્દીઓનો આંકડો ૧૫૦ સુધીનો છે. પરંતુ હજુ સુધી એક પણ દર્દીનું મોત નથી થયું.

અનિર્ણિત રૂપાણી
પહેલા પાનાથી ચાલુ

સચિવ અશ્વિની કુમારે પ્રેસ કોન્ફરન્સ કરી મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે રાજ્યના ૪ મહાનગરોમાં આવશ્યક વસ્તુઓ સિવાયની દુકાનો બંધ રહેશે. તેમણે કહ્યું કે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં આવશ્યક વસ્તુઓ સિવાયની દુકાનો બંધ રહેશે. આ રીતે હવે ચાર મહાનગરોમાં દુકાનો ખોલવાનો નિર્ણય પાછો ખેંચાયો છે.

અશ્વિની કુમારે કહ્યું કે આ ૪ મહાનગરોમાં ૩ મે સુધી આવશ્યક વસ્તુઓ સિવાયની દુકાનો બંધ રાખવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આ નિર્ણય વેપારી એસોસિએશન સાથે બેઠક કરીને લેવાયો છે. ઉપરાંત, રાજ્યના અન્ય શહેરોમાં પણ મોલ, માર્કેટિંગ કોમ્પલેક્સ, સલૂન, પાન-માવા, હોટલ અને રેસ્ટોરન્ટ ખોલી શકાશે નહી. આ સાથે અશ્વિની કુમારે એમ પણ કહ્યું કે કોરોના મુદ્દે સતકતાનું રાજયના વેપારીઓને ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ સિવાય રાજ્યના અન્ય શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટની સેવાઓ પણ બંધ રહેશે. તેમણે જણાવ્યું કે રાજ્યમાં કોરોના સંક્રમણ વધુ ના ફેલાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં દૂધ, દવા, શાકભાજી, કરિયાણાની દુકાનો પહેલાની જેમ ખુલ્લી રહેશે. જ્યારે પાન-મસાલા, બ્યુટી પાર્લર, હોટલ બંધ રહેશે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે સરકારે અમુક દુકાનો ખુલ્લી રાખવાની મંજૂરી આપી હતી. જેના પછી સવાલ ઉભા થયા હતા કે રાજ્યમાં કોરોના વાયરસની ગંભીર પરિસ્થિતિ હોવા છતા પણ આ છૂટ કેમ આપવામાં આવી છે. સરકારે જણાવ્યું કે વેપારી અને લોકોની માંગ પર ફરી વિચાર કરી રાજ્ય સરકારે પોતાનો નિર્ણય પાછો ખેંચ્યો છે.

રાજ્યના ખેડૂતો અંગે માહિતી આપતા અશ્વિની કુમારે કહ્યું કે, ખેડૂતો હવે પોતાનો પાકને માર્કેટ યાર્ડમાં વેચી શકાશે. પરંતુ સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક, સેનિટાઈઝેશનના નિયમોનું ચુસ્પ પાલન કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે ઘઉં સાડા ૩ લાખ ક્વિન્ટલ ખરીદવામાં આવ્યા છે. એનએફએસએ હેઠળ અનાજ આપવાની કાર્યવાહી પણ શરૂ કરાઈ.

૨૯ એપ્રિલે
પહેલા પાનાથી ચાલુ

કિલોમીટર જેટલો વ્યાસ ધરાવે છે. જે ૨૯મી સવારે ૪:૫૬ કલાકે ૩૧૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પૃથ્વીની નજીકથી પસાર થશે. આ સમયે તે ધરતીથી ૩.૯ મિલિયન માઈલ્સ દૂર હશે. લોકડાઉનના સમયમાં તમે પણ આ ખગોળીય ઘટનાને જોવાનું વિચારતા હોવ તો તેના માટે તમારે ટેલિસ્કોપની જરૂર પડશે. નરી આંખે તમે આ નજરો નહીં જોઈ શકો.

અમેરિકાની સ્પેસ એજન્સી નાસાને આ ઉલ્કાપિંડ વિશે વર્ષ ૧૯૯૮માં માહિતી મેળવી લીધી હતી.ત્યાર પછી વૈજ્ઞાનિકોએ તેને ૫૨૭૬૬ અને ૧૯૯૮માં ઓઆર-૨ નામ આપ્યું હતું. જો કે તેના મોટો આકારના કારણે વૈજ્ઞાનિકો સતત તેના પર નજર રાખતા હતા.

૪.૫ અબજ વર્ષ પહેલા જ્યારે સૌરમંડળનું નિર્માણ થયું ત્યારે આવા અનેક ઉલ્કાપિંડ કે જે ગ્રહનો આકાર ન લઈ શક્યા અને આકાશમાં તરવા લાગ્યા. મહત્વનું છે કે આ પહેલા પણ અનેક વાર મોટા મોટા ઉલ્કાપિંડ પૃથ્વીની નજીકથી પસાર થઈ ચૂક્યા છે. જેણે ખગોળશાસ્ત્રીઓનો ઉત્સાહ વધાર્યો છે.

અફવાઓનું બજાર
પહેલા પાનાથી ચાલુ

લોકોની નજર એ વાત પર રહેશે કે શું ચુન જ કાળા કપડાંમાં સવારનું બુલેટિન કરે છે. જો આમ થયું તો તેમને એક પ્રકારનો સંકેત મનાશે. કિમ જોંગ ઈલના અંતિમ સંસ્કાર મોતના ૯ દિવસ બાદ કરાયા હતા. જો આ વખતે પણ આમ થયું તો કિમ જોંગ ઉનનું અંતિમ સંસ્કાર પમેના રોજ કરી શકાય છે.

ખાસ વાત એ છે કે જ્યારે ચુન એ જ કિમ જોંગ ઈલના મોતની જાહેરાત કરી હતી તો સાથો એમ પણ કહ્યું હતું કે કિમ જોંગ ઉન નેક્સ્ટ નેતા હશે.

આથી આ વખતે પણ દુનિયાને એ જાણવા માટે વધુ રાહ જોવી પડશે નહીં કારણ કે નોર્થ કોરિયાનો નેક્સ્ટ નેતા કોણ બનવાનું છે. કહેવાય છે કે કિમની બહેન કિમ યો જોંગ સુપ્રીમ લીડર હોઈ શકે છે. જો આમ થયું તો ૧૯૪૮ બાદ આ દેશની સત્તા આ પરિવારમાં રહેશે.

કિમ જોંગ ઉનની ટ્રેન રિસોર્ટ ટાઉન વોન્સાનમાં ૨૧થી ૨૩ એપ્રિલની વચ્ચે દેખાઈ. તેના પરથી કિમના લોકેશન કે સ્થિતિની તો ખબર પડી નથી પરંતુ આ રિપોર્ટસને બળ મળ્યું છે જેમાં કહ્યું છે કે કિમ દેશના ઈસ્ટર્ન પોસ્ટ પર કોઈ ઈલીટ વિસ્તારમાં છે.

ફક્ત આવશ્યક સામાનની દુકાનો જ ખૂલશે

અમદાવાદમાં ૩ મે સુધી તમામ દુકાનો બંધ રહેશેઃ વિજય નેહરા

અમદાવાદ

શહેરમાં કોરોનાનો કહેર દિવસે ને દિવસે વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૮૨ નવા કેસ ઉમેરાયા છે. અત્યાર સુધીમાં અમદાવાદમાં કોરોનાના કેસનો કુલ આંક ૨૦૦૩ પર પહોંચી ગયો છે. જ્યારે કોરોનાના કારણે ૮૬ લોકોના મોત થયા છે. આ મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નેહરાએ પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં જણાવ્યું હતું કે શહેરમાં આવશ્યક સામાન સિવાયની તમામ દુકાનો ૩ મે સુધી બંધ રહેશે. વેપારી એસોસિએશન સાથે ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે ગઈકાલે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો કે અમુક વિસ્તારોમાં દુકાનો ખોલવાની મંજૂરી અપાઈ હતી.

નેહરાએ કહ્યું કે, અમદાવાદમાં ડબલિંગ રેડ ચારથી વધીને આઠ દિવસનો થઈ ગયો છે. દર્દીઓના મૃત્યુ કરતા સાજા થવાનો દર પણ બમણો થયો છે. તંત્ર દ્વારા ફાઈવ સ્ટાર હોટલો સાથે એમઓયુ કરવામાં આવ્યા છે જે અનુસાર સમરસ હોસ્ટેલમાં રહેવા ન માગતા લોકો ફર્ન હોટલમાં રહી શકે છે. એક તબક્કે શહેરમાં ડબલિંગ રેટ ત્રણથી ચાર દિવસનો હતો જે ઘટીને આઠ દિવસનો થઈ ગયો છે. જ્યારે રિકવરી રેટ ૧૦ ટકા પર પહોંચી ગયો છે.

તેમણે કહ્યું કે નરોડામાં એક ખાનગી હોસ્પિટલ બની રહી હતી. આ નિર્માણાધીન ૨૦૦ બેડની હોસ્પિટલનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો ન હોવાથી કોવિડ હોસ્પિટલ તરીકે ઉપયોગ કરવાની ઓફર કરવામાં આવી છે.

ગાંધી બ્રિજ અને દધીચી બ્રિજ બંધ - નહેરુ બ્રિજ બાદ, ગાંધી બ્રિજ અને દધીચી બ્રિજ બંધ કરવામા આવ્યા છે. ટ્રાફિક પોલીસ દ્વારા મોડી રાતે નિર્ણય લેવામા આવ્યો છે. સુભાષ બ્રિજ, એલિસબ્રિજ, જમાલપુર બ્રિજ અને આંબેડકર બ્રિજ ચાલુ છે. અચાનક લેવાયેલા નિર્ણય ને પગલે લોકોમા મુશ્કેલી પેદા થઈ છે. કોઈ જાહેરાત વિના રસ્તો બંધ કરતા લોકો અટવાયા છે.

ગ્રીન ઝોનમાં દુકાનો ખૂલી,કુલ કેસો વધીને ૨૩૮

વડોદરામાં વધુ ૪ કેસ કોરોનાના પોઝિટિવઃ એકનું મોત

વડોદરા

શહેરમાં કોરોનાએ કેર યથાવત રાખતા વધુ ૪ પોઝિટિવ કેસ સામે આવ્યા છે.આ ૪ કેસ સાથે જ શહેરમાં અત્યાર સુધી ૨૩૮ પોઝિટિવ કેસો નોંધાયા છે. જ્યારે આજે એક મહિલાનું કોરોનાથી મોત થયું છે. એક માસના લોકડાઉન વચ્ચે સરકાર દ્વારા કેટલીક દુકાનો શરૂ કરવા માટે મંજૂરી આપી છે. ત્યારે શહેરમાં લોકડાઉન દરમિયાન જીવન જરૂરી ચિજવસ્તુઓની દુકાનો ખુલતી હતી. તે દુકાનો ઉપરાંત નહિંવત દુકાનો ખુલી હતી. બીજી બાજુ ગ્રીન ઝોનમાં દુકાનો શરૂ કરવાની મંજૂરી વચ્ચે પોલીસ તંત્ર દ્વારા દુકાનો ખોલવા જતા વેપારીઓનું પોલીસ તંત્ર દ્વારા કડક ચેકીંગ કરવામાં આવ્યું હતું.

વડોદરામાં વુધ ચાર કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૨૩૮ પર પહોંચી ગયો છે. જેમાં આજે નોંધાયેલા ચાર કેસ ત્રણ વિસ્તારના છે. જેમાં ઈન્દુમતિ ગૌકે (ઉ.વ.૭૨) ફતેપુરા, માહસિન શૈખ (ઉ.વ.૩૬) ગલોવાડા, વસીમ મહમ્મદભાઈ દેરાલ્યા (ઉ.વ.૩૩) નાગરવાડા અને હીના વસીમ દેરાલ્યા (ઉ.વ.૨૭) નો સમાવેશ થયા છે. જ્યારે એક ૬૩ વર્ષીય મહિલાનું મોત થયું છે. જેથી મત્યુઆંક ૧૩ પર પહોંચી ગયો છે.

બનાસકાંઠામાં ૨ લાખ પશુપાલકોએ ૭.૧૪ કરોડ પ્રધાનમંત્રી રાહત કોષમાં દાન કર્યા

ગાંધીનગર

કોરોનાની વૈશ્વિક મહામારી સામે દેશ જજુમી રહ્યું છે. એમાં પણ જાણે કોરોના એ ગુજરાત પર મજબૂત પકડ જમાવી છે. કોરોનાને માત આપવા અને રાજ્ય સહિત દેશની પડખે ઉભા રહેવા રાજ્યની અનેક ધાર્મિક સંસ્થાઓ સહિત અન્ય સંસ્થાઓએ આગેકૂચ કરી છે. ત્યારે હવે રાજ્યના પશુપાલકો પણ બાકાત નથી. બનાસ ડેરીના પશુપાલકોએ પીએમ રાહત કોષમાં મોટું દાન આપ્યું છે.જિલ્લાના પશુપાલકોએ ૭ કરોડ ૧૪ લાખ રૂપિયા એકત્ર કરી પ્રધાનમંત્રી રાહત કોષમાં અનુદાન કર્યા છે. સંકટના સમયે બનાસ ડેરીના પશુપાલકો દૂધના નાણાં આપી દેશ સેવામાં અગ્રેસર બન્યા છે. બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ આ મામલે માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રધામંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વૈશ્વિક મહામારી કોરોના સામે જંગ લડવા પ્રધાનમંત્રી રાહત કોષમાં સમગ્ર દેશવાશીઓને ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપવા અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે, દેશના સરહદી જિલ્લા એવા બનાસકાંઠાનાં ૨ લાખ પશુપાલકોએ મળીને ૭ કરોડ ૧૪ લાખ જેટલી માતબર રકમ ભેગી કરીને પ્રધાનમંત્રી રાહત કોષમાં જમા કરાવી છે.

રાજ્યમાં દવાઓ,માસ્ક અને પીપીઇ કિટનો પૂરતો જથ્થો છે

ઈટલી અને સ્પેન કરતા ગુજરાતની સ્થિતિ સારીઃ આરોગ્ય સચિવ

રાજ્યમાં કુલ ૬૧ કોવિડ હોસ્પિટલ કાર્યરત, ૨૧ સ્થળોએ ટેસ્ટિંગની સુવિધા, કુલ ૨૨ હજારથી વધુ બેડની સુવિધા છે

ગાંધીનગર

રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિને લઈ આજે આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિએ પ્રેસ કોન્ફરન્સ કરી અને જણાવ્યું કે ગુજરાતમાં અત્યાર સુધી ૩,૦૭૧ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કોરોનાના કેસનો આંકડો ૩૦૦૦ને પાર પહોંચ્યો છે.

જયંતિ રવિએ કહ્યું કે રાજ્યના ૩૦ જિલ્લાઓમાં કોરોનાના કેસ નોંધાયા છે. ભાવનગર, ખેડા પાટણમાં નવા ૧-૧ કેસ નોંધાયા છે. જ્યારે સુરેન્દ્રનગરમાં ગઈકાલે પ્રથમ કેસ નોંધાયો હતો. તેમણે કહ્યું કે હાલ રાજ્યમાં ૨,૬૫૬ કેસ એક્ટિવ છે. જેમની સારવાર ચાલુ છે અને ૩૦ દર્દીઓ વેન્ટીલેટર પર છે. જ્યારે રાજ્યમાં કોરોના વાયરસના કારણે કુલ ૧૩૩ લોકોના મોત નીપજ્યા છે. આ સિવાય જયંતિ રવિએ કહ્યું કે બીજા દેશોની સરખામણીએ ગુજરાતની સ્થિતિ સારી છે.

તેમણે કહ્યું કે ઈટાલી અને સ્પેનની વસ્તી ગુજરાત જેટલી છે અને તેમની સરખામણીએ ગુજરાતની સ્થિતિ નિયંત્રણમાં છે. તેમણે કહ્યું કે સરકારે પહેલેથી જ પુરતી તકેદારી રાખી છે. સમયસર લોકડાઉન થતા ઘણો ફાયદો થયો છે. ઉપરાંત જયંતિ રવિએ જણાવ્યું કે, રાજ્યમાં દવાનો પર્યાપ્ત જથ્થો છે. એન-૯૫ માસ્ક અને પીપીઇ કિટનો પણ પૂરતો જથ્થો છે. રાજ્યમાં કુલ ૨૨ હજારથી વધુ બેડની સુવિધા છે. ૪ કોવિડ હોસ્પિટલ મેટ્રો સિટીમાં તૈયાર કરવામાં આવી છે. આ સાથે રાજ્યમાં કુલ ૬૧ કોવિડ હોસ્પિટલ હાલ કાર્યરત છે. તેમણે કહ્યું કે ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર અપાઈ રહી છે. રાજ્યમાં ૨૧ સ્થળોએ ટેસ્ટિંગની સુવિધા છે.

બોટાદ જિલ્લામાં કોરોના અટકતો નથી

સૌરાષ્ટ્રમાં ૧૦૩ સેમ્પલમાંથી ૯૪ના રિપોર્ટ નેગેટિવ

ગાંધીનગર

સૌરાષ્ટ્રમાં લેવાયેલા ૧૦૩ સેમ્પ પૈકી ૯૪ સેમ્પલ નેગેટિવ આવ્યા છે. જેમાં રાજકોટમાં ૯૮, જિલ્લામાં ત્રણ અને અન્ય જિલ્લાઓમાં બે સેમ્પલ લેવાયા હતા. ૬૩ પુરૂષ અને ૪૦ મહિલાઓનો સમાવેશ થાય છે. નવ લોકોના રિપોર્ટ હજી પેન્ડિંગ હતા. બીજી બાજુ બોટાદ શહેરમાં કોરોના વાઈરસના વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા હતા જ્યારે રાજકોટના નાના મૌવા આરોગ્ય કેન્દ્ર વિસ્તારમાં કોરોના માટે રેપિડ કીટ દ્વારા ૧૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા૧૬ શાકભાજી લારીવાળા, ૮ રિક્ષા ડ્રાઈવર, ૭ દૂધના ફેરીયા, ૪ સગર્ભા મહિલાઓ, ૮ જંગલેશ્વર વિસ્તારમાં ૧૮ તાપસ સોસાયટી અને ગ્રીન સાંનિધ્યના ક્વોરન્ટીન સહિત અન્ય લોકોના ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. છે. છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૨૭૩ રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

બોટાદ જિલ્લા કલેક્ટર વિશાલ ગુમાએ જણાવ્યું હતું કે, બોટાદ શહેરમાં કોરોનાના વધુ ૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. બોટાદના વોર્ડ નં-૯માં બે કેસ અને વોર્ડ નં-૫માં એક પોઝિટિવ કેસ આવ્યો છે. વોર્ડ નંબર ૫માં ૫૮ વર્ષની મહિલા અને વોર્ડ નં-૯માં ૧૯ વર્ષના યુવાન અને ૨૯ વર્ષની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૨૪ કલાકમાં બે પોઝિટિવ દર્દીને ડિસ્ચાર્જ કરીને ફેસિલિટી ક્વોરન્ટિન કરાયા છે. જમાતથી આવેલા વ્યક્તિનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. બોટાદના તમામ ૧૫ કેસ પ્રથમ કેસ સાથે જોડાયેલા છે. અત્યાર સુધી બોટાદના ત્રણ વોર્ડમાં કોરોના વાઈરસ પહોંચ્યો છે. બોટાદ જિલ્લામાં કોરોનાના ૧૬ કેસો થયા છે. બોટાદ શહેરમાં ૧૫, બરવાળામાં એક, જ્યારે કોરોના વાઈરસથી એક વ્યક્તિ મોત થઈ ચૂક્યું છે. દરિમયાન ભાવનગર જિલ્લાના શિહોરના જલુના ચોકમાં રહેતા સિરાઝ હનીફભાઈ દસાડીયાનું સેમ્પલ લઈને પરિક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા. જેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા.

ગરમીના કેર વચ્ચે આગામી ૨૮-૨૯ એપ્રિલે દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી

ગાંધીનગર

રાજ્યમાં એક તરફ કોરોનાનો કહેર છે તો બીજી તરફ ગરમીનો કહેર છે. આવી પરિસ્થિતિમાં હવામાન વિભાગે આગામી ૨૮ અને ૨૯ એપ્રિલ બે દિવસ દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની આગાહી કરી છે. આ સાથે હવામાન વિભાગે કહ્યું હતું કે, રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમીનો પારો ઊંચો જશે અને અનેક વિસ્તારોમાં આ પારો ૪૫ને પાર થવાની પણ શક્યતાઓ દર્શાવવામાં આવી રહી છે.

મહત્વનું છે કે, શનિવારે કંડલામાં ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદ, ડીસા, વડોદરામાં ૪૧ ડિગ્રી અને રાજકોટ, સુરેન્દ્રનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. એક તરફ લોકો લૉકડાઉનને પગલે ઘરમાં જ રહે છે ત્યારે ગરમીનો પારો ઉંચો જઈ રહ્યો છે. હાલ વહેલી સવારે અને મોડી સાંજ બાદ ઠંડા પવનો આવવાને કારણે લોકોને રાહત મળે છે.

આપણે જણાવી દઈએ કે, હવામાન વિભાગની આગાહી કરી છે કે, આગામી દિવસોમાં ગુજરાતમાં એકસાથે ૨ ડિગ્રી તાપમાન વધી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રનાં કેટલાક શહેરોમાં વધુ ગરમી નોંધાશે. માહિતી પ્રમાણે ગુજરાતના કંડલામાં સૌથી વધુ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયું છે. ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન દ્વારકા, વેરાવળ અને દીવમાં ૩૨ ડિગ્રી સુધી નોંધાયું છે. રાજ્ય સાથે આખા દેશમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત છે. ભોપાલમાં ૪૦ ડિગ્રી, મુંબઈ, ગોવા, દિલ્હી, જયપુરમાં ૩૫ ડિગ્રીની આસપાસ, કોલકત્તામાં ૩૩ ડિગ્રી તાપમાન જ્યારે નાગપુરમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

સાયલામાં પાન,મસાલા,બીડીની દુકાનમાં લોકોની ભારે ભીડ જામતાં લોકડાઉનનો ભંગ

સુરેન્દ્રનગર

કોરોના વાયરસના કારણે લોકડાઉન રહેતા હાલ તમામ પ્રકારના પાન-મસાલા ગુટખાના વેચાણ પર પ્રતિબંધ છે. જેના કારણે પાન-મસાલા, બીડી-સિગારેટના ભાવ બે-ત્રણ ગણા વધી ગયા છે. કારણ કે પાન-મસાલા ગુટખા અને બીડી સિગારેટના બંધાણીઓને તેની લત લાગી હોવાથી ગમે તે રીતે ખરીદી કરવા માગતા હોય છે. ત્યારે હવે સુરેન્દ્રનગરના સાયલાથી એક ઘટના સામે આવી છે.

માહિતી મુજબ સુરેન્દ્રનગરના સાયલામાં પાન, મસાલા બીડીની દુકાનમાં લોકોની ભારે પડાપડી જોવા મળી. લોકડાઉનમાં અચાનક દુકાન ખુલતા લોકો પાન, મસાલા બીડી લેવા ઉમટી પડ્યા હતા. આ દરમિયાન માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગનો અભાવ જોવા મળ્યો હતો. જો કે, સ્થાનિક પોલીસને આ ઘટનાની માહિતી મળતા ઘટના સ્થળે પહોંચી હતી અને ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આપણે જણાવી દઈએ કે સાયલાના સુદામડા ગામે પાન, બીડીની દુકાન ખુલતા લોકોની પડાપડી જોવ મળી હતી. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેમાં દેખાય છે કે કેવી રીતે મોટી સંખ્યામાં લોકો દુકાન પર પાન, મસાલા અને બીડી લેવા ઉમટી પડ્યા છે. આ દરમિયાન લોકોએ માસ્ક પણ પહેર્યા નથી અને સોશિયલ ડિસ્ટેન્સિંગના લીરેલીરા ઉડ્યા હતા. માહિતી મુજબ ખોળની દુકાનમાંથી પોલીસે બીડી, તંમાકુનો જથ્થો જપ્ત કરી દુકાન માલિક સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગ્રામ્ય વિસ્તારમાં ભરડો વધ્યો

દસક્રોઈ તાલુકામાં કોરોનાના વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા

અમદાવાદ

અમદાવાદના શહેરી વિસ્તારો બાદ હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે..અમદાવાદના દસક્રોઈ તાલુકામાં કોરોનાના વધુ ત્રણ પોઝિટિવ કેસ થયા છે..દસક્રોઈના પ્રજાપતિ વાસની બે મહિલા અને એક પુરુષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે..આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૫ થઈ છે. સાણંદ, બાવળા, વિરમગામ, દસક્રોઈ, ધંધુકામાં કોરોનાના કેસ નોંધાયા છે. જેમાં દસક્રોઈ ખાતે જ ૧૮ પોઝિટિવ કેસ થયા છે..ગ્રામ્ય વિસ્તારના કુલ ૨૫ પોઝિટિવ કેસમાંથી આઠ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. ગુજરાતમાં કોરોનાએ એટલો મજબૂત સકંજો કસ્યો છેકે, છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૫૬ કેસો નોંધાયા છે જેના લીધે કુલ કેસોનો આંક હવે ૩૦૭૧ સુધી પહોંચી ચૂક્યો છે.જયારે કોરોનાએ વધુ ૬ દર્દીઓનો ભોગ લીધો છે.કોરોનાનો મૃત્યુઆંક પણ ૧૩૩ થયો છે. આટલી પરિસ્થિતી વણસી ચૂકી હોવા છતાંય રાજ્ય આરોગ્ય વિભાગે એવો દાવો કર્યો છેકે,લોકડાઉનને કારણે કોરોનાના વધતાં સંક્રમણને અટકાવવામાંસફળતા મળીછે.

લોકડાઉનથી સાબરમતીને મળ્યું નવજીવન, નદીના પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ વધ્યું

અમદાવાદ

દાયકાઓ બાદ પહેલીવાર સાબરમતી નદીનું પાણી પ્રદૂષણ રહીત વહેતું થયું છે. ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ મુજબ, નદીમાં ઓક્સિઝનનું પ્રમાણ વધવાના કારણે તેમાં જીવન શક્ય છે. વર્ષોથી વાસણા-નારોલ ગટર લાઈન મારફતે નદીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઈન્ડસ્ટ્રીયલ એકમોનો ઝેરી કચરો ભેળવાતો હતો. જેના કારણે નદીમાં ઓક્સિઝનનું પ્રમાણ ઘટી રહ્યું હતું.

લોકડાઉન બાદ સાબરમતી નદીમાં હાંસોલથી લઈને વાસણા-નારોલ સુએજ પ્લાન્ટ સુધીના વિસ્તારમાં ઓક્સિઝનનું પ્રમાણ ધારણ જેટલું નથી વધ્યું. પરંતુ વૌઠા અને વાત્રક જે દેશનો સાતમો સૌથી પ્રદૂષિત પટ્ટો ગણાય છે ત્યાં આ પ્રમાણ ધારણા કરતા વધીને દર લિટરે ૪.૩૭ મિલિગ્રામ થઈ ગયું. અને મિરોલી પેટ્રોલ પંપ પાસે ઓક્સિઝનનું પ્રમાણ ૪.૨૬ મિલિગ્રામ પ્રતિ લિટર થઈ ગયું છે. આ આંકડા સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના છેલ્લા રિપોર્ટમાં દર્શાવાયા છે.

એવી ધારણા છે કે ધોળકા તાલુકામાં આવેલા વૌઠા ગામમાં કાર્તિકી પૂર્ણિમાએ સાબરમતીમાં ડૂબકી લગાવવાનું ધાર્મિક મહત્વ છે. જોકે નદીમાં શ્રદ્ધાળુઓને ડૂબકી મારવા માટે આટલું સ્વચ્છ પાણી આ પહેલા ક્યારેય જોવાયું નથી.નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલના રિપોર્ટ મુજબ ૨૦૧૮માં વૌઠામાં નદીના પાણીમાં ૧૪૭ મિલિગ્રામ પ્રતિ લિટર બીઓડી લેવલ જોવા મળ્યું હતું. લોકડાઉનના ઠીક પહેલા જીપીસીબીએ ચેક કરેલા રિપોર્ટમાં તે ૩૧ મિલિગ્રામ પ્રતિ લીટર હતું. જ્યારે હાલમાં તે જ જગ્યાએ તે બીઓડી લેવલ ૧૨મિલિગ્રામ પ્રતિ લિટર સુધી પહોંચી ગયું છે.

જૂનાગઢમાં અઠવાડિયામાં બે સાધુને ફાડી ખાનાર દીપડો પાંજરે પૂરાયો

જૂનાગઢ

જૂનાગઢમાં ૨ દિવસ પહેલા એક દિપડાએ સાધુને ફાડી ખાવાની ઘટના બની હતી. ત્યારે આ માનવભક્ષી દીપડાને ઝડપી પાડવામાં વન વિભાગને સફળતા મળી છે. મહત્વનું છે કે ૨-૩ દિવસ પહેલા એક સાધુને ફાડી ખાધા હતા અને વધુ એક સાધુને ફાડી ખાતા વન-વિભાગમાં દોડધામ મચી હતી. આખરે આ દિપડો માનવભક્ષી છે કે કેમ તેનું પહેલા પરીક્ષણ કરવામાં આવશે. અને જો માનવ હત્યા માં દીપડો હશે તો તેને આજીવન કેદ ની સજા આપવામાં આવશે. વન વિભાગ હવે દીપડાના મળ પરીક્ષણ પરથી આ નક્કી કરશે . દીપડો સાધુને ૨૦૦ મીટર સુધી ઢસડી ગયો અને બાદમાં તેને ફાડી ખાધા. મામલાની જાણ થતાં વનવિભાગ અને પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી.વન વિભાગ દ્વારા માનવભક્ષી દીપડાને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરવામાં આવી. મહત્વનુંછે કે થોડા દિવસ પહેલા પણ દીપડાએ એક સાધુને ફાડી ખાધા હતા.

૩ લોકો દ્વારા સાદગીપૂર્ણ રથપૂજન વિધિ કરાઈ

લોકડાઉન વચ્ચે ભગવાન જગન્નાથજીના રથનું પૂજન કરાયું

અમદાવાદ

આજે વૈશાખ સુદ ત્રીજ એટલે અખાત્રીજનો પવિત્ર દિવસ છે. આજે ભગવાન જગન્નાથજીના રથ સાથે બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના રથનું પૂજન કરાયું છે. કોરોના વાઈરસના કહેર વચ્ચે માત્ર ૩ લોકો દ્વારા સાદગીપૂર્ણ રીતે રથપૂજન વિધિ કરાઈ છે. આ રથપૂજન વિધિ દરમિયાન ત્રણેય રથોને આસોપાલવ અને ફૂલો દ્વારા શણગારવામાં આવ્યા હતા અને વિશેષ મંત્રોચ્ચાર સાથે રથપૂજન કરાયું છે.

માન્યતા મુજબ આજે ભગવાન વિશ્વકર્મા ભગવાન જગન્નાથજી પાસે આવે છે આવે છે. નગરચર્યા માટે ભગવાનના રથના સમારકામની મંજૂરી માંગે છે. આજના દિવસે અમદાવાદનાં પ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં રથયાત્રા પહેલા યોજાતી ચંદન યાત્રા કરવામાં આવશે. નોંધનીય છે કે, અખા ત્રીજનાં દિવસે યોજાતી ચંદન યાત્રાને રથયાત્રાનું સૌપ્રથમ ચરણ ગણવામાં આવે છે.

આ દિવસે ભગવાનને ચંદનના શણગાર હોવાથી તેને પ્રતિકાત્મક ચંદન યાત્રા કહેવામાં આવે છે. દરવર્ષે આ પાવન દિવસે હજારો ભક્તો ભગવાન જગન્નાથનાં દર્શન કરવા ઉમટી પડતા હોય છે પણઆ વર્ષે લૉકડાઉનનાં કારણે રથ પૂજનમાં નગરજનો આવી નહીં શકે. માત્ર મંદિરનાં મહંત દિલીપદાસજી અને ટ્રસ્ટી જ હાજર રહ્યા છે.

કેશોદમાં કાપડની દુકાનો બંધ કરાવતા, વેપારીઓમાં ફેલાયો રોષ

કેશોદમાં કાપડ બજારના વેપારીઓએ તેમની દુકાનો ખોલ્યા બાદ પોલીસે બંધ કરાવતા વેપારીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે. પ્રમુખે તમામ વેપારીઓને બજાર ખુલવાની જાણ કરતા વેપારીઓએ તેમની દુકાનો શરૂ કરી.પરંતુ પોલીસે બજાર બંધ કરાવતા વેપારીઓએ વિરોધ વ્યક્ત કર્યો.

વેપારીઓનું કહેવું છે કે અમારી દુકાનો બંધ રહે તો બજારમાં અન્ય જરૂરી વસ્તુઓ સિવાયનું વેચાણ કરતી દુકાનો પણ બંધ થવી જોઈએ. બીજી તરફ પોલીસ તંત્ર અને મામલતદાર કચેરીએ પણ દુકાનો ખોલવા અંગેના જાહેરનામા મુદ્દે કોઈ સ્પષ્ટતા ન કરતા વેપારીઓમાં રોષ ફેલાયો છે.

ઘરગથ્થુ વસ્તુઓના રોજિંદા સેવા માત્રથી શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં વૃધ્ધિ થાય છે

નવસારી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના સામેની લડાઈમાં બે વાતોને વિશેષ મહત્વ આપ્યું છે. એક તો લોકડાઉનનું ચુસ્ત પાલન, બીજું વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ વધારવી. કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવેલા દરેક વ્યક્તિને કોવીડ-૧૯ થઈ જતો નથી. પરંતુ જે વ્યક્તિઓની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય તેઓ આ સંક્રમણના જલ્દી શિકાર થાય છે. જે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ સારી હોય તેઓને સંક્રમણની શકયતા ખૂબ ઘટી જાય છે. કોવીડ-૧૯ થયો હોય તેમાં પણ જેમની રોગ પ્રતિકારક શક્તિ સારી હોય છે તેઓ જલ્દીથી સ્વસ્થ થઈ જાય છે.

આ જ કારણોસર ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા દેશના વિખ્યાત વૈદ્યો જેઓ પદ્મશ્રી કે પદ્મવિભુષણથી સન્માનિત હોય તેમના પરામર્શથી કોરોના વાયરસ સામે રોગપ્રતિકારક શક્તિ વધારવા માટેના ઉપાયો મેળવીને આ ઉપાયો પ્રયોજવા સ્વંય પ્રધાનમંત્રીશ્રી દ્વારા અપીલ કરવામાં આવી છે. આ ઉપાયો ખૂબ જ સરળ અને અસરકારક છે. આ માટેની સામગ્રી પણ ઘરનાં રસોડામાં ઉપલબ્ધ હોય જ છે. પોતાની દિનચર્યામાં આ ઉપાયોને નિયમિતપણે સામેલ કરવા જોઈએ જેથી રોગ પ્રતિકારક શક્તિ વધારી શકાય. જે કર્મચારીઓ દેશહિત માટે સતત ફરજ પર છે અને જે લોકો આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા છે, તેમણે આયુષ મંત્રાલયના આ ઉપાયોને પોતાની દિનચર્યાનો ભાગ અવશ્ય બનાવી લેવો જોઈએ.

અત્યારના ગરમીના દિવસોમાં ઠંડું પાણી—ફ્રિઝનું પાણી કે ઠંડા પીણાની ખોટી આદત પડી જતી હોય છે. તેને સ્થાને જરૂરી છે કે દિવસભર ગરમ પાણી પીવું જોઈએ. આયુષ મંત્રાલયે સૂચવેલ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનનો દૈનિક અભ્યાસ - ઓછામાં ઓછા ૩૦ મિનિટ માટે કરવો જોઈએ. રસોઈમાં હળદર, જીરું, ધાણા અને લસણનો ઉપયોગ કરવો જોઈએ.

રોગપ્રતિકારક શક્તિ વધારવા માટેના આયુર્વેદિક ઉપાયો

ચ્યવનપ્રાશ સવારે એક ચમચી-૧૦ ગ્રામ જેટલું ચ્યવનપ્રાશ, ડાયાબિટીઝના દર્દીઓએ સુગર ફ્રી ચ્યવનપ્રાશ લેવું જોઈએ. હર્બલ ટી-ઉકાળો દિવસમાં એક કે બે વાર તુલસી, તજ, કાળા મરી, સૂંઠ અને કાળી દ્રાક્ષમાંથી બનાવેલ હર્બલ ટી-ઉકાળો પીવો જોઈએ. તાજા લીંબુનો રસ જરૂર હોય તો ઉમેરી શકાય છે. ગોલ્ડન મિલ્ક અડધી ચમચી હળદર ૧૫૦ મિલી ગરમ દૂધમાં - દિવસમાં એક કે બે વાર યોગ્ય લાગે તેમ પીવું જોઈએ.

સરળ આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ પ્રમાણેના ઉપાયો

નાસ્ય— બંને નસકોરામાં તલનું તેલ કે નારિયેલનું તેલ અથવા ઘી સવાર સાંજ લગાવી શકાય છે. કોગળા કરવા - ૧ ચમચી તલ અથવા નારિયેલનું તેલ મોંઢામાં લઈ ૨ થી ૩ મિનિટ રાખવું અને પછી કાઢી નાંખી -પીવુ નહી. ત્યારબાદ ગરમપાણીના કોગળા કરવા- દિવસમાં એક કે બે વાર કરી શકાય.સુકી ઉધરસ કે ગળામાં બળતરા થતી હોય ત્યારે- તાજા ફુદીનાના પાંદડા અથવા અજમાના ગરમ પાણીની વરાળનો નાસ લેવો, લવિંગ પાવડર, સાકર અથવા મધ સાથે મિક્ષ કરી લઈ શકાય છે. ઉધરસ અથવા ગળામાં બળતરાના કિસ્સામાં દિવસમાં એક વખત.આ ઉપાયો સામાન્ય રીતે સામાન્ય સુકી ઉધરસ અને ગળાની બળતરાની સારવારમાં યોજી શકાય પરંતુ આ લક્ષણો ચાલુ રહે તો ડોકટરોની સલાહ લેવી શ્રેષ્ઠ છે. આ ઉપાયો વ્યક્તિ પોતાની સુવિધા અનુસાર અનુસરી શકે છે. યાદ રહે આ ઉપાયો કોવીડ-૧૯ની સારવારનો દાવો નથી કરતા. પરંતુ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિમાં અવશ્ય વધારો કરે છે. અત્યારે જયારે કોવીડ - ૧૯ ની કોઈ દવા શોધાય નથી ત્યારે તેનાથી બચાવ એ જ શ્રેષ્ઠ ઉપાય છે અને એ માટે દેશના ઉત્તમ વૈદ્યો દ્વારા અકસીર ઉપાયોને અપનાવવા જ જોઈએ.

આયુર્વેદ પદ્ધતિ દ્વારા રક્ષણાત્મક ઉપાય

ક્વાથ પથ્યાદીક્વાથ દશમૂલ ક્વાથ નિમ્બત્વક પ્રક્ષેપ ત્રિકટુ, તુલસીના બે ચમચી રસ માં બે મરીનો પાવડર નાખી સવાર સાંજ લેવું.ઔષધસિધ્ધ જલ સૂંઠ ૧ ચમચી અને નાગરમોથ ૧ ચમચી અથવા સૂંઠ ૨ ચમચીને ૧૦ ગ્લાસ પાણીમાં ધીમા તાપે ઉકાળી ૫ ગ્લાસ રહે ત્યારે ગાળવું. જરૂરીયાત મુજબ નવસેકું પીવું.ધૂપન દ્રવ્ય સલાઈ ગુગળ ૫૦ ગ્રામ, ઘોડાવજ-૧૦ ગ્રામ, સરસવ-૧૦ ગ્રામ, લીમડાના પાન-૧૦ ગ્રામ અને ગાયનું ઘી-૨૦ ગ્રામ મિશ્રણ બનાવી એક ચમચીનો ઈલેક્ટ્રીકલ ધૂપેલીયા અથવા ગાયના સૂકાયેલા છાણામાં સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે ધૂપ કરવો.હોમિયોપેથી સબંધિત રક્ષણાત્મક ઉપાયો આર્સેનિક આલ્બમ ૩૦ પોટેન્સી ૪ ગોળી સવાર સાંજ ત્રણ થી સાત દિવસ લેવી.

શુભશ્રી પેગમેન્ટ દ્વારા રૂ. ૧૦ લાખનું અનુદાન

અંકલેશ્વર

કોરોના સામેની લડતમાં સરકારે દાનની અપીલ કર્યા બાદ લોકો ખુલ્લા હાથે દાન આપી રહયાં છે ત્યારે અંકલેશ્વરનીશુભશ્રી પીગમેન્ટ કંપનીનાં કર્મચારીઓએ મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧૦ લાખ રૂપિયાનું અનુદાન આપ્યું છે.

કોરોના વાયરસ સામેની લડત માટે લોકો પીએમ કેયર્સ ફંડ તથા મુખ્યમંત્રી રાહતનિધિમાં ફાળો આપી રહયાં છે. અંકલેશ્વરની શુભશ્રી પીગમેન્ટ કંપનીના ડીરેકટરો તથા કર્મચારીઓએ ભેગા મળી ૧૦ લાખ રૂપિયાની માતબર રકમ એકત્ર કરી છે. દરેકે પોતાના પગારમાંથી ૩૦ ટકા રકમનો ફાળો આપ્યો છે. આ રકમને મુખ્યમંત્રી રાહતનિધિમાં જમા કરાવવામાં આવી છે. આ રકમનો ચેક અંકલેશ્વરનાં પ્રાંત અધિકારી રમેશ ભગોરાને આપવામાં આવ્યો હતો.

ત્રણ મહિલાઓની વ્હારે આવ્યું વ્યારાનું સખીવન સ્ટોપ સેન્ટર

ત્રણેય મહિલાઓને હેમખમ પોતાના ઘરે પહોંચાડી

સુરત

સાંપ્રત સમયમાં "કોરોના" અને "લોકડાઉન" ને કારણે અનેક લોકો પ્રભાવિત થયા છે. આવી જ જુદા જુદા વિસ્તારોની ત્રણ પ્રભાવિત મહિલાઓની વ્હારે વ્યારા ખાતે કાર્યરત "સખી વન સ્ટોપ સેન્ટર" આવ્યું છે.;

સેન્ટરના એડમિનિસ્ટ્રેટર અમિતા ગામીતના જણાવ્યા અનુસાર કેટલાક દિવસો અગાઉ "લોકડાઉન"ની સ્થિતિ વચ્ચે અટવાયેલી જુદા જુદા વિસ્તારોની ત્રણ મહિલાઓને, ૧૮૧-અભયમ સેવા દ્વારા વ્યારાના "સખી વન સ્ટોપ સેન્ટર" ખાતે લાવવામાં આવી હતી. જેનું સેન્ટર દ્વારા નિયમોનુસર કાઉન્સેલિંગ કરીને તેઓ, કયા વિસ્તારના છે તે જાણવા, સમજવાની કોશિક કરવામાં આવી હતી. દરમિયાન એક મહિલા વ્યારા તાલુકાનાં ખુશાલપુરાની હોવાની પુસ્ટી થવા પામી હતી. જેના પરિવારનો સંપર્ક સાધી આ મહિલાને તેના ઘરે પહોંચતી કરવામાં આવી હતી.

આ ઉપરાંત અન્ય બે મહિલાઓ અનુક્રમે મહારાસ્ટ્ર અને તામિલનાડુની હોવાનું ફલિત થયું હતું. જેમને નિયમોનુસાર પાંચ દિવસો સુધી સેંટરમાંહંગામી ધોરણે આશ્રય અપાયા બાદ, સુરતના નારી સંરક્ષણ ગૃહ ખાતે મોકલી આપવામાં આવી છે. આમ, રાજય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હસ્તક કાર્યરત અને જિલ્લા કલેક્ટર શ્રી આર. જે. હાલાણીના માર્ગદર્શન હેઠળ ચાલતું વ્યારાનું "સખી વન સ્ટોપ સેન્ટર" ફરી એક વાર અટવાયેલી મહિલાઓની વ્હારે આવ્યું છે.

ફોટો માટે ઈમોશનલ પોર્શન લાઈટ અને એન્વાયરમેન્ટ ખુબ જરૂરી છે

ચેમ્બર દ્વારા દૃષ્ટિકોણ-આર્ટ ઓફ સીઈંગ વિશે વેબીનાર યોજાયો

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગઈકાલે સાંજે ૫:૦૦ કલાકે 'દૃષ્ટિકોણ—આર્ટ ઓફ સીઈંગ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઈન્ટરનેશનલ એવોર્ડ વિજેતા ફોટોગ્રાફર શ્રી સૌરભ દેસાઈ અને ઉદ્યોગપતિ તેમજ ફોટોગ્રાફર શ્રી ચિત્તરંજન દેસાઈએ ફોટોગ્રાફીના પેશનને કઈ રીતે પ્રોફેશનમાં કન્વર્ટ કરી શકાય તેમજ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે ધ્યાનમાં રાખવામાં આવતી સુક્ષ્મ બાબતો અંગે વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, કોરોના અને લોકડાઉનની સ્થિતિમાં લોકોની ઘણી બધી હોબી બહાર આવી રહી છે. લોકો મ્યુઝીક સાંભળી રહયા છે, કોઈ પુસ્તક લખવાનુ કે વાંચવાની હોબી પુરી કરી રહયાં છે ત્યારે ફોટોગ્રાફી પણ ઘણા લોકોની હોબી છે અને આજનો વેબીનાર ફોટોગ્રાફી ઉપર યોજાયો છે.

શ્રી ચિત્તરંજન દેસાઈએ જણાવ્યુ હતુ કે, ટ્રાવેલ હોબી હતી એટલે બધા મિત્રો સાથે મળીને જુદી—જુદી જગ્યાએ જઈને ફોટોગ્રાફી કરતા હતા. ફોટોગ્રાફીની શરૂઆત સુવાલી બીચ પરથી કરી હતી. બધા ફોટોગ્રાફર મિત્રો ડીસીએલઆર કેમેરો લઈને પહોંચી જતા હતા અને જુદા—જુદા એન્ગલથી ફોટા પાડતા હતા. સુરતથી શરૂ થયેલી ફોટોગ્રાફીની શરૂઆત બાદમાં અમને દેશના વિવિધ રાજયો તેમજ વિદેશો સુધી ખેંચી ગઈ હતી. તેમણે જણાવ્યુ હતુ કે ફોટો માટે ઈમોશનલ પોર્શન, એન્વાયરમેન્ટ અને લાઈટ ખૂબ જ જરૂરી છે.

તેમણે દેશ — વિદેશના વિવિધ શહેરો, હેરીટેજ વિસ્તાર, માઉન્ટેન, સનશાઈન અને સનરાઈઝ, ઝાડ, એનીમલના સુંદર ફોટાઓ પ્રદર્શિત કર્યા હતા. જેમાં ઈટલીનો તસ્કની પ્રદેશ, ડોલોમાઈસ માઉન્ટેન, નેપાળના એવરેટસ્ટ બેઈઝ?ડ કેમ્પનો સનરાઈઝ, યુએસના નેશનલ પાર્ક, યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈડ, મુંબઈ, દુબઈ, લદ્દાખ, નમીબીયામાં હાથીના ઝૂંડ અને મહુડાના ઝાડો અને મેનમેઈડ ફાયર સાથેનો ડાંગના સુંદર ફોટાઓનો સમાવેશ થાય છે. તેમણે કહયુ હતુ કે, ડાંગમાં પ્રદુષણ નહીંવત હોવાથી મિલ્કીવેના ફોટા એકદમ સાફ લઈ શકાય છે. અત્યારે બધું જ ડિજીટલ થઈ ગયું છે ત્યારે ફોટોગ્રાફી પણ ડિજીટલાઈઝેશન તરફ વધી રહી છે.

શ્રી સૌરભ દેસાઈએ જણાવ્યુ હતુ કે, હોબી માટે ફોગોગ્રાફી કરતા હોય ત્યાં સુધી બરાબર છે પણ જે લોકોને કમર્શિયલ ફોટોગ્રાફર બનવુ છે તેઓએ કમર્શિયલ ફોટોગ્રાફી શીખવી જોઈએ. વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે જંગલ અને એનીમલની લાઈફસ્ટાઈલ તેમજ લોકેશનોનો ઉંડાણપૂર્વક અભ્યાસ હોવો જોઈએ. ફોટોગ્રાફીમાં ડિસીપ્લીન પણ મહત્વનું હોય છે. આથી પહેલા ફોટોગ્રાફી પોતાના માટે કરો અને જાતે એન્જોય કરતા થાઓ.

તેમણે એનીમલ ફોટોગ્રાફીમાં ઈન્ડીયન લેપર્ડ, ચિતા, આફ્રિકન એલીફન્ટ, ટાઈગર, ગુજરાતમાં ગીરના સિંહો, ટાન્ઝાનીયાના સિંહોના ફોટા તેમજ બર્ડ ફોટોગ્રાફી વિશે માહિતી આપી હતી. તેમણે ડ્રોન કેમેરાથી સ્નો લેપર્ડના લેવાયેલા ફોટા પણ બતાવ્યા હતા. ફોટોગ્રાફીમાં કલોઝઅપ રિતિરિવાજ છે પણ હટકે ફોટોગ્રાફી માટે આવું કશું હોતુ નથી તેમ કહીને તેમણે સેન્સર કેમેરાથી ફોટા શુટ કરવાની સલાહ આપી હતી.

વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીની અંધશ્રદ્ધા વિશે તેમણે પોતાના મંતવ્યો રજૂ કરતા કહયુ હતુ કે, કેટલાક લોકો ઓરીજીનલ ફોટાને બ્લેક એન્ડ વ્હાઈટ અને બ્લર કરે છે. આવા ફોટાને મોનોકોમ કરવાથી તેને ક્રિએટીવિટીના ફ્રેમમાં નહીં મુકી શકાય. એના માટે ફોટોગ્રાફીમાં ઝંપલાવતા યુવાઓને અનલન'ગની સ્કીલ શીખવી પડશે. પહેલા નાનપણમાં ટીચરની બીક અને હવે સોશિયલ મિડિયા ઉપર ઓછા લાઈક મળે એની બીક ફોટોગ્રાફરને સતાવે છે. તમારા ફોટાની ઈમેજ જયારે ઈન્ફોર્મેશન આપે ત્યારે એ ઈમેજ છે પણ જયારે એ ઈમોશન ડિલીવર કરે ત્યારે તે વિશેષ અને સૌથી હટકે બને છે. તમારા ફોટા સ્ટોરી અને ઈમોશન ક્રિએટ કરતા હોય ત્યારે જ એ તમારામાં રહેલી કળાને પ્રસ્તુત કરે છે.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઈવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.

લોકડાઉનના સમય માં ૨૪ x ૭ કાર્યરત 'સખી વન સ્ટોપ સેન્ટર'માં હિંસાપીડિત મહિલાઓને આશ્રય અને કાઉન્સેલિંગ

કોરોનાને લીધે નવી સિવિલ હોસ્પિટલનું 'સખી વન સ્ટોપ સેન્ટર' ઘોડદોડ રોડ સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં તબદીલ કરાયું

સુરત

ભારત સરકાર પુરસ્કૃત અને મહિલા, બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર સંચાલિત 'સખી' વન સ્ટોપ સેન્ટર સુરતમાં માર્ચ, ૨૦૧૯ થી નવી સિવિલ હોસ્પિટલ, ટ્રોમા સેન્ટર, પહેલો માળ, મજૂરાગેટ ખાતે કાર્યરત છે. 'સખી વન સ્ટોપ સેન્ટર' જાહેર તથા ખાનગી સ્થળે કોઈપણ પ્રકારની હિંસાનો ભાગ બનેલી મહિલાઓને એક જ સ્થળ પર તાત્કાલિક તબીબી, કાયદાકીય, મનોવૈજ્ઞાનિક અને પરામર્શની સેવા આપવાનું કાર્ય કરે છે. જેનાથી આજ સુધી હજારો પીડિત મહિલાઓને સધિયારો મળ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરમાં કોરોના કોવિડ-૧૯ના કારણે આઈસોલેશન વોર્ડ બનાવેલો હોવાથી સખી વન સ્ટોપ સેન્ટર હાલમાં ઘોડદોડ રોડ સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં તબદીલ કરવામાં આવ્યું છે. જયાં લોકડાઉનના સમય દરમિયાન પણ ૨૪ x૭ હિંસાપીડિત મહિલાઓને આશ્રય, તેમનું કાઉન્સેલિંગ અને સહાય કરવામાં આવે છે. હિંસાપીડિત મહિલાઓને મદદ માટે ૨૪ કલાક કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરમાં કોઈપણ મહિલા મદદ માટે આવી શકે છે. ઉપરાંત, મહિલાઓ પોતાની સમસ્યા મો. નં. ૯૮૨૫૯ ૭૫૯૫૦ ઉપર પણ સંપર્ક કરી શકે છે.

લોકડાઉનની પરિસ્થિતિ દરમિયાન

હિંસા પીડિત મહિલાઓને નારિગૃહમાં આશ્રય અને કાઉન્સેલિંગની સવલત

સુરત

ભારત સરકાર પુરસ્કૃત અને મહિલા, બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર સંચાલિત 'સખી' વન સ્ટોપ સેન્ટર સુરતમાં માર્ચ, ૨૦૧૯ થી નવી સિવિલ હોસ્પિટલ, ટ્રોમા સેન્ટર, પહેલો માળ, મજૂરાગેટ ખાતે કાર્યરત છે. 'સખી વન સ્ટોપ સેન્ટર' જાહેર તથા ખાનગી સ્થળે કોઈપણ પ્રકારની હિંસાનો ભાગ બનેલી મહિલાઓને એક જ સ્થળ પર તાત્કાલિક તબીબી, કાયદાકીય, મનોવૈજ્ઞાનિક અને પરામર્શની સેવા આપવાનું કાર્ય કરે છે. જેનાથી આજ સુધી હજારો પીડિત મહિલાઓને સધિયારો મળ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરમાં કોરોના કોવિડ-૧૯ના કારણે આઈસોલેશન વોર્ડ બનાવેલો હોવાથી સખી વન સ્ટોપ સેન્ટર હાલમાં ઘોડદોડ રોડ સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં તબદીલ કરવામાં આવ્યું છે. જયાં લોકડાઉનના સમય દરમિયાન પણ ૨૪ x૭ હિંસાપીડિત મહિલાઓને આશ્રય, તેમનું કાઉન્સેલિંગ અને સહાય કરવામાં આવે છે. હિંસાપીડિત મહિલાઓને મદદ માટે ૨૪ કલાક કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરમાં કોઈપણ મહિલા મદદ માટે આવી શકે છે. ઉપરાંત, મહિલાઓ પોતાની સમસ્યા મો. નં. ૯૮૨૫૯ ૭૫૯૫૦ ઉપર પણ સંપર્ક કરી શકે છે.

ટ્યુશન કલાસ ચલાવતી મહિલા દ્વારા રૂ. ૫૧ હજારની સહાય

સુરત

કોરોના વાયરસે આખા વિશ્વમાં પોતાનો કહેર વરસાવ્યો છે. આ વિકટ પરિસ્થિતિમાં અનેક જાગૃત્ત લોકો, સેવાભાવી સંસ્થા કોરોના વૉરિયર બનીને લોકોની સેવા કરી રહ્યા છે. સરકારને મદદરૂપ થવાં લોકો યથાશક્તિ નાના મોટા અનુદાન પી.એમ કેર્સ ફંડમાં આપી રહ્યા છે, ત્યારે ટ્યુશન કલાસીસ ચલાવતાં સુરતના ચૈતાલીબેન કમલેશભાઈ શાહે પ્રેરણાદાયી પગલું ભર્યું છે. કોરોના સામેની લડાઈ માટે ટ્યુશન ક્લાસની આવકમાંથી તેમણે રૂ. ૫,૧૦૦ પી.એમ.કેર્સ ફંડમાં અનુદાન આપ્યું છે.

પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવાં માટે સુરતના રહેવાસી ચૈતાલીબેન કમલેશભાઈ શાહ ટ્યુશન કલાસિસ ચલાવે છે. કોરોના સામેની લડાઈમાં પોતાની આવકનો એક હિસ્સો અનુદાનમાં આપનાર ચૈતાલીબેને સહાયનો ચેક સાંસદ સી.આર. પાટીલને અર્પણ કર્યો હતો. સાંસદ તેમને અભિનંદન પાઠવી તેમની રાષ્ટ્રભક્તિને બિરદાવી હતી. સાંસદશ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, કોરોના મહામારીના આ સમયમાં અનેક લોકો ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને મદદ કરવા માટે આગળ આવી રહ્યાં છે. સેવાનાં ભગીરથ કાર્યમાં જોડાઈને ચૈતાલીબેન જેવી અનેક મહિલાઓ પણ સમાજ માટે ઉદાહરણરૂપ બની છે.

ઉધના વિધાનસભા વિસ્તારમાં અન્નબ્રહ્મ યોજના અંતર્ગત રેશનકાર્ડ ન ધરાવતાં પરિવારના ગરીબ લાભાર્થીઓને વિનામૂલ્યે "કુડ બાસ્કેટ કીટ"નું વિતરણ કરાયું

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી સામે નિરાધાર શ્રમજીવીઓની હાલત કફોડી ન બને, ગરીબ વર્ગના લોકો ભૂખ્યાં ન રહે અને તેઓને જરૂરિયાત મુજબનું અનાજ મળી રહે તે માટે રાજ્ય સરકારની અન્નબ્રહ્મ યોજના અંતર્ગત જેની પાસે રેશનકાર્ડ નથી તેવા નિરાધાર, ઘર અને કુટુંબવિહોણા લોકો, પરપ્રાંતિય મજુરો, ગરીબ લાભાર્થીઓને વિનામૂલ્યે "કુડ બાસ્કેટ કીટ" આપવામાં આવેછે. જે અંતર્ગત ઉધના વિધાનસભા વિસ્તારના પીઝસરા, ક્રિષ્નાનગર, ઉડીયા શાળા, પંચશીલનગર આંગણવાડી વિતરણ કેન્દ્ર વિસ્તારના ગરીબ લાભાર્થીઓને વિનામૂલ્યે "કુડ બાસ્કેટ કીટ"નું વિતરણ કરાયું હતું. ધારાસભ્ય વિવેકભાઈ પટેલે આ વિતરણ કેન્દ્રોની મુલાકાત લઈને આ યોજના થકી પરપ્રાંતિય મજુરો, ગરીબ લાભાર્થીઓને વિનામૂલ્યે "કુડ બાસ્કેટ કીટ" નો લાભ મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરાવી હતી. તેમણે સંવેદનશીલ રાજ્ય સરકારનો આ વિસ્તારના ગરીબ વર્ગની કાળજી લેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

પીએનપટેલ ટ્રસ્ટ દ્વારા ભોજન સેવા માટે યજ્ઞ

સુરત

કોરોના જેવા કપરા સમયમાં ગરીબ અને ભૂખ્યા લોકોને બે ટંકનું જમવાનું મળી રહે તે માટે સરકાર તથા અન્ય સેવાભાવી સંસ્થાઓ દ્વારા શ્રમિકોને ભોજન પૂરું પાડવામાં આવે છે આજે પી. એન. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડુમ્મસ સ્થિત કોમ્યુનિટી કિચન દ્વારા ૪૦૦૦ લોકોના રાતના જમવાનું તૈયાર કરી સ્વયંસેવકો દ્વારા શ્રમિકોના ઘરે જમવાનું પહોંચાવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા રોજ શ્રમિકો માટે ભોજન બનાવી તેમના ઘર સુધી ભોજન વિતરિત કરવામાં આવે છે. આ ભગીરથ કાર્યમાં પી. એન. પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના દરેક કાર્યકર્તા તથા સ્વયંસેવકો જહેમત ઉઠાવી રહ્યા છે.

સાંસદ દર્શનાબેન જરદોશે જરૂરિયાતમંદ મસાલા ખીચડી ખવડાવી

તાડવાડી વિસ્તારના ૨૫૦૦થી વધુ લોકોને ખીચડીનું વિતરણ કરાયું

સુરત

કોરોના વૈશ્વિક મહામારી વચ્ચે અવિરત સેવાકાર્ય કરી રહેલા સાંસદ દર્શનાબેન જરદોશે રાંદેરના જરૂરિયાતમંદ લોકોને મસાલા ખીચડી ખવડાવી હતી. રાંદેરના તાડવાડી વિસ્તારમાં આવેલા તાપીદર્શન, શિવાજી પાર્ક, પંચશીલા સોસાયટી, ઉપલી નીચલી કોલોની, હળપતિવાસ, તાડવાડી તથા ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, વાલ્મિકી મહોલ્લો, વરીયાવ તથા ગણેશ કોલોનની, મધર ટેરેસાની સામેનો વિસ્તાર અને આશ્રમશાળાની આજુ-બાજુના વિસ્તારમાં રહેતા અને રોજિંદી મહેનત કરીને ગુજરાન ચલાવતા આશરે ૨૫૦૦ લોકોને મસાલાવાળી ખીચડી બનાવી વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યમાં રાંદેર તાડવાડી વિસ્તારના અગ્રણીઓ મુકેશભાઈ દેસાઈ, રાજુભાઈ ચૌધરી, વિજયભાઈ ભાટીયા, મહેન્દ્રભાઈ ચૌહાણ તથા એસ. એમ. સી.ના અધિકારીઓ જોડાયા હતા.



સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની પ્રેરણાથી બાબાસ્વામી ધામ, મોગાર અને સમર્પણ ધ્યાનયોગ પરિવાર, નવસારી દ્વારા વર્તમાન સમયમાં કોરોના મહામારીએ સમગ્ર વિશ્વ પર પોતાની પક્કડ જમાવી છે અને તેને નાથવા સમગ્ર દેશમાં લોક ડાઉનનું પાલન કરવામાં આવી રહ્યું છે, આવા સમયમાં રોજેરોજનું કમાઈને ગુજરાન ચલાવનાર લોકોની હાલત કફોડી થાય છે. આવા પરિવારોને મદદ કરતી સમાજસેવી સંસ્થાને રાશન કીટમાં મદદરૂપ થવાના આશ્રયથી ૩ ટન ચોખા અને ૩ ટન ઘઉંનો જથ્થો સમર્પણ ધ્યાનયોગ પરિવાર દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો.

સુરતમાં લિંબાયતમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો દેખાયો અભાવ, લોકડાઉનનાં લીરેલીરા ઉડ્યા

સુરત

સમગ્ર રાજ્યમાં કોરોનાને કારણે લોકડાઉન યથાવત રાખવામાં આવ્યું છે. ત્યારે સુરતમાં લોકડાઉનની ધજ્જીયા ઉડાવતો વીડિયો સામે આવ્યો છે. સુરતના લિંબાયત વિસ્તારની મદીના મસ્જિદ પાસે હજારોની સંખ્યામાં લોકો ખરીદી કરવા નીકળી પડ્યા. લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગ અને લોકડાઉનના નિયમોના જાણે કે લીરેલીરા ઉડાડ્યા.. મહત્વનું છે કે સુરતમાં કોરોનાના સૌથી વધુ કેસ લિંબાયત વિસ્તારના છે.તેમ છતાં લોકો સ્થિતિની ગંભીરતાને સમજવાને બદલે સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે.તંત્ર દ્વારા લોકડાઉનમાં શરતી છૂટછાટ આપવામાં



આવ્યા બાદ અમુક દુકાનો આજથી ખુલી છે ત્યારે લોકોની ભીડ ઉમટી રહી છે.

લોકોને સોશ્યલ ડીસટન્સ જાળવવા અને માસ્ક પહેરવા અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે આવી રીતે બિન્દાસ્ત ફરતા લોકોના દ્રશ્યો ચિંતા ઉપજાવે તેવા છે. પોલીસે આ મામલે ૩ ગુનાઓ નોંધી કુલ ૨૫ લોકોની અટકાયત કરી છે. લિંબાયતનો આ વીડિયો વાયરલ થયા બાદ પોલીસ કમિશનરે ધર્મગુરૂઓ સાથે બેઠક યોજી સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે મુદ્દે ચર્ચા કરી.સુરતના પોલીસ કમિશનરે ચીમકી ઉચ્ચારી છે કે જો આવી પરિસ્થિતિ ફરી ઉભી થશે તો જે છૂટછાટ આપવામાં આવી છે તે પણ પરત ખેંચી લેવામાં આવશે.

લોકડાઉન વચ્ચે સિકંદરાબાદમાં ગુજરાતના ૫૦ જવાનો ફસાયા

દહેગામ

સરહદ ઉપર દેશની સુરક્ષા કરતા સૈનિકો અનેક મુસીબતોનો સામનો કરતા હોય છે. ઠંડી, ગરમી અને વરસાદનો સામનો કરીને પણ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હોય છે. આ સૈનિકો ફરજ દરમિયાન ઘરે આવતા હોય ત્યારે અનહદ ખુશી હોય છે. જયારે નિવૃત્તિ બાદ ઘરે આવવાનું હોય તે ખુશી વર્ણવી શકાય તેવી હોતી નથી. એવા સમયે ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લાના આર્મીમાં ફરજ બજાવતા સૈનિકો ગત ૩૧ માર્ચના રોજ નિવૃત્ત થયા છે. એક તરફ પોતાના વતનમાં આવવાની તૈયારી કરી રહ્યા હતા, તેવા સમયે કોરોના વાઇરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન થતા સૈનિકોને વતન આવવા માટે રાહ જોવી પડી રહી છે.

નિવૃત્ત થયેલા અને લોકડાઉનમા ફસાયેલા જવાનોએ પોતાની વ્યથા રજૂ કરતાં ગુજરાત સરકારને જણાવ્યું હતું કે, જય હિન્દ સાહેબ, અમે અહીં ૩૧ માર્ચ ૨૦૨૦નાં રોજ ભારતીય સેનામાં ફરજ બજાવીને નિવૃત્ત થયા છીએ અને હાલ અમે લોકડાઉનના કારણે તેલંગણા રાજયના સિકંદરાબાદ શહેરમાં ફસાયેલા છીએ. જેમાં લખનઉમાં ફસાયેલા ગુજરાતના નિવૃત્ત જવાનોને સૌરભ પટેલે ગુજરાતમાંથી બસ મોકલીને જવાનોને પોતાના વતનમાં પરત કર્યા છે. એમ અમને પણ મદદ કરવા વિનંતી છે. અમે અહીં ૫૦ ગુજરાતી જવાનો છીએ અને અહીં અમને એમ કેહવામાં આવ્યું છે કે, તમે તમારા રાજ્યમાં મદદ માટે વાત કરો પછી તમને અમે અહીંથી છોડીશું. અમને આશા કરીએ છીએ કે, તમે અમારી મદદ કરશો.

કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા ૧.૧૧ લાખનું અનુદાન

સુરત

કોરોના વાયરસે જયારે સમગ્ર દેશ સહિત ગુજરાતને પણ સંકજામાં લીધું છે, ત્યારે કોરોનાનો હિંમતભેર સામનો કરવા અનેક લોકો આગળ આવ્યા છે, અને સરકારની સાથે કોરોના વૉરિયર બનીને લડી રહ્યા છે. આ વૈશ્વિક કોરોના મહામારી સામેની લડાઈમાં દેશના સેવાભાવી નાગરિકો, સંસ્થાઓ ભોજન સેવા, તેમજ આર્થિક સેવા કરીને મદદરૂપ થઈને પોતપોતાનું યોગદાન આપી રહ્યા છે, ત્યારે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, સુરત દ્વારા પી.એમ કેર્સ ફંડમાં રૂ,૧,૧૧૦૦૦ અને મુખ્યમંત્રી રાહત નિધિમાં ૧,૦૦,૦૦૦/- નું યોગદાન આપવામાં આવ્યું છે. આ સહાયની રકમનો રકમનો ચેક ધારાસભ્યશ્રી વિવેક પટેલની આગેવાનીમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, સુરતના હોદ્દેદારોએ કલેક્ટરશ્રી ડૉ. ધવલ પટેલને અર્પણ કર્યો હતો.

શાકભાજી ખરીદતી વખતે તકેદારી દાખવવી જરૂરી

સુરત

શહેરમાં વધતા જતા કોરોના કેસના સંદર્ભે લગભગ ૬૫ જેટલા શાકભાજી વેચાણકર્તાઓઓના કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યા છે. શાકભાજી રોજિંદી જરૂરિયાત હોવાથી શાકભાજીની ખરીદી કરવા માટે કેટલીક તકેદારી રાખવા સુરત પોલિસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. થેલી દ્વારા શાકભાજી લેવાથી કોરોના સંક્રમણ ફેલાવાની શક્યતા રહે છે, જેથી શાકભાજીને અડક્યા વગર સીધું ડોલમાં નંખાવવું. ત્યારબાદ ઘરે આવીને એ ડોલમાં પાણી ભરી બે ચમચી જેટલો ખાવાનો સોડા નાખી તેને આશરે દસ મિનિટ સુધી રહેવા દઈ ત્યારપછી શાકભાજી ધોઈને બહાર કાઢવા અને ઉપયોગમાં લેવા. આટલી કાળજી લેવાથી કોરોના જેવા ગંભીર રોગનો ચેપમાં સપડાતા બચી શકાય છે.

હરિઓમ યુવક મંડળ દ્વારા ભોજનની સહાય

સુરત

કોરોના જેવી મહામારીમાં સેવા સંસ્થાઓ ગરીબ લોકોની વ્હારે આવી છે, ત્યારે સુરત પશ્ચિમ વિધાનસભાના ધારાસભ્યશ્રી પૂણેશભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ હરિઓમ યુવક મંડળ દ્વારા સંચાલિત રસોડામાં રોજ ૫૦૦ થી ૫૫૦ માણસોની રસોઈ તૈયાર થાય છે અને અલગ-અલગ આવાસો તેમજ ગરીબ, મધ્યમવર્ગના લોકોને તથા શ્રમિકોને આ ભોજન પૂરું પાડવામાં આવે છે. આ રસોડામાં લોકડાઉનના તમામ નિયમોનું પણ પાલન કરવામાં આવે છે તથા સામાજિક અંતર જાળવવામાં આવે છે. હરિઓમ યુવક મંડળના તમામ સ્વયંસેવકો તથા કોર્પોરેટરો દ્વારા ચલાવવામાં આવતા રસોડાની સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે મુલાકાત લીધી હતી, અને યુવાનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

સંપ્રતિ અન્ન ક્ષેત્ર દ્વારા ચા, કોફી, પેક લંચનું વિતરણ

સુરત

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી સામે ગરીબ વર્ગના અને નિરાધાર લોકો ભૂખ્યાં ન રહે અને તેમને જરૂરિયાત મુજબનું ભોજન મળી રહે તે માટે ડેપ્યુટી મેયર શ્રી નિરવભાઈ શાહ અને તેમની ટીમ દ્વારા પશ્ચિમ વિધાનસભામાં ઈશિતા પાર્કની બાજુમાં આવેલ સિનિયર સિટીઝન હોલમાં ×સંપ્રતિ અન્નક્ષેત્ર× હેઠળ ૩૫૦૦ જેટલા ફુડ પેકેટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોરન્ટાઈન વિસ્તારમાં પણ સવાર-સાંજ ચા કોફી અને પેક લંચ પહોંચાડવામાં આવે છે. કોરોના સામેની મહામારીમાં ગરીબ વર્ગની કાળજી લઈ આ સેવાભાવી કાર્ય કરનાર સૌ કાર્યકર્તાઓને સાંસદશ્રી દર્શનાબેન જરદોશએ અભિનંદન પાઠવ્યા હતા.

કુલ મૃત્યુઆંક ૧૫એ પહોંચ્યો

સુરતમાં કોરોના બેકાબૂ: વધુ ૨૫ કેસ સાથે પોઝિટિવ કેસો ૫૦૦ને પાર

સુરત

ગુજરાત રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે રાજ્યનાં સુરતમાં ચોંકાવાનારા સમચાર આવ્યા છે. ત્યારે સુરતમાં વધુ ૨૫ કેસ કોરોના પોઝીટીવ નોંધાયા છે. ત્યારે શહેર ના અલગ અલગ ઝોનમાં નોંધાયા કોરોના પોઝીટીવ કેસ છે.સુરત માં કુલ કોરોના પોઝીટીવ કેસની સંખ્યા ૫૦૪ પર પહોંચી છે.

જ્યારે સુરત જિલ્લા ના હમણાં સુધી ૧૯ કેસ નોંધાયા છે. શહેર અને જિલ્લા મળીને કુલ કેસની સંખ્યા ૫૨૩ પર પહોંચી છે. સુરતમાં કુલ મૃત્યુંઆંક ૧૫ પર પહોંચી છે.

ગુજરાતમાં કોરોનાના પોઝિટિવ કેસોની સંખ્યા ૩ હજારને પાર પહોંચી ગઇ છે. ત્યારે આરોગ્ય સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે લોકડાઉનને કારણે આપણને કોરોના પર ઘણો કાબુ મેળવવામાં સફળતા મળી છેપ તેમણે કહ્યું કે જ્યાં કોરોનાએ કેર વર્તાવ્યો છે તેવા ઈટાલી અને સ્પેન કરતા ગુજરાતની સ્થિતિ ઘણી સારી છે. તેમણે કહ્યું કે ૩૫ દિવસમાં સ્પેનમાં કોરોનાના કેસોની સંખ્યા ૯૪ હજાર હતી. પરંતુ ગુજરાતે અગાઉથી જ સાવચેતીના પગલાં ભર્યા હોવાથી કોરોનાને વધુ પ્રસરતો અટકાવવામાં મહદંશે સફળતા મળી છે.

જાગૃતિ જન પ્રતિનિધિ પુર્ણેશ મોદીનો સેવાયજ્ઞ: લાખ ફુટ પેકેટનું વિતરણ

કુલ ૧૭,૫૦૫ જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટનું વિતરણ કરાયું

સુરત

કોરોનાની મહામારી સામે જાગૃત્ત જનપ્રતિનિધિ, સુરત પશ્ચિમના ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લાં ૨૨ દિવસમાં ૩૯૮૪ સ્વયંસેવકોના સહયોગથી ઉમદા સેવાકાર્ય કરીને જનસેવાનું પ્રેરક ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. તેમણે સામાજિક સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો-કાર્યકર્તાઓ, તેમજ જુદી જુદી સોસાયટીના આગેવાનોના સહકારથી ૧૪૬૭ થી વધુ કોરોનાના સમયમાં ઊભા થયેલા જનતાના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં સફળતા મેળવી છે. તા. ૨૨મી માર્ચના રોજ જનતા કરફ્યુ બાદ લોકડાઉનની સ્થિતિમાં લોકોને પડતી સમસ્યાનો ઉકેલ આવી શકે એના માટે ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઈ મોદી દ્વારા મો.૯૯૭૮૪૦૭૬૮૬ પર TEXT SMS CONTROL ROOM તા.૨૬-૩-૨૦૨૦થી શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં વિવિધ લોકોએ ૨૨ દિવસમાં કુલ ૧૪૬૭ થી વધુ પ્રશ્નો મોકલ્યા હતા, જેનું પાલિકા તેમજ વહીવટીતંત્ર સાથે સંકલન કરી આ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં સફળ રહ્યા.

લોકડાઉનને પગલે એક પણ વ્યક્તિ ભૂખ્યો ન રહે તે માટેના પ્રયાસના ભાગરૂપે પુર્ણેશભાઈ મોદીએ ૦૧ ગરીબ પરિવારને દત્તક લઈને સમાજને દિશા ચીંધી છે. આ પરિવારના બંને ટાઈમ જમવાની અને અન્ય કોઈ અગવડ ન પડે તે માટેના તમામ જવાબદારી લીધી છે.

તેમણે 5 Roti donation with Namo અભિયાન અંતર્ગત પાંચ લાખથી વધુ રોટલીનું એકત્રીકરણ કરી ગરીબ-જરૂરિયાતમંદો સુધી ભોજન પહોંચાડ્યું હતું. શ્રી પૂર્ણેશ મોદી દ્વારા કરવામાં આવેલી અપીલને પગલે મોટા પ્રમાણમાં પશ્ચિમ ઝોનની સોસાયટીઓ, એપાર્ટમેન્ટો અને શેરી-મહોલ્લોના રહીશો આગળ આવ્યા અને અભિયાન વેગવંતુ બન્યું. આ અભિયાન હેઠળ તા. ૩ એપ્રિલથી લઈ ૧૬મી એપ્રિલ સુધી કુલ ૫,૦૫,૮૬૩ રોટલી એકત્ર કરવામાં આવી અને આ રોટલીઓ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ફૂડ પેકેટની સાથે વિતરણ કરવામાં આવી.

પશ્ચિમ વિધાનસભા અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થા દ્વારા ૩ લાખથી વધુ ફૂડપેકેટનું વિતરણ કરાયું હતું. પશ્ચિમ વિધાનસભા તંત્ર દ્વારા કોમ્યુનિટી કિચનના માધ્યમથી ૧,૨૫,૦૦૦ ફૂડ પેકેટનું વિતરણ તથા સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી અંદાજે ૧,૯૦,૩૨૫ ફૂડ પેકેટ મળી કુલ ૦૩ લાખથી વધુ ફૂડ પેકેટનું વિતરણ કરાયું હતું.

પશ્ચિમ વિધાનસભા અને સ્વૈચ્છિક સામાજિક સંસ્થાએ સાથે મળી કુલ ૧૭,૫૦૫ પરિવારોને અનાજની કીટનું વિતરણ કરાયું હતું. પશ્ચિમ વિધાનસભા દ્વારા ૧૫,૦૦૦ અનાજની કીટ તેમજ સામાજિક સંસ્થાઓના માધ્યમથી અંદાજે ૩૫૦૦ અનાજની કીટ મળી કુલ ૧૮,૫૦૦ જેટલી અનાજની કીટનું ગરીબો અને જરૂરિયાતમંદોમાં વિતરણ કરાયું હતું. ઉપરાંત, ૬,૫૦૦થી વધુ સોસાયટીઓને જંતુનાશક દવાથી સેનેટાઈઝડ કરવામાં આવી છે. ધારાસભ્ય શ્રી પુર્ણેશભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કોર્પોરેટર પ્રવિણભાઈ પટેલની નિગરાનીમાં અને આરોગ્ય સમિતિના ચેરમેન દિગ્વિજયસિંહ બારડના સહયોગથી સેનેટાઈઝિંગનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

નવસારી જિલ્લામાં ૧.૭૪ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોને અન્ન વિતરણ શરૂ

રેશનકાર્ડના છેલ્લા આંક પ્રમાણે જે-જે તારીખે અનાજ વિતરણ કામગીરી

સુરત

નવસારી જિલ્લામાં ભારત સરકારની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો- ૨૦૧૩ (એન. એફ. એસ.એ.) અંતર્ગત સમાવિષ્ટ કુલ ૧,૭૪,૮૦૪ રેશનકાર્ડ ધારકોના કુલ- ૮,૪૬,૧૬૦ લાભાર્થીઓને તથા નોન એન.એફ.એસ.એ. બી. પી. એલ. માં સમાવિષ્ટ કુલ-૯,૪૩૧ રેશનકાર્ડ ધારકોના કુલ-૪૧,૦૯૨ લાભાર્થીઓને તા.૨૫/૦૪/૨૦૨૦ થી તા.૩૦/૦૪/૨૦૨૦ દરમિયાન વ્યકિતદીઠ ઘઉં ૩.૫૦ કિ.ગ્રા. અને ચોખા ૧.૫૦ કિ.ગ્રા. સહિત કુલ ૫.૦૦ કિ.ગ્રા. અનાજનો વધારાનો જથ્થો વિનામૂલ્યે વિતરણ કરવામાં કરી દેવાયું છે.

એ.એ.વાય. રેશનકાર્ડ ધારકોને આ (પી. એમ. જી. કે. વાય.) યોજના પુરતું કાર્ડદીઠ ઘઉં ૨૫ કિ.ગ્રા. અન ચોખા ૧૦ કિ.ગ્રા.ને બદલે વ્યકિતદીઠ ઘઉં ૩.૫૦ કિ.ગ્રા. અને ચોખા ૧.૫૦ કિ.ગ્રા.નું વિતરણ કરવાનું રહેશે. અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે જિલ્લામાં આવેલી તમામ ભાવની દુકાનોમાંથી (એન. એફ. એસ. એ.) તથા નોન એન. એફ. એસ. એ. બી.પી.એલ. રેશનકાર્ડધારકોને નકકી કરેલા દિવસો દરમિયાન કુટુંબના રેશનકાર્ડનો છેલ્લા આંક પ્રમાણે અનાજનું વિતરણ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં છેલ્લા આંકડાનો નંબર-૧ અને ૨ હોય તો તેમને તા.૨૫/૦૪/૨૦૨૦, નંબર-૩ અને ૪ હોય તેઓએ તા.૨૬/૦૪/૨૦૨૦, નંબર-૫ અને ૬ હોય તેઓએ તા.૨૭/૦૪/૨૦૨૦, નંબર-૭ અને ૮ હોય તેઓએ તા.૨૮/૦૪/૨૦૨૦ અને નંબર-૯ અને ૦ હોય તો તેઓને તા.૨૯/૦૪/૨૦૨૦ ના રોજ અનાજ વિતરણ કરાશે. અનિવાર્ય સંજાગોના કારણે કોઇ લાભાર્થી ઉપરોકત સમયગાળામાં અનાજ લેવા આવી શકયા ન હોય તેવા એન. એફ. એસ.એ./ નોન એન. એફ. એસ.એ. બી. પી. એલ. રેશનકાર્ડ ધારકોને જ તા.૩૦/૦૪/૨૦૨૦ ના રોજ અનાજનું વિતરણ કરવાનું રહેશે. જથ્થો મેળવતાં સમયે કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવવા સારું સોશ્યલ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમ જિલ્લા પુરવઠા અધિકારી, નવસારીની યાદીમાં જણાવાયું છે.

કોવિડ-૧૯ હોસ્પિટલમાં રૂપિયા ૬ કરોડના ખર્ચે અધ્યતન લોન્ડ્રી વ્યવસ્થા ઊભી કરાઈ

અમદાવાદ

રાજ્ય સરકાર દ્વારા કોરોનાના સંક્રમિત દર્દીઓ માટેની ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં દર્દીઓ તથા સ્ટાફ નાકપડાં- ચાદર વગેરે સ્ટરિલાઇઝ કરાય છે. કોરોનાના દર્દીઓનાકપડાં કોરોના વાયરસથી સંક્રમિત હોવાથી તેને ફેંકી દેવા પડે અથવા તો તેનો બાળીને નિકાલ કરવો પડે.જો ફેંકી દેવામાં આવે તો તે જે જગ્યાએ જાય ત્યાં કોરોનાના સંક્રમણનું જોખમ ફેલાય અને જો રોજેરોજ બાળી નાખવામાં આવે તો રોજે-રોજ કેટલા નવાકપડાં લાવવા તે પ્રશ્ન રહે છે.આ સમસ્યાના નિવારણ માટે ૧૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં રૂ. ૬ કરોડના ખર્ચે કોરોનાના દર્દીઓના કપડાં, ટોવેલ, બ્લેન્કેટ તથા મેડિકલ-પેરામેડિકલ સ્ટાફનાકપડાં વોશીંગ કરવા તથા સ્ટરિલાઈઝેશનની અદ્યતન સુવિધા ઉભી કરવામાં આવી છે. એક કરોડના એક એવા ચાર સ્ટરિલાઈઝેશન મશીન લગાવવામાં આવ્યા છે. હોસ્પિટલના ડોક્ટર અગ્રવાલ જણાવ્યું હતું કે.આ મશીનમાં ૧૨૧ ડિગ્રીના ઊંચા તાપમાનેકપડાંને ૪૫ મિનિટ સુધી રાખવામાં આવે છે કે જેથી તેમાં એક પણ વાયરસ કે વિષાણુ ન રહે. આ ઉપરાંત આકપડાં ધોવા માટે અલગથી લોન્ડ્રી એરિયા બનાવવામાં આવ્યો છે. જ્યાં વિષાણુ નાશક કેમિકલના સંયોજનવાળા પાણીથી કપડાં ધોવામાં આવેછે. એક મશીન એક વખતમાં૭૫ નંગ કપડાંનોસમાવેશ કરી શકેતેવુંછે. આવા મશીન દ્વારા ૧૨૧ ડિગ્રી તાપમાનને ૪૫ મિનિટની એક એવી દરરોજ ૨૦ સાઇકલ ચલાવીને દરરોજ ૧,૦૦૦થી વધુ કપડાંને સ્ટરિલાઈઝ્ડ કરવામાં આવે છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

નર્મદામાં જાહેરનામામાં સમયની કોઈજ સ્પષ્ટતા ન હોવાના કારણે શહેરની દુકાનો બંધ રહી,વેપારીઓ મુંઝવણમાં મુકાયા

નાના વેપાર શરૂ કરવા સરકારનું જાહેરનામું પરંતુ પ્રથમ દિવસે જ રાજપીપળાની મોટાભાગની દુકાનો બંધ રહી



જાહેરનામામાં કોઈ સમયની સ્પષ્ટતા ના હોવાના કારણે શહેરના વેપારીઓ ગૂંચવાયા

નર્મદા કલેક્ટરે નિયમ મુજબની દુકાનો આખો દિવસ ખુલ્લી રાખવા કહ્યું જ્યારે પ્રાંત બપોર સુધીનો જ રાગ આલપતા બંનેની વાતમાં વિરોધાભાસ થી વેપારીઓ હેરાન

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કેન્દ્રસરકાર અને રાજયસરકાર દ્વારા નાના વેપારીઓને આપેલ છૂટછાટ બાબતે નર્મદા જિલ્લામાં મોટા ભાગના વેપારીઓ એ દુકાન ખોલી ન હતી જોકે નર્મદા કલેક્ટર મનોજ કોઠારી એ રવિવારે સવારે જાહેરનામું બહાર પાડતા વેપારીઓ પ્રાંત માં સમય માટે દોડ્યા પરંતુ અમૂકજ કલાક દુકાન ખોલવા ની માહિતી મળતા વેપારીઓ ગૂંચવાયા હતા.

માટે અમારા પ્રતિનિધિ નિયમ મુજબની દુકાન કેટલા વાગ્યા સુધી ચાલુ રાખી શકાય...?જાહેરનામા માં તેનો કોઈ ઉલ્લેખ નથી તેમ નર્મદા કલેક્ટર પૂછતાં કલેક્ટરે આખો દિવસ ખુલ્લી રખાશે તેમ જણાવ્યું જ્યારે પ્રાંત અધિકારી ભગતે વેપારીઓ ને બપોર સુધી નો જ સમય બતાવતા બંને અધિકારીઓની વાત માં વિરોધાભાસ જોવા મળ્યો હતો.

નાના વેપારીઓને રોજગાર મળે અને દેશના અર્થતંત્રને આંશિક વેગ મળે તે હેતુથી જ્યારે દેશના ગૃહ વિભાગ તરફથી જાહેરનામું બહાર પાડી શરતોને આધીન કેટલાક વ્યવસાયો બંધ રાખવાની સાથે નાના વેપારીઓ ને દુકાનો ખોલવા અંગે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જે સંદર્ભે ગતરોજ ગુજરાત સરકાર દ્વારા પણ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આગેવાની માં બેઠક કરી નાના વેપારો ખોલવા અંગે જાહેરાત કરી હતી છતાં નર્મદા વહીવટી તંત્રની બેતરફી વાત સામે આવતા વેપારીઓ ગૂંચવાયા હતા.

નર્મદા જિલ્લા તંત્ર દ્વારા આ અંગે શનિવારે કોઈ સચોટ માર્ગદર્શન ન મળતા રવિવારે સવારથીજ રાજપીપળા ના બજારો માં વેપારીઓ અસમંજસ માં મુકાયા હતા પરંતુ સવારે જાહેરનામુ બહાર પડ્યા મુજબ શરતો ને આધીન દુકાનો ખોલવા અંગે સ્પષ્ટતા કરાઈ હતી પરંતુ સમય બાબતે કોઈજ સ્પષ્ટતા ન હતી.

ત્યારે આ બાબતે નાયબ પોલીસ અધિક્ષક નર્મદા રાજેશ પરમાર સાથે વાત કરતા તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે સરકારના આદેશ મુજબ દુકાનો ખોલવા દેવામાં આવી છે પરંતુ વેપારીઓએ જાહેરનામા ના નિયમોનું પાલન કરવાનું રહેશે જેમાં દુકાન બહાર ડિસ્ટન્સ જાળવવા સર્કલ કરવા, સેનેટાઈઝર ઉપયોગ કરવો, હેન્ડગ્લોવ્ઝ નો ઉપયોગ કરવો વિગેરે નિયમોનું પાલન કરવાનું રહેશે જો કોઈ કાયદાનો ભંગ કરતું જણાશે તો પોલીસ કાયદેસર ની કાર્યવાહી કરશે.

નર્મદા પોલીસે અપનાવ્યો નવો અભિગમ ડ્રોન દ્વારા સર્વેલન્સ કરી નદી અને ખાડી કિનારે ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓનો નાશ

લોકડાઉન દરમિયાન નર્મદા પોલીસ નું સઘન ચેકીંગ નર્મદા એલ.સી.બી એ ડ્રોન તેમજ સર્વેલન્સ દ્વારા દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર કાર્યવાહી

રામગઢ ખાતે દારૂની ભઠ્ઠી હોવાનું એલ.સી.બી ને ધ્યાને આવતા બોટ મારફતે પોલીસે ત્યાં પોહચી દારૂની ભઠ્ઠી નો નાશ કર્યો હતો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હાલ કોરોનાને લઈ દેશ માં લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે ગુજરાત રાજ્યમાં પણ લોકડાઉન નો અમલ કરાવવા પોલીસ સતર્ક બની છે રાજ્યમાં દેશી વિદેશી દારૂ ની પ્રવૃત્તિ કરનાર તેમજ લોકડાઉન અનુસંધાને જાહેરનામાનો ભંગ કરતા વ્યક્તિઓ ઉપર વધુમાં વધુ કેસ કરવા નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશન ની પ્રવૃત્તિ કરતા વ્યક્તિઓની ડ્રોન સર્વેલન્સ દ્વારા વોચ રાખી કેસો કરવા જણાવતાં નર્મદા જિલ્લા એલસીબી દ્વારા ડ્રોન સર્વેલન્સ ની મદદથી ભદામ ગામમાં દેશી દારૂની ભઠ્ઠી,ઉપરાંત નવાગામ રામગઢ ખાતે દેશી દારૂની ભઠ્ઠી નો કેસ કરવામાં આવ્યો છે તેમજ સુંદરપુરા ગામે તાળી નો કેસ કરી કુલ ત્રણ કેસોના આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જેમાં રામગઢ ખાતે દારૂની ભઠ્ઠી હોવાનું એલ.સી.બી ને ધ્યાને આવતા બોટ મારફતે પોલીસે ત્યાં પોહચી દારૂની ભઠ્ઠી નો નાશ કર્યો હતો

ત્યારબાદ ગતરોજ નાંદોદ તાલુકામાં તારોપા ગામ પાસે ખાડીના કોતર માં આવેલ બે દારૂની ભઠ્ઠીઓ ડ્રોન ની મદદથી શોધી મુદ્દામાલ ઝડપી નર્મદા લોકલ ક્રાઈમ બ્રાન્ચે તેનો નાશ કરી બે આરોપીઓ વિરુદ્ધ કાયદેર ફરિયાદ કરી વધુ તપાસ હાથ ધરી છે

આ બાબતે નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ એ જણાવ્યું હતું કે પ્રોહીબિશન ના ગુનાઓ શોધવા માટે નર્મદા પોલીસે નવો અભિગમ અપનાવ્યો છે જેમાં ડ્રોન સર્વેલન્સ દ્વારા કરજણ અને નર્મદા નદી કિનારે આવેલ દારૂની ભઠ્ઠીઓ શોધી કાયદેસર કાર્યવાહી કરાઈ રહી છે.

નર્મદાના જાવલી ગામની આગની દુર્ઘટનાના અસરગ્રસ્ત પરિવારોને રૂા. ૪.૮૮ લાખ ની સહાય ચુકવાઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના જાવલી ગામે તા. ૨૫ મી એપ્રિલના રોજ આકસ્મિક આગ લાગવાની દુર્ઘટનામાં વસાવા રામાભાઈ કોથાભાઈ, વલવી મોંગીબેન લક્ષ્મણભાઈ, વલવી ભીમસિંગભાઈ બટેસિંગભાઈ, વલવી મંગેશકુમાર ભીમસિંગભાઈ અને વસાવા સુરેશભાઈ ગેબુભાઈના રહેણાંક ઘરો સંપૂર્ણપણે નાશ પામેલ છે, જે અન્વયે આ અસરગ્રસ્ત પાંચેય પરિવારોને આજે સરકાર તરફથી કાચા મકાનની સહાય પેટે રૂા. ૩,૮૩,૬૦૦/- ની, ઘરવખરી સહાય તથા કપડા સહાય પેટે રૂા. ૧૫,૨૦૦/- ની અને પશુ હાનિ સહાય પેટે રૂા. ૯૦,૦૦૦/-સહિત કુલ રૂા. ૪,૮૮,૮૦૦/- ની સહાય ચૂકવવામાં આવી છે.

દેડીયાપાડાના ધારાસભ્ય મહેશભાઈ વસાવા,જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન એમનાબેન વલવી, સાગબારા તાલુકા પંચાયતના પ્રમુખ ઓલીબેન વસાવા, પૂર્વ ધારાસભ્ય મોતીસિંહ વસાવા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને જિલ્લા પંચાયતના સભ્ય મંજીભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શંકરભાઈ વસાવા, ઈન્ચાર્જ તાલુકા મામલતદાર રાજેશભાઈ વસાવા, સાગબારા તાલુકા વિકાસ અધિકારી કનૈયાલાલ વસાવા, જાવલી ગામના સરપંચ સુરેશભાઈ વસાવા વગેરેની ઉપસ્થિતિમાં આ અસરગ્રસ્તોને સહાયના ચેકો આપવામાં આવ્યા હતા.

રાજપીપળા સિવિલમાં લવાયેલી આઠ વર્ષની બાળકીને માત્ર કબજિયાત જેવી મામુલી સારવાર માટે પણ ધક્કે ચઢાવાઈ..?!

કોરોના વાયરસ ની દહેશત વચ્ચે વાહન વ્યવહાર બંધ હોય તેવા સમયે ડેડીયાપાડા ના આદિવાસી પરિવારને રાજપીપળા સિવિલમાં કડવો અનુભવ થયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા




હાલ કોરોના મહામારી ના કારણે લોકડાઉન હોય વાહન વ્યવહાર બંધ છે તેવા સમયે રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં ડેડીયાપાડા થી નાની બાળકી ની સારવાર માટે આવેલા એક આદિવાસી પરિવાર ને ધક્કે ચઢાવ્યા હોવાની વિગતો જાણવા મળી છે.

ડેડીયાપાડા ના અંતરિયાળ ગામના સંજનાબેન પ્રેમસિંહ વસાવા નામની આઠ વર્ષ ની બાળકી ને છેલ્લા પાંચ દિવસ થી કબજીયાત ની તકલીફ હોય તેના માતા-પિતા તેને રાજપીપળા સિવિલ હોસ્પિટલ મા લઈ આવ્યા હતાં. પરંતુ રાજપીપળા સિવિલ હોસ્પિટલ માંથી ડોક્ટર નથી તેવું ગાણું ગાવામાં આવ્યું ત્યારબાદ વડોદરાની સયાજી હોસ્પીટલ મા લઈ જવા જણાવી દેતા આ ગરીબ આદિવાસી અને અભણ પરિવાર ની હાલત કફોડી બની હતી. કારણ કે તેઓ મજુરીયાત વર્ગ ના હોય અને મુળ ડેડીયાપાડા ના અંતરીયાળ ગામડા ના હોઈ ગુજરાતી ભાષામા વાત કરતા સુદ્ધાં આવડતી ન હતી અને પૈસા પણ ન હોય ત્યારે વડોદરા કેવી રીતે જઈ શકે..?!

સિવિલ પર ભરોસો મૂકી આવેલું આ પરિવાર રાજપીપળા ના સ્ટેશન રોડ ઉપર એક ખુણા માં બાળકી ને લઈ ને રડી રહ્યું હતું ત્યારે વહાબ શેખ નામના સેવાભાવી ની નજર પડતા તેમની પૂછપરછ કરતાં સિવિલનો આ મામલો પ્રકાશ મા આવ્યો હતો.ત્યાર બાદ નજીક ની એક ખાનગી હોસ્પીટલ મા બાળકી ને લઈ જતા સારવાર મળી હતી પરંતુ તે પણ પુરતી ન હોવાથી આખરે બાળકીના માતાપિતા નિરાશ થઈ ભગવાન પર ભરોસો મૂકી ચાલ્યા ગયા હતા

જાણવા મળ્યા મુજબ આ ઘટના બે દિવસ પહેલા રાત્રે નવ વાગે બની જેમાં રાજપીપળા સિવિલમાં બાળકીને દાખલ કરી બીજા દિવસે સવારે ડોક્ટર નથી કહી ટ્રીટમેન્ટ કર્યા વગર રજા આપી દીધી હતી અને આખી રાત રાખ્યા બાદ જણાવ્યું કે ડોક્ટર નથી એને વડોદરા લઈ જાવ જોકે આ બાળકીને કબજિયાત સિવાય અન્ય કોઈજ તકલીફ ન હતી છતાં સારવાર ન મળી તો શુ ઇમરજન્સી વિભાગમાં કોઈજ ડોક્ટર હાજર ન હતા...?! આ ઘટના બાદ નર્મદા ની વડી રાજપીપળા સિવિલની કામગીરી પર અનેક સવાલ ઉઠી રહ્યા છે.

કોરોના અપડેટ : નર્મદા જિલ્લામાં રવિવારે વધુ નવો કોઈ પોઝિટીવ કેસ નોંધાયો નથી : ૬ સેમ્પલના રિપોર્ટ નેગેટીવ આવ્યા



*(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : **COVID-19** મહામારીમાં નર્મદા જિલ્લા માં આરોગ્ય વિભાગ દ્વારા મળેલી માહિતી મુજબ રવિવારે સાંજે કોરોનાનો નવો વધુ કોઈ પોઝિટીવ કેસ નોંધાયો નથી. જિલ્લામાં નોંધાયેલા કુલ ૧૨ પોઝિટીવ કેસ પૈકી રવિવારે ૧૧ દરદીઓ સારવાર હેઠળ છે, જ્યારે ગઈકાલે એક દરદીને સાજા થતા અંકલેશ્વરની જયાબેન મોદી (કોવીડ) હોસ્પિટલ ખાતેથી રજા આપવામાં આવી હતી.તેમજ રવિવારે ૬ સેમ્પલના રિપોર્ટ નેગેટીવ આવ્યા હોવાની જાણકારી મળી છે.*



કિમ બજારમાં લોકડાઉન હોવા છતાં એક બાઈક પર બે મનાઈ હોવાથી ઉલ્લેઘન તથા કીમ પોલીસે ૩૦ જેટલી બાઈક ડિટેન કરી મેમો આપવામાં આવ્યો હતો.

કાળા બજારને લઈને સીબીઆઈ તપાસ કરવાની કરી માગ

ગરીબો સુધી સરકારી અનાજ પહોંચ્યુ જ નથીઃ વડાપ્રધાન મોદીના ભાઈનો આક્ષેપ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર તુટી પડ્યો છે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં કોરોનાએ તબાહી મચાવી છે. ત્યારે રાજ્ય સરકારે એનએફએસએ હેઠળ આવતા, બીપીએલ કાર્ડ ધારકો અને એપીએલ કાર્ડ ધારકોને પણ મફત અનાજ આપવાની જાહેરાત કરી હતી અને આ અંતર્ગત અનાજ વિતરણ કરાયુ હોવાની પણ જાહેરાત કરી હતી પરંતુ વડાપ્રધાન મોદીના ભાઈ અને રેશનિંગ અસોસિએશનના પ્રમુખે સરકાર પર આક્ષેપ લગાવ્યો હતો કે ગરીબો સુધી અનાજ પહોંચ્યુ જ નથી.

સસ્તા અનાજની દુકાનમાં હડતાળ સમેટાઇ ગઇ છે. હડતાળ સમેટીને રેશનિંગ દુકાનદારોએ અનાજ વિતરણ શરૂ કર્યું છે. રેશનિંગ એસોસિયેશનના પ્રમુખ પ્રહલાદ મોદીના અધિકારીઓ પર આક્ષેપ કર્યા છે.

અનાજના કાળા બજારનો આક્ષેપ લગાવ્યો છે. લાખો લોકોને અનાજ પહોંચાડ્યું હોવાના સરકારના દાવા ખોટા હોવાનું જણાવી રહ્યાં છે. કાળા બજારને લઈને સીબીઆઇ તપાસ કરવાની માગ કરી છે. પોતાની પાસે મજબૂત પુરાવાઓ હોવાનો દાવો કર્યો છે. ગરીબ પરિવારને અનાજ પહોંચાડવાની પણ વાત કરી છે. કેન્દ્ર સરકારે બીપીએલ કાર્ડ ધારકો અને એનએસએફએ હેઠળ આવતા તમામ લોકોને રાશન મફત આપવાની જાહેરાત કરી હતી. રાજ્ય સરકારે પણ જાહેરાત કરી હતી કે, બીપીએલ જ નહીં પણ એપીએલ કાર્ડધારકોને પણ ફીમાં અનાજ આપવાની જાહેરાત કરી હતી.